(સચિત્ર) સરોવરની સુન્દરી. (સચિત્ર)



વે ચારી ડીટેકટીવ ભાનુ, મરયુને સમઝાવે છે છતા મરયુ તેને તાબે થતી
જુઓ પાનુ ૮૩

છપાય છે — **અભાગીની લક્ષ્મી** .—

એક

આર્ય બાળવિધવા

કેવી ભયંકર દુર્દશા થાય છે, તથા સમાજના નવના અનાચારને પથે ઉતરે છે, એનુ હૃદય આંસુની રેલ રેલાવશે સાથે એક લખ ...ણુ હૃદયોને પણ જરૂર પિગળાવશે



હિન્દુ સમાજમા વિધવા ... એ અણુઘટતા તિરસ્કાર કેટલી ... ધ્રાસ્ક રણુન તમારી આંખોમા ... પતિના પુનનો કરુણ ક્રંદન—...



હા હરિલાલ ...વણટ

"પણ શુ કરુ ? લાચાર છુ ... કરી શકતો નથી, જાહેરમા વિધવા સાથે 'લક્ષ્મી' ... કરી શકતો નથી"

ફક્ત છ આનાની ટીકીટ બીડો

—ૐ—

શ્રી સરસ્વત્યૈ નમઃ

સરોવરની સુન્દરી

—ઃવાઃ—

'ગુલાબનું ફૂલ.'

(ભાગ બીજો)

(એક કાલ્પનિક ડિટેક્ટીવ નવલકથા)

"પુષ્પ" તે

(રાવ ભરથરી, રંગમાં ભંગ, વીણા-વેલી ઇત્યાદિના લેખક)

ઠક્કર હરીલાલ જીવણલાલ બુકસેલર

ટાવર રોડ તારઓફીસની સામે-સુરત

આવૃત્તિ ૧ લી   ઈ. સ. ૧૯૨૫   પ્રત ૨૦૦૦

મૂલ્ય રૂા ૦-૧૨-૦

વિષયાનુક્રમ.

પ્રસ્તાવના.

મ્હારે જે કંઇ કહેવાનું હતું, તે હું આ પુસ્તકના પ્રથમ ભાગમાંજ લખી ગયો છું છૂટા છવાયા હૃદયના બેએક બાકીના અને બેએક નવીન સ્ફુરેલા ઉદ્‌ગારો ! આમાં તો માત્ર જણાવીશ

દેવી સરસ્વતીને ક કે મ્હારી આ અગીઆરમી પુષ્પ-માળા ! પ્રથમ દશ પુષ્પ-માળા જેટલા પરિમલ ! સૌન્દર્ય અને માધુર્ય એમાં છે કે નહિ ? એનો નિર્ણય આપને સોંપું છું પરન્તુ એટલું તો ખરૂં ! કે દિન દિન પ્રત્યેક લેખકની લેખીની મ્હોટે ભાગે સુધરતી જાય છે ! જેમ બાળક ! મ્હોટું થતાં ! બુદ્ધિમાં ને વયમાં વધતાં ! બોલવે, ચાલવે, અને ખાવે પિવે કંઇક સમજણું થતું જાય છે

ડિટેકટીવ નવલકથાની ગણત્રી સાહિત્યમાં ભલે હોય ! કે ન હોય ! (ન હોય ! તો તે શા માટે ? એ ઇશ્વર જાણે !) પરન્તુ આવી નવલકથાઓ ગુર્જર-સાહિત્યના ગૌરવમાં હીણપ તો નથીજ લગાડતી, એ તો ચોક્કસ પણ ભલે ! સાહિત્યકારો એમ માને ! કે આ પ્રકારની નવલકથાઓ સાહિ-ત્યના ક્ષેત્રમાં કશી સુન્દર વૃદ્ધિ નથી કરી શકતી ! પ્રત્યેકના અભિપ્રાય ને માન્યતા પ્રત્યેકને મુબારક ! સાહિત્યનું ક્ષેત્ર ખેડવા સર્વ સાહિત્યકારો સ્વતંત્ર !

આ પ્રકારની નવલકથાને ડિટેકટીવ નવલકથા કહેવી કે કેમ ! એ પણ મ્હારે માટે તો એક ગંભીર પ્રશ્ન છે નામ અને માહે આલેખાયલું કામ જોતાં કોઇ એને ડિ નવલકથા નજ કહે હું યે નથી કહેતો ખરૂં જોતાં એક કાલ્પનિક અને સર્વ સાધારણ સામાજીક કથા છે છતાં સૌને આને ઉપર ડિટેકટીવ શબ્દ લખેલો જોઇએ છે તો આમાં તે પણ છે.

જનસમાજ મ્હારી આગળની કૃતિઓની માફક આ કૃતિને પણ ઉત્સાહપૂર્વક વધાવી લેશે, તો ઈશ્વરકૃપાએ હું આથીયે સંગીન કૃતિઓ વાચક સમક્ષ ધરવા શકિતમાન થઇશ

પ્રભો ! મ્હારી એ શુભાભિલાષા પાર પાડે ! એજ પ્રાર્થના

સંવત્ ૧૯૯૧
—શ્રાવણ—
શ્રી કૃષ્ણજયન્તિ-જન્માષ્ટમી

ભવદીય-સાહિત્યસેવક,
ગમનલાલ હીરાલાલ બદામી "પુષ્પ."
વાડીફળીઆ પંજથીઆ શેરી—સુરત

શ્રી

"સમર્પણ."

વડીલતુલ્ય વંદનીય —

રા. રા. ચુનીલાલ ભાઈદાસ ભંડારી.

સુરત

આપનો મ્હારા તરફનો અવર્ણનીય પ્રેમ !

સમયો સમયની યોગ્ય સલાહ ! અને સહાનુભૂતિ !

અકલ્પિત ઉત્તેજન ! તથા લીધેલ અનન્ય સતત્ પરિશ્રમ !

માયા મમતા તેમજ નિસ્વાર્થતા !

આટઆટલા આભારોથી દબાયલો ! અને તમો પ્રતિ અનેરી રીતેજ આકર્ષાયલો એવો હું આ એક અલ્પકૃતિ મ્હારી ન્હાનકડી

"પવિત્ર ચાહ"

તમારા ચરણોમા ધરી આજે કાંઇકાંશે કૃતકૃત્ય થાઉં છું, અને સદા સર્વદા તમારા સ્નેહ ! સહાનુભૂતિ ! અને સુસલાહનીજ આશા રાખું છું

સમર્પનાર તમારો —

નમ્ર વિનીત બાલક "ગમન"

સરોવરની સુન્દરી

—વા—

“ગુલાબનું ફૂલ.”

(ભાગ બીજો)

પુષ્પ:—૧લું.

“સાહસ અને પસ્તાવો!”

વિચારો દ્વિજની નારી નકામો નોળને મારી,
પછી પસ્તાઇને રોઇ નહી સાહસ કરો કોઇ

* * *

રે! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમા ડૂબકી દઇને પુણ્યશાળી બને છે

કલાપી



“આહ! ગઇ! એ ગઇ! સરોજ ગઇ!” બહાદુર બ્હારવટીઆ ગુલાબસિંહના મુખમાથી આટલાજ શબ્દો બહાર પડી ગયા

મધ્યરાત્રિની ભયાનક શાન્તિમા સરિતાના ગભીર જળમા એક જબરજસ્ત ધબાકો થયો.

નિ:કલંકીત સરોજ ! સરોવરની સુન્દરી ! પતિની આંખમાં કલંકીની ઠરતા અગાઉ પોતાની નિર્દોષતાની પ્રતીતી દેવા એ પ્રભુના દરબારમાં પ્હોંચી ગઇ ગુલાબસિંહ એ તણાતી દેહીને ફાટી આંખે જોઇ રહ્યો તેની આંખોમાંથી અવિરામ અશ્રુપ્રવાહ વહી રહ્યો હતો શંકાનો કીડો મગજમાંથી નીકળી જતાં તેને જગત આખું અંધકારમય ભાસતું હતું સરોજના આ અણધાર્યા સાહસે તેનું પાગલ હૃદય કોઇ પણ જાતના એક દ્રઢ વિચાર વિના ઘૂમી રહ્યું હતું

"સરોજ ! સ્વર્ગીય દેવી ! મ્હને માફ કરજે હું આંધળો ત્હારા પવિત્ર અને નિર્દોષ ચારિત્ર્યમાં શંકા કરતાં જરૂર ભૂલ્યો છું ત્હારા આટલા અને આવા વિશાળ દયાળુ દીલને જાણવા હું ખરેખર અશક્તિમાન નિવડયો હાય ! ત્હારી એ બાળકી સરયુ ! 'બા કયાં ગઇ ?" પૂછશે, ત્યારે હું તેને શો જવાબ દઇશ ?

શંકીત-હૃદયના માનવો કરતા ન કાંઇ વિચારતા,
સાહસ કર્યા પૂઠે નયનમાં શીદ આંસુ સારતા ?
હૈયાફુટા ! નિર્દય જીવો ! પ્હેલા દયાને ત્યાગતા,
હીરો ગુમાવી હાથથી પાછો પછીથી માગતા

ખરેખર !

જીવતા ન જેના સદ્‌ગુણો દુનિયાથી સમજાય છે
તેનીજ મૂવે ખોટ ઘરમાં કેટલી ? સમજાય છે
ઢોળાયલા દૂધની ઉપર અફસોસ ! હાય ! કરાય છે,
રાંડયા પછી દુનિયા ! બધાને કેમ ડાં'પણ થાય છે ?

હું જ મૂર્ખ, કે મ્હેં તેનું કહ્યું ન માન્યું .

• આંસુ ભરેલી આંખ! કરુણાલાપથી હૈયું ભર્યું,
તેં જોઇ પણ નહિ હાય! પત્થરનું હૃદય આ પીગળ્યું
નિર્દોષતાની ખાતરી નિર્દય હૃદયને થઇ નહિ,
એ પાપીણી શંકા! પ્રભુ! મ્હારા હૃદયથી ગઇ નહિ

નક્કી મ્હારૂં પવિત્ર હૃદય પલટાઇ ગયું, અને તેનેજ લઇને આ વિમાસવાનું થયું ક્ષમા કર! ક્ષમા કર! ઓ દેવી! જો હું ભૂલ્યો હોઉં! તો જીંદગીમાં આ પ્હેલીજ વાર! અને તેને માટે મ્હને ત્હારા સદાના વિયોગની ભયંકર શિક્ષા પણ થઈ ગઇ છે છતાં પણ એ ભૂલને માટે ઓ દયાળુ દેવી! ત્હારી અને એ દયાળુ પ્રભુની એકસરખી અંત કરણથી માફી ચાહું છું અરેરે! આ અભાગીએ તને મહજ અન્યાય આપ્યો છે

ભયંકર ભૂલ છે મ્હારી ત્હને અન્યાય આપ્યો છે,
સતી! અંતરધ્વનીને મ્હેં અભાગીએ ઉથાપ્યો છે
અહા! કુદરતતણી શિક્ષા જીવનભર યાદ આ રે'શે,
હવેથી જીંદગીમા "જોઇને ચાલો" સદા કે'શે

અફસોસ! મ્હેં શું કર્યું?

સાહસ અવિચારી બની! જે માનવીથી કરાય છે,
તેની દશા પાછળ પછી મ્હારી પ્રમાણે થાય છે
આંખો વિષેથી આંસુની ધારા ફ્હની ઉભરાય છે,
"અવિચારી પગલું કયાં ભર્યું?" કહી બાપડા પસ્તાય છે

સમય અને શક્તિ ઉપર પ્રથમ વિચારો ખૂબ!
તે પછી સાહસ ખેડવા! માનવ! પગલું મૂક"

પત્નીના અપમાનના કારી ઘાએ પીડાતો પવિત્ર બ્હારવટીઓ પ્રભુને નમ્યો નીચે વહેતી સરિતાના પ્રવાહ પ્રતિ તેણે એક નજર નાખી થોડી વાર જોઇ રહ્યા પછી પુન તે બોલ્યો

"હૃદયનો તાપ એમને એમ હોલવાય ! એમ નથી લાગતુ હા સામળો ! એજ ! એજ સાદ ! મધુરો કંઠ મ્હારી સરોજ મ્હને પોતાની પાસે બોલાવે છે ચાલ

જગતમા જીવ જે જન્મ્યા બધા તે ચાલનાના છે,
કરેલા કર્મના સહુને હિસાબો આલનાના છે
અગર સ્નેહી ! અગર શત્રુ ! ત્યહા ભેગા થવાના છે,
શુભાશુભ કર્મના કડવા નીઠા ફળ ચાખવાના છે

અને તેમાનો હુયે એક હોઇશ મ્હારે પણ એ પ્રભુને ઘેર ન્યાય થશે હીસાબ પૂછાશે અને તે વખતે

ધર્મી થવાના ખુશ જ્યારે પોક પાપી મૂકશે,
ઉચી ગણાતી ગરદનો પણ એ જગ્યાએ ઝુકશે
જગ ! પૂણ્યવન્તાને ચઢાવી પુષ્પ મગતા પૂજશે,
પણ પાપીના મુડદા ઉપર સૌ થૂ કહીને થૂકશે

અને હુ પણ એ દરબારમા ચુકાદો સાભળીને ચોધાર આસુએ રડી પડીશ

અહા ! નિર્દોષ નારીને અતિ અન્યાય મ્હે આપ્યો,
સખી ઘરમા અભાગીએ બળાગનો ભડકો ચાપ્યો
ગુમાવ્યુ રત્ન મૂર્ખાએ હવે પસ્તાઉ છુ પૂરો,
બનાવ્યો અધ શકાએ ! વીરાઓ ! હુમ છે બૂરો

દેવી ! દેવી ! મ્હારી સરોજ ! મ્હારા હૃદયના ઉભરાઓ હવે હું ક્યાં ? કોની પાસે ઠાલવીશ ? ત્હારા વિના સૂના લાગતા સરોવરને ! ઘરને ! અને સંસારને હું ત્હારી ખોટ શી રીતે પૂરી પાડીશ ? દેવી ! દયા કર !

ભૂલેલા જીવને માટે દયા શિક્ષાજ મ્હોટી છે,
સતી ! સુધારવા માટે ક્ષમા એ શ્રેષ્ઠ સોટી છે

ઉભી રહે ! હું પણ આવું છું

અપરાધી હું ! અરજી દયાની ! ત્હારી પાસે લાવું છું,
ભૂલમાં કરેલી ભૂલને પસ્તાઇ ધોવા આવું છું.
સાહસ અવિચાર્યું અરેરે ! હાય ! કરતાં થઈ ગયું,
સુરદાસ તુલસીદાસને પણ ભાન પાછળથી થયું,

તો પછી હું પણ તેવોજ એક પામર મનુષ્ય છું

ઉભી રે' સ્વર્ગમાં દેવી ! હવે તુજ પાસ આવું છું,
જગતના જીવને છેલ્લો હૃદય–સંદેશ કહું છું

નહિ જો હોય પસ્તાવું વિચારીને કદમ ભરજો,
કદી શકીત-હૃદય ! સાહસ અવિચાર્યું નહિ કરજો "

ગુનામસિદ્ધ પસ્તાયો વગર વિચાર્યું સાહસ એટલેજ પસ્તાવાનું પગથીઉ

ગુનામસિદ્ધ આ છેવટના શબ્દો બોલી સરોજનો આઘાત ન સહન થવાથી પાગલ બની સરિતાના ગંભીર જળમાં પ્રિયાની પૂઠે પડવા નીચો નમ્યો ! એકજ પળ ! અને એક ચમત્કાર બન્યો સાહસ કરવા તત્પર બનેલા લૂટારૂને પાછળથી કોઇએ પકડી લીધો

પુષ્પઃ—રજું

" સેવકધર્મ ! "

ચઢતી ઉપર ચાળીસને પડતી ઉપર એકે નહિ,
સંસારમાં શ્રીહીનને કોઈ કદી દેખે નહિ
સંકટ વિષે સ્વાર્થી સગાઓની પરીક્ષા થાય છે
આપત્તીકાળે આપણું છે કોણ? તે સમજાય છે



બીજું માનો કે ન માનો એ તમારી મુન્સફી ઉપર છે, પરંતુ એટલું તો અવશ્ય જાણજો કે પ્રભુ કોઇનો ગયો નથી, જતો નથી અને જવાનો પણ નથી એ સર્વવ્યાપી **વિશ્વેશ્વર** **સદાસર્વદા** સંકટમાં સપડાયલા સજ્જનોને દુર્જનોના હાથમાંથી બચાવી લે છે

દુર્જનોને મારવા ને સજ્જનોને તારવા,
અવતાર લે છે **શ્રીહરી** ! નિજ ભકતને ઉદ્ધારવા

પરન્તુ તે કયારે? કયાં? અને કયે સ્વરૂપે આવશે! તેની ખબર નથી રહેતી!

બદમાશ ડિટેકટીવ **ભાનુના** દગાનો—ધકકાનો ભોગ થએલ **વીરો** પર્વતની ઉંચી ખીણ ઉપરથી (પગ લપસી જવાથી) નીચે પડયો. પોતાનો અંતિમ કાળ તેણે પાસેજ જોયો પરન્તુ વિધાતાએ તેનું

• આયુષ્ય હજુ બાકી રાખ્યુ હતુ, જેને લઇને તે પણ ભયંકર આફતમાંથી વગર ઇજાએ ઉગરી ગયો એ ઈશ્વરકૃપા નહિ તો બીજુ શુ?

જે રસ્તે વીરો પડી ગયો, તેજ રસ્તે એ પહાડી ભૂમિમા અધવચ્ચે એક વૃક્ષ ઉગેલુ હતુ દૈવયોગે નીચે પડતા વીરાના હાથમા તેની મજબુત ડાળીઓ આવી ગઇ તે પહાડના મધ્ય ભાગે વૃક્ષ શાખા પકડી તેની ઉપર લટકી ગયો

આવી સ્થિતિમા રહ્યાને તેને થોડી વાર થઇ હશે; એટલામા તેની ચકોર આંખોએ નીચે અંધારામાથી કોઇ મનુષ્ય વ્યકતિને પસાર થતી જોઇ મદદને માટે બૂમ મારવા નિશ્ચય કર્યો પરન્તુ પહાડ ઘણોજ ઉચો હોવાથી બૂમ નીચેની વ્યકિત સાભળી શકે એમ ન્હોતુ વીરાના ભેજામા એક નવી યુકિત આ વેળા સુઝી આવી તેણે એક હાથે ઝાડની ડાળી મજબુત પકડી આખા શરીરનો ભાર ટેકવ્યો જીવલેણ સાહસ ખેડતા આ બહાદુરીઆના વીર સેવકે બીજે હાથે કમરપટામાથી પોતાની પિસ્તોલ ખેચી કાઢી નીચે બા'ર કર્યો

ભયંકર અવાજે તે નીચેની વ્યકિતનુ ધ્યાન ખેચ્યુ પોતાની ઉપર બરાબર દ્રષ્ટિ પડે એ માટે વીરાએ ઉપરાઉપરી પિસ્તોલના પાચ બ્હાર કર્યા જેના પ્રકાશમા નીચેની વ્યકિતએ બા'ર કયાથી થાય છે? તે જોઇ લીધુ તે ઉપર દોડી આવી

પહાડની ઉપરની બાજુએથી વીરો થોડોજ નીચે હતો પેલી અજાણી વ્યકિતએ ઉપર આવી પિસ્તોલના બાર કરનારની તપાસ કરવા માડી પરન્તુ તેને કોઇ દેખાયુ નહિ તે પાછા ફરવાની તૈયારીમા હતી, ત્યા તેને વીરાની બૂમ સભળાઇ

"આમ આવો! આમ આવો!"

નવીન વ્યકિત દોડી તેણે ગજવામાંથી એક ચકમકનો પત્થર કાઢી સૂકું ઘાસ સળગાવ્યું પ્રકાશ ચારે બાજુ પડ્યો મુખ ઉપર અજવાળું પડતાજ તે વ્યકિત બોલી ઉઠી

"કોણ ? વીરો ?"

પરન્તુ વીરો હજુ તેને ઓળખી શક્યો ન હતો આવનાર વ્યકિતએ કમરે બાંધેલું એક લાંબુ દોરડું છોડી નાખ્યું દોરડાને એક છેડે પત્થર બાંધી તેણે ઝાડ ઉપર નાખ્યો થોડી વાર આમ પ્રયત્ન કરવા પછી તે સફળ થયો વીરાના હાથમાં દોરડાનો એક છેડો આવ્યો જે તેણે ઝાડની મજબુત ડાળી સાથે બાંધી દીધો ત્યારે બીજો છેડો પેલી નવીન વ્યકતિએ પહાડ ઉપરના એક જબરા પત્થરની આસપાસ લપેટી દીધો

ભડભડાટ બળતા સુકા ઘાસના પ્રકાશના આધારે આધારે દોરડા વાટે વીરો પહાડ ઉપર આવ્યો એજ પ્રકાશમાં તેણે પોતાના મદદકર્તાનું મોઢું જોયું ને બોલી ઉઠયો ' કોણ ? તમે યુ ”

વીરો આગળ ન બોલ્યો પોતે આ સ્થિતિમાં કેવી રીતે આવી પડ્યો ' તે વાત તેણે પોતાના એ બચાવનારને કહી સંભળાવી પ્રત્યુત્તરમાં પેલો બચાવનાર બોલ્યો

" ભા , "

' ચૂપ ! તમે મ્હને વીરાનેજ નામે બોલાવજો ” વીરાએ તે નવીન વ્યક્તિને કોઈક છૂપો ભેદ ઉઘાડો પાડતા અટકાવી

"વાહ ! વીરા ! પેલી આવે ન ી ગાંવી ગી છે, તે તો ત્હે જોઇ છને ?"

" હા ! ”

"હા સાંભળ! હું મ્હારી ઝુંપડીમાંથી કોઇ એક વિચિત્ર વ્યક્તિની પૂંઠે પડ્યો હતો. તેની પાછળ દોડતાં દોડતાં મ્હેં અર્ધરસ્તે એક સ્ત્રી અને પુરૂષ એમ બે વ્યક્તિઓને એ સરિતાની ઉંચે આવેલા પર્વતની ભેખડ ઉપર જતાં જોયાં છે. પરંતુ હું તેમની પાછળ ન ગયો. મ્હારૂં ધ્યાન મ્હારા હાથમાંથી છટકેલી વ્યક્તિ ઉપર હતું. તેની શોધમાંજ હું નીકળ્યો હતો. પરંતુ મ્હને ભલથાપ આપી તે છટકી ગઇ છે. હું એનીજ શોધમાં અહીં ફરતો ફરતો આવ્યો હતો. પરન્તુ એટલામાં અચાનક ત્હારો મેળાપ થયો."

"તેનું માથું ખુલ્લું હતું?" વીરાએ પૂછ્યું.

"હા! તે ઉપરાંત તેનો પોશાક પણ કોઇ રાજ્યના સત્તાધારી સેવક જેવો હતો. વળી કેમ જાણે તે કોઇના હાથમાંથી છુટી ન્હાઠો ન હોય? તેમ જીવ લઇને દોડતો હતો."

'નક્કી ત્યારે તો એજ" વીરો પોકારી ઉઠયો.

"કોણ?"

મ્હને આ દશામાં મુકી ન્હાસી જનાર બદમાશ ડિટેક્ટીવ ભાનુ."

વીરાની કલ્પના સત્ય હતી. પેલી નવીન વ્યક્તિએ પૂછ્યું, "ત્યારે હવે શું વિચાર છે?"

"હું ધારૂં છું કે એની તપાસ મ્હનેજ કરવા દે તો સારૂં! અને તું પેલી ભેખડને રસ્તે જઇ થોડા વખત ઉપર અહીંથી પસાર થનાર એ બે વ્યક્તિઓની તપાસ કર."

બન્ને છૂટા પડયા. પરન્તુ વીરો એ ન સમજી શક્યો, કે એ એક પુરૂષ અને એક સ્ત્રી કોણ હશે? વિચાર કરતો અને શોધતો વીરો પેલી ભેખડવાળી જગ્યાએ આવી પહોંચ્યો. ત્યાં થોડે દૂરથી તેની નજર

જળમા ઝપાપાત કરતી એક વ્યકિત ઉપર પડી જે ગુલાબસિંહ પોતે હતો. વીરાએ દોટ મૂકી, અણીનેજ પ્રસંગે તેને પકડી લીધો.

"કોણ મ્હારા અન્નદાતા? માલીક!" ગુલાબસિંહનું મોઢું જોતાજ વીરો બોલી ઉઠયો.

"હા! તું કોણ વીરો?"

"હા પ્રભુ! આ શું? તમે અત્યારે અહીં કયાથી?"

"એ વાત કરવાનો અત્યારે વખત નથી. વીરા! તું ..."

"કેમ અટકી ગયા? બોલો પ્રભુ! શી આજ્ઞા છે?"

"સરોજે અહીંથી પડી આપઘાત કર્યો છે તું દૂર થા! ખસ.. મ્હને એની પાછળ જવા દે પડવા દે બચાવવા દે."

"નહિ! ધીરજ રાખો! પ્રભુ! આપની સરોજને બચાવવા હું પડું છું તમે જાવ સૂતેલી સરયુની સભાળ રાખો. વીરા ઉપર પુરેપુરો વિશ્વાસ મૂકો! હું સરોજને બચાવી આ આવ્યો."

જોતજોતામા સ્વામીભકત સેવક વીરો! નદીના જળમા કુદી પડયો. એનુ નામ તે **સેવકધર્મ!**

પોતાના પ્રાણુની પરવા ન કરતા સ્વામીના સુખને ખાતર સરિતાના ઉંડા જળમાં મધ્યરાત્રિએ વગર વિચારે ઝંપલાવનાર વીરાને માટે ગુલાબસિંહના મુખમાથી ધન્યવાદના ઉદ્‌ગારો સરી પડયા પળ ભર તે સરોજના આઘાતને પણ ભૂલી ગયો "શાબાશ! સ્વામીભકત સેવક! શાબાશ!"

ધન્ય છે વીરા! તારા સેવક ધર્મને! તારી જનેતાની કૂખને!
પરમેશ આપો પુત્ર તો! આવા ભવોભવ આપજો,
મા ભારતીની કૂખથી આવાજ રત્નો પાકજો

પુષ્પ:–૩જું.

“ એ આંસુભરી યાદ ! ”

પ્રભાત થયુ છતા હજુ વીરો ન આવ્યો તે નજ આવ્યો અધીરો ગુલાબસિહ તેની વાટ જોઇ જોઇને થાકયો તરેહ તરેહના સારા નઠારા વિચાર તેના મગજમા આવવા લાગ્યા આખી રાત્રિમા એક પળ માત્ર પણ તેણે આખો ન્હોતી મીંચી ઉજાગરા અને આસુઓથી તેની આખો લાલ થઇ ગઇ હતી તેનુ ચિત્ત ઠેકાણે ન હતુ તેની નજર શય્યામા સુતેલી સરયુ ઉપર પડી

ફરી પાછી સરોજ સાભરી ! પ્રેમાળ પત્નીની નિર્દોષ અને પવિત્ર છબી દ્રષ્ટિ સમક્ષ ખડી થઈ સ્નેહભીનુ હૃદય રડી પડયુ. તેની આખોમા પાણી ભરાયા સૂતેલી પુત્રીના ગાલે પિતાએ એક પ્રેમાળ મધુર ચુબન કર્યું

સરયુ જાગી ઉઠી પ્રેમાળ પિતાએ પ્રેમથી તેને છાતીએ લગાડી નિર્દોષ કન્યાએ સ્વાભાવિક પ્રશ્ન કર્યો

“બાપૂ ! બા કયા છે? ”

મહા મહેનતે હૃદય ઉપર પત્થર મુકી ગુલાબસિહ બોલ્યો “બહાર ગઇ છે બેટા ! જા તુ નાહી આવ એટલે આવી રહેશે ”

સરયુને સમજાવીને સ્નેહ–સરોવરમા સ્નાનાર્થે મોકલી ખડારવ-ટીઓ એકદમ રડી પડ્યો તેના હૃદયમા એમ સજ્જડ ઠસી ગયુ કે હવે આ જન્મમા તો કદાપી તેની પ્રિય સરોજ તેને પાછી મળનાર નથી તેમજ વીરો પણ એ અગાધ સરિતાના જળમા કદાચ સદાને માટે ન પોઢી ગયો હોય ! ગદ્‌ગદ્ કંઠે તે બોલ્યો

"ઓ દયાળુ ઇશ્વર ! જો મ્હે જન્મભર પવિત્ર વર્તન કીધુ હોય ! જગતની રમણીઓને માતા પુત્રી અને ભગિનીઓની પવિત્ર નજરથી નિહાળી હોય ! તો મ્હારી આટલી ભૂલ તુ માફ કરજે"

હે દયાળુ ઇશ્વર ! હવે તો દયા ત્હારી ચ્હાઉ છુ,
જે ભૂલ કીધી ! તે બદલ ! પૂરેપૂરો પસ્તાઉ છુ
આધાર તુ છે એકલો ! ત્હારૂજ શરણુ સાહુ છુ
વિશ્વાસ રાખો ! દેવતા ! સોગન તમારા ખાઉ છુ

હવે હુ જીંદગીમા નહિ ભૂલુ જોઇ વિચારીનેજ હમ્મેશા પગલુ ભરીશ ! આવુ અવિચારી કામ કદાપી નહિ કરીશ પરન્તુ મ્હારી આટલી નમ્ર અરજ જરૂર ધ્યાનમા ધરજો મ્હારી સરોજ મ્હને પાછી મળે ! એટલુ તો અવશ્ય કરજો

ધોવાઇ જાતા પાપ ! આપોઆપ એ બોલાવશે
અમ પ્રેમ સાચો દેવના સિંહાસનો ડોલાવશે
દેવી ! પતિવ્રતના પ્રભાવે ! પાછી અહીંઆ આવશે,
નહિતો જીગરના આંસુઓ જીતી સતીને લાવશે

અગર તેમ નહિ તો—

વાયુ ! સતીને સ્વર્ગમા સંદેશ મ્હારો કા'વશે,
મોડી અગર વ્હેલી અચળ પ્રીતિ અમારી ફાવશે
સ્વર્ગે સતીને તુ અહા ! પ્રાણેશ્વરી ! શરમાવશે,
ઇશ્વર ! ત્હને નક્કી જગતમા આવવા ફરમાવશે

યોગેન્દ્ર

શ્રી માલવપતિ

સચિત્ર રાજા ભરથરી. સંગીત

સુંદર ભાગ ચિત્રો સાથ હરિગીત છંદમાં.

થાતા પતીત વિચારમાં કામે 'ધનુ'ષ ચઢાવીયુ,
ખેંચી કમાન સુદૃ કુસુમશર પિંગળાને મારીયુ,



આ ... 'શ્રી નવજીવન પુસ્તકાલય'
એકલા માલેક—શા હરીલાલ જીવણલાલ.
...—સુરત

માળવાના ભૂપતીની નાચના નાટક કથા ફક્ત નવ આના ની ટીકીટ બીડી
આજેજ મંગાવો.

. અને પછી તુ મ્હને મળજે આપણે બેઉ સસારમા સ્નેહ સપર્થી સ્વર્ગ ઉતારશુ

અરે! પણ આ શુ ? હુ આ બધુ ગાડાના માફક શુ લવ્યો જાઉ છુ હા હા હા હા ખરેખર સરોજ! સરોજ! ત્હારા આઘાતે હુ પાગલ બની ગયો છુ તુ મ્હને બોલાવે છે ? ઉભી રહે આ આવ્યો ”

પ્રિયાના શોકમા દિવાના બનેલા ગુલાબસિંહે શય્યા નીચેથી ભરેલી પિસ્તોલ હાથમા ઉપાડી આપઘાત કરી મરવાના વિચારે તે પોતાની છાતી સ્હામે ઉંધી ધરી

પરન્તુ એટલામાજ ત્યા વીરો આવી પહોચ્યો “હા! હા! . પ્રભુ! આ શુ ?” કે'તાજ એક ઝપટ મારી તેણે પિસ્તોલ ખુચવી લીધી ગુલાબસિહની નજર વીરા ઉપર પડતાજ પાછો તે હોશમા આવ્યો તેણે વીરા સ્હામુ ટગર ટગર જોયુ

જ્યારે વીરાની આખોમા પાણી હતા ટાટીયા ધીરા ઉપડતા હતા. મોઢા ઉપર નૂરનુ નામ ન્હોતુ

ગુલાબસિહ તેના મુખ ઉપરથીજ “શુ બન્યુ છે ?' તે પામી ગયો ભરાયેલા હૃદયે ને ગદ્‌ગદ્ કંઠે તે પોતાના કપાળે કરપ્રહાર કરી બોલ્યો

“વીરા! શા સમાચાર ?”

પરન્તુ વીરો શુ વદે ? પ્રત્યુત્તરમા તેણે પણ કેવળ આસુજ વેરી બતાવ્યા તેનુ ડોકુ અમગળ સૂચવતુ ત્હેજ હાલ્યુ તેણે મોઢુ નીચુ કરી નાખ્યુ

“વીરા! કહે! મ્હને કહે શુ મ્હારી સરોજની કશી પણ ભાળ ન મળી ?”

છતાં જવાબ ન મળ્યો વીરાના હૃદયમાંથી એક અફસોસનો નિશ્વાસ નીકળ્યો ગુલાબસિંહ સમજી ગયો તેનું હૃદય પુનઃ ભરાઇ આવ્યું તે બોલ્યો

"વીરા! તું રડે છે ?"

"તો શું કરૂં ? પ્રભુ!"

'તું અને હું આપણે બન્ને એમ ધારીએ છીએ કે રડવાથી હૃદયનો ભાર ઓછો થશે પણ ના વીરા! મ્હને તો એમ કરવાથી ઉલટું વધારે ને વધારે લાગે છે તુંજ કહે કે હવે આપઘાત સિવાય આ ભયંકર તાપનો બીજો શો માર્ગ હોઈ શકે?'

ગુલાબસિંહે વીરાને સમસ્ત ઘટના કહી સંભળાવી ક્ષણભર વીરો પણ ગુલાબસિંહની આ ભૂલને માટે અજાયબ થયો પછી તે બોલ્યો

"પ્રભુ! આપ આશા ન તજો! આશા અમર છે જો કે સરોજની કંઈ પણ ભાળ મળી નથી, તો પણ તે ઉપરથી તે મરીજ ગઈ, એમ માની લેવાનું શું કારણ? ઇશ્વર ઉપર ભરોસો રાખો! એનું જ ધાર્યું થાય છે, અને થશે"

'એ બધા હવે ખાલી મન વાળવાના ફાંફાં છે

ગઈ વસ્તુ જતી રે' છે સમજવી કે સદા માટે!
નદીઓ શોકની વ્હે છે સમજવી તે સદા માટે!
સમય, કીર્તિ, અને સ્નેહી ગયા તો તે સદા માટે,
જીગરના તાર તૂટ્યા જે સમજવા તે સદા માટે

વીરા' વીરા!

પિંગળાના પ્રાણ તે પાછા નહિ આવ્યા !
માલવપતિ એ તો ! મહાને માટ સિધાવ્યા
છૂટી ચૂક્યુ જે બાણુ ! તે નહિ પકડવુ ફાવે,
જે ગયુ તે તો ગયુ પાછુ હાથ ! નહિ આવે"

'ખોટી વાત ! અન્નદાતા ! આપ આમ કેમ બોલો છો ?
રે ! અસ્ત થયલો સૂર્ય પણ પાછો ફરી દેખાય છે,
વર્ષા ઋતુ વર્ષ પધારે ! શાન્ત ચાતક થાય છે
લીખો નિરાશામા જુઓ આશા કિરણ દેખાય છે
જો હોય સાચો પ્રેમ તો મુડદા સજીવન થાય છે.

સત્યવાન સાવિત્રીને તારાને નિજ નાથ,
દ્યુમતસેન હરિશ્ચંદ્રને મળ્યા રાજ ને તાજ
સગાળશાને સુત તો મયૂરધ્વજને પ્રાણ,
શ્રદ્ધા ! ને વિશ્વાસના-સાચા આ એંધાણ

પ્રભુ ! આપ આ વીરાના વચનમા અને એ પ્રભુના ઉપર પરેપૂરો વિશ્વાસ રાખો !

વિશ્વાસ રાખો ! વિશ્વનો એ તાત દુખડા ફેડશે,
સાચો હૃદયમા પ્રેમ જોતા ત્યા તમોને તેડશે
જોશે તમારૂ દીલ ! ને નિર્ણય પછીથી આપશે,
રાખો અચળ શ્રદ્ધા ! તમારા એજ કષ્ટો કાપશે"

'વીરા ! એ બધુ ખરૂ છે પરન્તુ હૃદયમા પડેલો ચીરો ! અને તેનાથી થતી વેદના ! એતો જેને વીતે તેજ જાણે !

પ્રસુતીની પીડા ભલા ! વધ્યા જાણે શુ ?
(ખાખરની) ખિસકોલી સાકર તણો ! સ્વાદ વખાણે શુ ?

આરસી આપો અંધને ! એમાં નિરખે શું ?
હીરો આપો અભણને તેમાં પરખે શું ?...
રત્ન ઝવેરી પારખે પાપ પારખે આપ !
સંગીત એ શું ચીજ છે તે સમજે ઉસ્તાદ
વીરા ! વીરા ! હું તને શું કહું ?
જે જે જીગરમાં ઘા પડયા તે તે કદી ફીટે નહિ,
અંતરપીડા ! આશ્વાસનો આપો છતાં મીટે નહિ
થાતાં શરીરે રોગ ઔષધ ને ઉપાય અતિ મળે,
પણ દર્દ જેના દીલમાં છે ! તેમનું કૈં ના વળે
હૈયે ખૂંચે પ્રિયના વિરહવેદના–બાણ,
પ્રેમ–દર્દના પંથીઓ ! છેવટ છોડે પ્રાણ

અને હું યે ઉર્વશીની પૂઠે પુરૂરવાની માફક પ્રેમઘેનો બની ભટકીશ અજની માફક વિલાપ કરી માથું પટકીશ લયલા મજનું ! અને શીરીં ફરહાદ સમાન પ્રાણ તજીશ "

ગુલાબસિંહ હજુ આગળ બોલ્યે જ જતે, પરન્તુ એકાએક પોતાના માથા ઉપર એક સુકોમળ કરનો સ્પર્શ તે અટકયો, ચમકયો પાછું ફરી જોતાં પોતાની એકની એક પ્યારી પુત્રી સરયુને ઉભેલી જોઈ વ્હાલથી તેને છાતી સાથે લગાડી

"બાપૂ ! તમે રડો છો કેમ ?"

રડતે હૃદયે સરયુને માથે હાથ ફેરવતાં પિતાએ પુત્રીને તેની માતાના શોક–સમાચાર કહ્યા "બ્હેન ! ત્હારી બા હવે તને નથી મળવાની બોલ ! બાપૂ પાસે ગમશેને ?"

સરયુ તેર વર્ષની બાળા પિતાના બોલવાનો ભાવાર્થ સમજી ગઈ પોતાની માતાના મૃત્યુ પૂઠે તેણે વેરાય એટલાં આંસુ વેર્યાં.

પરન્તુ વિધાતાની વિચિત્ર લીલા પાસે કોઈ શું કરી શકે એમ છે?

સમય પાણીના રેલા સમાન વ્હેતો ચાલ્યો દિવસ જતાં સરોજની જગ્યા સરયુ લેવા લાગી છતાં પત્નીની પ્રેમાળ મૂર્તિ ગુલાબસિંહના હૃદયમાંથી ન ભૂલાઇ એએક વખત તેણે આપઘાત કરવાનો નિશ્ચય પણ કર્યો, પરન્તુ સરયુના સોગન આપી વફાદાર વીરાએ તેને રોકયો.

વાચક! આ હૃદયભેદક વાતને! અને આ આંસુભર્યા પ્રસંગને બન્યાને આજ એક માસ થઈ ગયો છે જે સરિતાના ગંભીર જળમાં સરોજે પ્રેમથી દેહ—બળિદાન દીધું હતું, તેજ સરિતાના નિર્મળ અને પવિત્ર જળ પાસે બેભાન ભાનુમતીને લઇને ગુલાબસિંહનો ઘોડો આવી રહ્યો હતો સરિતાને જોતાજ બ્હારવટીઆના હૃદયમાં આ ભૂતપ્રસંગ પુનઃ તાજો થયો કેમ જાણે ગઇ કાલેજ ન બન્યો હોય!

રાજકુંવરી ભાનુમતીના અચેતન શરીરને તેણે પાસેના એક વૃક્ષછાયા નીચે સાવચેતીથી સુવાડયું અશ્વને ચરવા છૂટો મૂકી દીધો. સરિતાના જળની અડોઅડ તે આવ્યો ક્ષણવાર જોઇ રહ્યા પછી તેની આંખોમાંથી દડ દડ અશ્રુપ્રવાહ વ્હેવા લાગ્યો સરિતાને જોતાજ આજે એક માસે પાછી એ આંસુભરી યાદ તેને સાંભરી આવી.

પુષ્પઃ—૪થું.

"દિવ્ય—ભણકાર"

દુનિયા કહે છે વાત તે! સાચી અહીં લેખાય છે,
કે "પ્રેમીઓ નિજ પ્રિયને પાછા ફરી દેખાય છે"

મરનારની એવી છબી તે ભૂત માની જાય છે,
બળવાન દિલમાં દિવ્ય-ભણકારા ! મૃતકના થાય છે

રાત્રિ પડી ચૂકી હતી પૂર્ણિમાના ચંદ્રની ધવલ ચાંદની પોતાનો પ્રકાશ સ્થળ-જળ તમામ ઉપર એક સરખી રીતે ફેંકી રહી હતી બહારવટીઓ ખુલ્લા અનિમેષ સજળ નયને એ વ્હેતી સરિતા પ્રતિ જોઈ રહ્યો હતો તેના મુખમાંથી સરિતા અને ચંદ્રિકાને જોઇ ઉદ્ગાર સર્યા

મહિયર મૂકીને સાસરે ચાલી સરીતા સુન્દરી,
કે'વી સુખી થૈ આજ સાગરરાજ સ્વામીને વરી
સાગર સરિતા બેઉનો હમણાં અહા ! સંગમ થશે,
પતિ-પત્નીના પ્રેમી જળો-અકેકેક સાથ ભળી જશે

અને તેથીજ તું આટલી બધી મલકાય છે કેમ ? ખરેખર ! આ ચાંદની પણ શું ?

ઉજ્વલ ધવલ ઓ ચંદ્રિકા ! પ્રિયતમ તણી લઇને રજા,
રમણીય આ સૃષ્ટિ ઉપર તું માણવા આવી મઝા
નિર્મળ તમારો પ્રેમ નિરખીને વિચારો થાય છે,
સંસાર-પ્રેમી કેટલા (આમ) સ્વર્ગીય રીતે ન્હાય છે ?

બહુજ થોડા અને એવા જૂજ એકાદ બેમાં પણ નસીબના આડા આંક ! અરેરે ! આજથી એક માસ પ્હેલાં હું પણ મ્હારી સરોજને લઇને આ સાગર-સરિતા અને ચંદ્ર-ચંદ્રિકાની પેઠે સંસારના

સ્વર્ગીય લ્હાવા લૂટતો હતો ! અનેરા આનન્દ-સુખો અનુભવતો હતો ! પરન્તુ અફસોસ ! વિધાતા ! વિધાતા ! તે એ તમામ ગગાડયુ આજે એમાનુ કઇ નથી મ્હારી એ હૃદયદેવી ! આજ સરિતાના જળમા ! વસુધરાના ઉરમા ! સીતા સમાયા એમ સમાઈ-સતાઇ ગઇ છે એને શી રીતે શોધાય ? એ આસુભરી યાદ આજે પણ હજુ કેમે કરી ભૂલાય ? એ અતરના આસુઓ રોકયા ને શી રીતે રોકાય ?

દેવી ગઇ દરબારમા નિજ ન્યાયને માટે
અગ્નિ મૂકી ઘરબારમા અન્યાયને માટે !
બળિદાન દીધુ નિષ્કલકીત નામને માટે !
ધન્ય એ ! વીરાગનાની હામને માટે !

આ ભૂલની શિક્ષાછ એ'મા ભૂલ છે શાની ?
કર્માનુસાર મુસાફીરો આલમ તજે જ્ઞાની
દુ:ખ ભોગવો એ ભૂલ ! પોતીકી ન બીજાની,
રૈયત રીબાઇને મરે એ ભૂલ રાજાની

સભાળના સ્નેહે સદા જન ' સત્ય, નીતિ, ધર્મને,
નહિ દોષ દેવો કોઇને (પણ) પોતે કરેલા કર્મને

એ પશ્ચાત્તાપનો પાવક ત્યારે મટે ! ત્યારે ઘટે ! કે જ્યારે કરેલા પાપની પુરતી શિક્ષા થાય ! ભૂલ ધોવાય !

શિક્ષા થયા વિણુ માનવી ! કદાપી સૂધરતો નથી,
ખાધા વિના ઠોકર ! પડેલી ટેવ વીસરતો નથી

દુનિયા કહે છે, અને માને છે કે —

આ પિડ ને પ્રકૃતિ બને પ્રાણુ સાથે જાય છે,
સારા નઠારા કર્મનો સગાથ સૌને થાય છે

નહિ પાપ-પૂણ્ય વિના ! પ્રભુને ત્યાં બીજું જોવાય છે,
ને પ્રાણદાન વિના કદી નહિ પાપ પણ ધોવાય છે. "

મ્હારે પણ જો પવિત્ર બનવું હોય તો કરેલા પાપને ધોઇ નાખવું ! પત્નીહત્યાના પાતકને માટે પ્રાણદાન આપવું !"

પાગલ બનેલો ગુલાબસિંહ નદીના જળમાં આગળ અને આગળ ચાલ્યો ગયો ગળા સુધી તેને પાણી આવ્યાં એટલામાં કોઇ દિવ્ય સંગીત-ધ્વનિ તેના કાનમાં અથડાયો

— સંગીત —

મુસાફીર ! શ્રી હરિને સંભાર !
મહિમા અપરંપાર એનો મહિમા અપરંપાર મુસાફીર
દોષ ઘટે ના દેવો વિધિને ભૂલ ન એની લગાર
આ જન્મે જે પામો પથિક ! તે પૂર્વ-જન્મ સંસ્કાર
કર્યા જો પાપો બેશુમાર મુસાફીર.
પૂર્વ-કર્મ સંચિત ફળો આ જન્મે મળનાર,
આજ કરો તે આવતે જન્મે ભોગવનાર
ભૂત ભૂલીને જાગ્યો ત્યાંથી ગણવા માંડ સ્હવાર,
એકડે એકથી પાછું શીખો સ્વર્ગ બને સંસાર
અમૂનું વેદ-વચન નિર્ધાર મુસાફીર
શ્રી પ્રભુને સંભારતાં ! પવિત્ર પ્રાણી થાય !
પવિત્ર થાતાં પાપ સૌ ! પ્હેલાનાં ધોવાય
પવિત્ર પ્રેમીઓને એક દિન (પા ળ) મેળવતો કિરતાર,
દિવ્ય-સ્નેહથી દંપતિ-જોડાં તરજો ભવસંસાર
જજો આ ભવસાગરની પાર મુસાફીર.

આખું સુધામય સંગીત ગુલાબસિંહે પાણીમાંજ ઉભા રહી સાંભળ્યું ચંદ્રના પૂર્ણ પ્રકાશમાં તેણે ચારે બાજુ ગાનારને જોવા નજર નાખી નદીને સ્હામે કિનારે એક ધવલવસ્ત્રા યોગીનીની મૂર્તિ ઉભેલી જોઇ તેના હાથમાં રૂદ્રાક્ષની માળા હતી ચોટલાના છૂટા વાળ પીઠ ઉપર પડેલા હતા ઉપરોક્ત બોધપ્રદ સંગીત તેનાજ કોકિલ કંઠમાંથી લલકારાઇ રહ્યું હતું

• "એ કોણ છે?"

ગુલાબસિંહે મ્હોટે સાદે બુમ મારી શાન્ત રાત્રીમાં બ્હારવટીઆનો પ્હાડી ઘાટો ચોમેર ગાજી ગયો સ્હામે કાંઠે ઉભેલી યોગીનીની નજર અર્ધ ડુબેલા ગુલાબસિંહ ઉપર પડી પ્રશ્ન થયો

"રાત્રિને વિષે સરિતાના જળમાં પડનાર એ કોણ છે?"

"એક અભાગી જીવ!"

"શો ઈરાદો છે? સ્નાનનો કે સ્વાત્મદાનનો?"

"આપઘાતનો! કરેલા પાપના પશ્ચાત્તાપનો!"

"પવિત્ર પુરૂષ! પાછો વળ! જા શ્રદ્ધા રાખ પાપ ધોવાતાં મ્હારી ઇચ્છિત વસ્તુ તને પુનઃ પ્રાપ્ત થશે"

"શું મ્હને મ્હારી સરોજ પાછી મળશે?"

"યોગીઓનાં વચન ઉપર વિશ્વાસ રાખ"

એ ચાલતી થઇ એક દિવ્ય પ્રકાશ એના મુખ ઉપર પડયો. ગુલાબસિંહે જતાં જતાં તેને બરાબર જોઇ લીધી તે હર્ષથી ચિત્કારી ઉઠયો "કોણ? મ્હારી સરોજ?"

પરન્તુ સરોજ ત્યાં ક્યાં હતી? ગુલાબસિંહના શબ્દોનો ઘોર— પડઘો આજુબાજુ અને સરિતાના જળમાં પડી રહ્યો

'સરોજ! સરોજ! સરોજ!"

જાણે સાક્ષાત્ સરોજજ તેને જવાબ ન દેતી હોય તેમ સાભળ્યુ "નાથ ! પ્રભુ ! પતિદેવ !"


ગુલાબસિહે આજુબાજુ જોયુ પેલી યોગિનીની મૂર્તિ દેખાય છે ? કઇ અવાજ હવે સભળાય છે ? પરન્તુ શૂન્યકાર હવે ત્યા કશુ ન્હોતુ કેવળ પવિત્ર પ્રેમનો હૃદયમા આ દિવ્ય-ભણકાર હતો

યોગીનીના વચન ઉપર શ્રદ્ધા રાખતો ગુલાબસિહ પાછો નદી કાઠે આવ્યો યોગીઓના વચન ઉપર તેને જન્મથીજ વિશ્વાસ હતો ભવિષ્યમા પોતે રાજા થનાર છે, એ મહાત્માએ ભાખેલુ ભવિષ્ય તેને આ ક્ષણે યાદ આવ્યુ વિચારમા ને વિચારમા બીનેજ કપડે તે ભાનુમતિને સુવાડી હતી ત્યા આગળ આવ્યો તેણે શુ નિહાળ્યુ ? વૃક્ષ નીચે ભાનુમતી ન્હોતી

હતભાગીનુ નસીબ બે ડગલા આગળનુ આગળ !

પુષ્પ:—પમું.

" સકટમાં સરયુ "



ગુલાબસિહ અને વીરાના ચાલ્યા ગયા પછી સરયુ એકાએક જાગી ઉઠી "બાપૂ ! ઓ ! બાપુ !" પરન્તુ પ્રત્યુત્તર ન મળ્યો એબાકળી સરયુ આમ તેમ પિતાને શોધવા લાગી શય્યાઓ ખાલી હતી વીરો પણ ત્યા ન જણાયો

કોઇને ન જોતા એકલી પડેલી બાળા બ્હીંવી આખરે પણ એક

અબળા હૃદયને 'છુપે રસ્તેથી તે દેવાલયમા આવી બ્હાર નિકળી આજુબાજુ દૂર નજર નાખી પરન્તુ કોઇ જણાયુ નહિ એટલામા ધૂળમા કોઇકના પગલા પડેલા તેણે જોયા આજ રસ્તે પિતાજી ગયા હશે એમ ધારી સરયુ શોધ માટે તેને જોતી જોતી ચાલી ઉંચુ જોઇને ચાલતી સરયુએ માર્ગમા પડેલો એક પ્રચંડ પત્થર પણ ન જોયો તે તેની સાથે અફળાઇ ઠોકર વાગી અરણ્યનો રસ્તો ઝપાટાબંધ કાપતી સરોવરની સુન્દરીના પગના અંગુઠામાથી લોહીની ધારા નીકળી એક ચીસ નાખી તે જમીન ઉપર બેસી ગઇ બેશુદ્ધ થઇ ત્યાજ ઢળી પડી

આવા અણીના સમયે થોડી વારે ત્યાથી એક પુરૂષ પસાર થતો હતો તેનુ ધ્યાન આ બેશુદ્ધ પડેલી બાળા ઉપર ગયુ ભરજંગલમા એકલી અટૂલી કોમળાંગી બાળાને પડેલી જોતાજ તે પળ ભર સ્થભ્યો બીજીજ પળે ગજવામાથી રૂમાલ કાઢી, ફાડી, સરયુને અંગુઠે તેણે પાટો બાધ્યો આજ વખતે અચાનક તેની નજર સરયુની ઓઢણીના ઉડી ગયેલા છેડાને લઇને કાળા ભ્રમર જેવા દેખાતા અંબોડા ઉપર પડી તે ચમક્યો તેણે પેલું અલૌકિક "ગુલાબનુ ફુલ" તેમા જોયુ "આજ સરોવરની સુંદરી' એમ સમજતા તેને વાર ન લાગી

પુષ્પ છોડી લેવા તેણે પોતાનો હાથ લંબાવ્યો પરન્તુ એજ વખતે અચાનક સરયુની આખો ઉઘડી ગઇ બેશુદ્ધ બાળાએ ભાનમા આવતાજ સ્વસ્થ થઇ માથે ઓઢી દીધુ પેલા પુરૂષનો હાથ એને ન અડી શક્યો સરયુની દ્રષ્ટિ એક વાર પેલા પુરૂષ તરફ 'તો બીજી વાર પોતાના પગના અંગુઠા ઉપર બાધેલા પાટા પ્રતિ ગઇ પોતાના ઉપર ઉપકાર કરનારને તે ન ઓળખી શકી

"બાળા ! તમે કોણ છો ?"

"આપે મ્હારા ઉપર ઉપકાર કર્યો છે તેથીજ મ્હારૂં ખરૂં નામ હું તમને બતાવું છું ઉપકારી પુરૂષ ! મ્હારૂ નામ સરયુ છે છતા દુનિયા મ્હને સરોવરની સુન્દરી કહે છે"

"સરોવરની સુન્દરી" આ શબ્દે પેલો પુરૂષ ચમક્યો તે બોલ્યો ત્યારે સરોજ કોણ ?"

"એ મ્હારી બા થાય ! એને મરી ગયાને હજુ થોડોજ વખત થયો છે"

"શું એ ગઇ ?"

"હા કેમ ? તમે એને ક્યાંથી ઓળખો ?"

"ઓળખું છું વારૂ ! એના પછી સરોવરની સુન્દરી તમે કહેવાવ છો કેમ ?"

સરયુ કશું ન બોલી પેલો પુરૂષ આગળ વધ્યો "બાળા ! તમારી માતાનેજ નહિ પરન્તુ પિતાને પણ હું સારી રીતે ઓળખું છું બોલો જોઉં ! ગુલાબસિંહ બ્હારવટીઆજ તમારા પિતા થાયને ?"

એક અજાણ્યાને મોઢે પોતાના માતા પિતાના સત્ય અભિધાનો સાંભળતાજ સરયુ આશ્ચર્ય પામી તે બોલી, "હા હા એજ મ્હારા પિતા એનીજ શોધમાં હું અત્યારે નીકળી હતી. પરન્તુ આ પત્થરના અચાનક વાગવાને લઇને હું અહીં બેશુદ્ધ થઇ પડી હતી તમે એમને જોયા છે ?"

જરાજ પણ ખચકાયા વિના તે પુરૂષ બોલી પડ્યો ."હા !"

'તો ભાઇ ! મ્હને એમની પાસે લઈ જાવ મ્હારા બાપૂ બહુ દયાળુ છે તે તમને જરૂર ખુશ કરશે '

"હું તમારા બાપૂને ક્યાં નથી ઓળખતો ? એકવાર એમણે મ્હને ખૂશ કરેલો છે"

આમ સ્વગત બોલતો તે પુરૂષ ઉર્ફે ડિટેકટીવ ભાનુ વિના પ્રયત્ને પોતાને **સરોવરની સુન્દરી** અને ફૂલ બંને મળશે, ધારી ખૂબ હરખાયો સરયુને તેણે પોતાની પાછળ પાછળ આવવા કહ્યું

આગળ ભાનુ અને પાછળ સરયુ એમ ચાલતા ચાલતા તેઓ શહેરમાં આવી લાગ્યા એક ઉંચા મકાનના પગથીઆ ભાનુ ચઢવા લાગ્યો આ મકાન સ્વર્ગસ્થ અમીરનું હતું સરયુ ઉપર ન આવતા શંકાને લઇ નીચેજ ઉભી ડિટેકટીવ બોલ્યો

"કાં ? ઉભા કેમ રહ્યા ?"

"તમે મ્હને ક્યાં લઇ જાવ છો ?"

"તમારા પિતાની પાસે."

"મ્હારા બાપૂ અહીંયા છે ?"

"હા !"

"તમે બરાબર જાણો છો ? જુઠું તો નથી બોલતાને ?'

"ના ના

"ના બા હું તો પાછી જઇશ અજાણ્યા ઘરમાં અજાણ્યા સાથે આવતા મ્હને તો બ્હીક લાગે છે"

"અરે પણ હું સાથે છું, ને બ્હીક શાની ? સરયુ ! ગુલાબસિંહ અને વીરા બંને અહીંયા છે"

"હેં ?"

"હા ! અંદર આવીને નજરે નજર જુઓ"

વળી સરયુ ચાલી તેઓ કેટલાક ઓરડા વટાવી એક દિવાન ખાનામાં આવી લાગ્યા ત્યાં કોઇને ન જોતાંજ સરયુના પેટમાં ધ્રાસકો પડ્યો તે ગભરાતી ગભગતી બોલી

"ક્યાં છે મ્હારા પિતા ?"

"એક શર્ત કબુલ તો બતાવું"

"શું ?"

'તમારે અંબોડે પેનું ગુલાબનું ફૂલ છે તે આપી દ્યો'

સરયુ સમજી ગઇ કે પોતે કોઇ દગાખોરના પંઝામાં સપડાઇ ગઈ છે તેની હૃદય-શંકા ખરી પડી છતાં પણ વીર પિતાની વીર પુત્રી હિમ્મતપૂર્વક બોલી "ના એ ફૂલ તો નહિ મળે"

"તો તમને તમારા પિતાજી પણ નહિ મળે"

'કેમ ?'

"મ્હારી મરજી !"

"નીચ આખરે જાત ઉપરજ ગયો ને ? દગો કર્યો ?"

"નહિ ! આ ડિટેકટીવ ભાનુએ પોતાના દુશ્મનને મ્હાત કર્યો સરયુ ! હવે ગુલાબસિંહ મ્હારી મુઠ્ઠીમાં છે"

"એમ ? તો જો "

કે'તાંજ બ્હાદુર બાળા સરયુ આ પારધીની જાળમાંથી છૂટવા બારણા તરફ દોડી પરન્તુ શયતાને તેને પ્હેલેથીજ કળ દઈ દીધી હતી "દગો !" નિરાધાર સરયુના મ્હોમાંથી એકજ શબ્દ બ્હાર પડી ગયો તે ફાટી આંખે પેના હસતા શયતાનની સ્હામું જોઈ રહી

'શા માટે ફાંફા મારે છે ? આ ડિટેકટીવ ભાનુ હવે હાથમાં આવેલા શિકારને કદાપી જતો કરનાર નથી"

"તેમ હું પણ આ પ્રાણ જતાં ત્હેને ફૂલ આપનાર નથી, તે નથાજ"

એટલા એ ફૂલ પર આ પ્રાણ મ્હારો ડૂલ છે,
ન્હાની અને ભોળી સમજવામાંજ ન્હારી ભૂલ છે
બ્હાદુર પિતાની બાળ! રજપૂત વીરની છું દીકરી,
જગત વિષે! હું બ્હારવટીઆની ગુફામાં ઉછરી
આવ! પાસે આવ! અને પછી જો કે ફૂલ કેમ લેવાય છે?"

સરયુ બોલતી હતી, પરન્તુ તેની છાતી ધડકતી હતી પગ થરથરતા અને પાછા પડતા હતા આંખો રડું રડું થઇ રહી હતી કંઠ ગદગદિત થવાની અણી ઉપર હતો

જ્યારે ડિટેકટીવ ભાનુ બળાત્કારથી પેલું ગુલાબનું ફૂલ લેવા સરયુની ઉપર ધસ્યો સરયુને તેણે પોતાના મજબુત હાથોમાં પકડી લીધી "લાવ! બેન! આપે છે કે નહિ?"

નરાધમના હાથમાંથી છૂટવા સરયુએ તનતોડ પ્રયત્ન કર્યા પરન્તુ કસાઇ આગળ ગાયનું શું ચાલે? સરયુના મોઢા ઉપર બદમાશનો લોખંડી હાથ દબાયો એની ઓઢણીનો છેડો માથા ઉપરથી નીકળી ગયો. દીવાનખાનાના ગોળ ટેબલની ઉપર સરયુને ચત્તા સુવડાવી, બીજે હાથે એ નરરાક્ષસ તેના અંબોડામાંથી પેલું દિવ્ય ફૂલ છોડવા લાગ્યો. સરયુએ અતીમ કારમી ચીસ નાખી

"ઓ બાપૂ! બાપૂ! તમે કયાં છો?"

પરન્તુ સરયુના બાપૂ ત્યાં કયાં હતા કે, તેને બચાવે?

પુષ્પઃ—૬ઠું.

"વનબાળા"

એ શયતાન નરાધમ! આનો જવાબ તો ત્હને ઇશ્વરને ત્યા આપવો પડશે

અવકૃત્ય માટે એક દિન ઇશ્વર બધાને પૂછશે,
ત્યારે તમારા ટાટીઆ થર્ થર્ પછી ત્યા ધ્રૂજશે.
શક્તિ અને બુદ્ધિ બધુયે ત્યા તમારૂ ખૂટશે,
સા આપતા ઉત્તર તમારી વાણી, ત ત ત ત તૂટશે

માટેજ કહુ છુ કે આ રસ્તો છોડી દે એ જેનુ છે તેને દઇ દે"

ડિટેકટીવ ભાનુ કે જે અધમના હાથમા અતે પેલુ ગુલાબનુ ફૂલ આવ્યુ હતુ તેની પાસે સરયુ ઘુટણીએ પડી આજીજી કરી એ પાછુ માગી રહી હતી તેના બને હાથો બધાયલા હતા ક્રૂર સાથે રમતો તે પાપાત્મા હસતો હસતો બોલ્યો **સરોવરની સુન્દરી!** આજથી ઘાડા વખત ઉપર ત્હારી માએ મને છેતર્યો હતો ત્હારા બાપે મ્હારી અપમાનભરી પગેણુચાકરી કીધી હતી. મ્હને તે બરાબર યાદ છે આજે તુ મ્હારા હાથમા આવી છે જો છૂટવા ચ્હાતી હોય તો મ્હારી એક શરત સ્વિકાર"

"મ્હારે ત્હારી કોઈ પણ શરત સ્વિકારવી નથી"

'શુ? નથી સ્વીકારવી?"

સચિત્ર **વિણા–વેલી** નૉવેલ

ભાગ ૧–૪ દરેક ભાગના ૦–૧૦–૦



રાજકન્યકા અને વેશ્યા, થઈ હતભાગી અને,

શિયળ લુંટાવે, પતિવ્રત વેચે, પાપે પેટ નિજ ભરે

શ્રી નવજીવન પુસ્તકાલય ટાવર રોડ સુરત

"ના ના ત્હારાથી થાય એ કરી લે પાપનો ઘડો ભરાય એટલો ભરી લે "

"તો શું તું આ ફૂલ ! અને ત્હારા રહેઠાણનો પત્તો નહિ બતાવે ' '

"વારંવાર શું પૂછે છે ? મોતીના ચારા તો હંસજ ચરે ! આવા અલૌકિક ગુલાબના ફૂલો તે ત્હારા જેવા અધમ નહિ પરન્તુ પવિત્ર દૈવાંશી હૃદયોનાજ કરે ચઢે !

સૌન્દર્યને સરજ્યું પ્રભુએ ! આંખથી અવલોકવા
નિર્મળ નજરથી પૂજવા ! આપ્યું નથી પાગલ થવા
સદ્‌ભાગ્ય કે સહુને નથી એ ચૂંટવા કે સૂંઘવા,
અધિકારીને અધિકાર છે એ ફૂલને ઉપભોગવા '

"તો શું હું એને લાયક નથી ? '

"જરાપણ નહિ "

"ત્યારે ? "

"તદ્દન નાલાયક "

પરાઇ ચીજ પર કરવો જુલમ એ લાયકાતો છે ?
સબળ થઇને સતાવો દીનને એ ન્યાય કયાનો છે ?
તમારા સુખને ખાતર નિચોવો છો ગરીબોને,
દયા કયાં છે ? કચડતા દીન ! સત્તાધીશ શરીફોને

ઓ સત્તા અને સ્વાર્થમાં અંધ બનેલા અવિચારી ઉદ્ધત ! ત્હારી આ અમીરાઇ શા કામની ?

અમીરી શું દીધી ઈશે ગરીબને લૂંટવા માટે ?
મળી સત્તા તમોને શું ગમે ત્યમ કૂદવા માટે ?

મળ્યા શું માન ને મ્હોટમ્ ! મઝાથી મ્હાલવા માટે ?
ના ના પરંતુ
ગરીબો પાળવા માટે ! સદા સંભાળવા માટે

તમારા ને અમારામાં ઉભયમાં પ્રાણ એકજ છે,
બધાના પિંડમાં માટી જુઓ વપરાય ! એકજ છે
ઘડે જુદા જુદા જીવો છતાં ઘડનાર એકજ છે,
જવાનું આવવાનું પણ ! બધાને સ્થાન એકજ છે
તેમ છતાં !

ભયંકર મ્હોતનો ડંકો શિરો પર જેમના વાગે,
જુદાઈ તેમની આંખે પ્રભુના બાળમાં લાગે
ગૃજેલા જીવ સરખામાં જુદાઈ જેમને ભાસે,
સમજવું તેમનાથી શ્રી પ્રભુ આઘા સદા ન્હાસે
ઓ ગર્વાંધ ! યાદ રાખ કે

દોલત અને સત્તા તણો જો યોગ્ય સદ્વ્યય થાય છે,
તો માનવી સંસારમાં વંદાય ને પૂજાય છે
પણ રાંકના નિશ્વાસ જો એના વડે લેવાય છે,
તો ઘોર તે પાપાત્મા ! રૈરવ નરકમાં જાય છે "

"છટ્ ! છટ્ ! સ્વર્ગ અને નર્કને હું માનતોજ નથી એ તો બાયલા લોકોએ શૂરવીરને બ્હીવડાવવા શોધેલા રસ્તા છે, બીરૂના બચાવના બ્હાના છે "

"ભૂલે છે ! સત્તાના મદમાં ફૂલેલા ઓ નાસ્તિક ! બધું છે, હિન્દુ તેમજ મુસ્લીમ તમામ ધર્મગ્રંથો કહે છે કે—

જન્નત અને જહન્નમ ઉભય આલમ વિષે આવી રહ્યા,
સુખ, દુઃખ દીસે છે ! તેજ એના સ્થાન શોભાવી રહ્યા
ઇન્સાફ કયામતને દિને અલ્લાહને ત્યાં થાય છે,
આબાલવૃધ્ધ તમામની ત્યાં હાજરી લેવાય છે
કર્મ શુભાશુભ જોઇને ઘટતી શિક્ષા થાય,
ગરીબ કે ધનવાનને ! એકજ નિર્મળ ન્યાય"

"બસ ! હું ત્હારો બકવાદ નથી સાંભળવા માગતો મ્હારી પાસે તો એકજ વાત ! અને તે "ત્હારો અંતિમ નિશ્ચય શું છે ?" એજ જાણવાની એક માત્ર અભિલાષ !"

"અસ્વિકાર !"

"સ્નેહ-સરોવર નથી બતાવવું ? ત્હારે નથી માનવું ?"

"મૂર્ખ ! બળાત્કાર, દાબ, કે ધમકીથી કશું થતું નથી પ્રત્યેક કાર્યનું થવું, પ્રેમ અને ઇચ્છાનેજ આધીન છે"

"તો છેવટ શું ચ્હાય છે ?"

"દયા ! પ્રેમ ! કરૂણા !"

"આ જન્મે તો એની આશા છોડીજ દે કારણ કે "

"તું સાચો ડિટેકટીવ ભાનુપ્રસાદ નહિ, પરંતુ તેનું નામ ઓળનાર કોઈ વેશધારી છે."

ઉપલા શબ્દો કોણ બોલ્યું ? અને કયાંથી આવ્યા ? તે ભાનુ ન સમજ્યો તેના હાથમાંથી પેલું ગુલાબનું ફૂલ આ શબ્દો સાંભળતાંજ સરી હેઠે પડયું તે ચમકયો ફિકકો પડી ગયો ફૂલ પડી ગયાનું ભાન તેને ન રહ્યું સરયુને એજ અવસ્થામાં ત્યાં છોડી તે પોતાના ગુપ્ત ભેદને પામી જાઇ-ફોડી દેનાર વ્યકિતને જોવા એકદમ નીચે દોડયો

વાચક ! રાજપુરના પ્રખ્યાત ડિટેકટીવ "ભાનુ"નું નામ ધારણ કરી આ કોઈ અઠંગ વેશધારીજ આવા છળ-કપટ રમી ગ્યો હતો રાજકુવરીને પણ ભોળવી રહ્યો હતો જ્યારે ખરો ડિટેકટીવ કયાં ગૂમ થઈ ગયો હતો ? તે કોઇ જાણતુ ન હતુ તેનો પત્તોજ ન હતો

વેશધારી ભાનુ ભયનો માર્યો ઉપરના શબ્દો બોલનારને શોધવા નીચે ઉતરી આવ્યો, તેજ અરસામા દીવાનખાનાની બારીમાથી એક વ્યકિત ઓરડાની અંદર કૂદી પડી પેલુ ગુલાબનુ ફુલ.તેણે ઉપાડી લીધુ ડિટેકટીવ ભાનુનો ભેદ ઉઘાડો પાડનાર વ્યકિત તે આજ હતી સરયુ એને ફૂલ ઉપાડી જતી જોઇજ રહી તે વ્યકિત ફૂલ લઇ એક ડગનુ આગળ વધી સરયુના હાથ તે જેરી છોડવા જાય છે, તેવોજ તેણે ડિટેકટીવને દાદર ઉપર ચઢતો સાભળ્યો પાસેના ઓરડાનુ દ્વાર ઉઘાડી તે એમને એમ નાઠી સરયુએ જોયાજ કર્યું

ડિટેકટીવ ભાનુ ઉર્ફે વેશધારી ! નિરાશ હૃદયે ધમપછાડ કરતો ઉપર આવ્યો સુકોમળ સરયુ કે જેના બને હાથ બાધવામા આવેલા હતા તેને એક ઓરડો ઉઘાડી અંદર પૂરી રાખવા હડસેલી દીધી ભીંત સાથે અફળાઇ સરયુનુ માથુ ફુટે, તે પ્હેલા એક રમણીએ તેને ઝીલી લીધી-બચાવી લીધી સરયુ તેને ઓળખી ગઈ તે એજ રમણી -વ્યકિત હતી, કે જે ડિટેકટીવનો ભેદ ખુલ્લો કરી પોતાનુ ફૂલ લઇ આવી હતી

વાચક ! ઓળખી કે ? એ આપણી પૂર્વપરિચિત "વનમાળા !"

પુષ્પ:—૭ મું.

“ખોદે તે પડે !”

જેવું ઇચ્છો અન્યનું તેવું નિજનું થાય,
ખાડો ખોદે તે પડે એ ઇશ્વરનો ન્યાય.

“શ્યામા ! આજ ભાનુ અને પુષ્પા કેમ દેખાતા નથી?” મણીપુર નરેશે રાજકુંવરીની એક દાસીને પ્રશ્ન કર્યો.

“શી ખબર ? મહારાજ ! મ્હેં પણ આજ કુંવરીઓને નથી જોયા.”

“તો તું જા અને કુંવરીને જઇને કહે કે એના પિતા એને યાદ કરે છે.”

રાજાજ્ઞાથી શ્યામા રાજકુંવરીના મ્હેલમાં જઈ થોડી વારે પાછી આવી.

“શું કહ્યું શ્યામા ?” રાજાએ પૂછ્યું.

“મહારાજ ! દાસીઓની મારફત એવી ખબર મળી છે કે કુંવરીઓની તબીયત આજે ઠીક ન હોવાથી તેઓ સૂઇ ગયા છે. કોઇને પણ અંદર પ્રવેશી પોતાની નિદ્રામાં ખલેલ ન પાડવાની તેમની આજ્ઞા છે.”

શ્યામાને મુખે આવો અસંતોષકારક અને અસંગળ જવાબ સાંભળતાંજ રાજાથી ન રહેવાયું ને તુર્તજ ઉઠયા પોતાની પ્રિય પુત્રીને મ્હેલે તેઓ આવી પહોચ્યા. દ્વારપાળ કેશરીસિંહને પૂછ્યું, “કેશરી ! કુમારી શું કરે છે ?”

“ઉ ઉ પ .ર છે મહારાજ”

મહારાજાને જોઇ ધ્રૂજતો કેશરી બ્હીતો બ્હીતો હટની જીભે બોલ્યો પરંતુ તેના સદ્‌ભાગ્યે મહારાજાનું ધ્યાન તેના ઉપર ન પડયું. તેઓ ઉપર ચાલ્યા ગયા

રાજકુંવરીના ખાસ ઓરડાની પાસેજ બે દાસીઓ ઉભેલી હતી મહારાજાને આવેલા જોતાજ તેમના મોઢાઓ શ્યામ પડી ગયા નીચા નમી વન્દન કરતી તેમાની એક બોલી "મહારાજ! કુંવરીબાની તબિયત ઠીક ન હોવાને લઇને તેઓ અત્યારે નિદ્રામાં છે આપ એમને ન જગાડો તો ઠીક"

પરન્તુ અધીરો પિતા પોતાની પુત્રીની સ્થિતિ જોવા આકળો થયો હતો તેણે આ દાસીઓનું કેંવુ કાન ઉપર ન ધર્યું દ્વાર ઠેલી તે અંદર પ્રવેશ્યો એક સુશોભિત નરમ શય્યા ઉપર ભાનુમતી સૂતેલી હતી પાસે એક દાસી બેઠેલી હતી ભાનુમતીના આખા શરીર ઉપર વસ્ત્ર ઓઢાડેલું હોવાથી રાજા તેનું મોઢું ન જોઈ શકયો

"પુષ્પા કયાં છે?" રાજાએ ભાનુમતીની પાસે બેઠેલી એક દાસીને પૂછયું

"તેની મ્હને ખબર નથી"

"મ્હારી ભાનુને કેમ છે?"

પરંતુ દાસીએ કાંઇ પણ જવાબ ન આપ્યો હવે રાજા વ્હેમાયો. તેણે પલંગ પાસે જઇ પેલું ઓઢવાનું જરા ઉઘાડયું વન્ન કમળ ઉપર દ્રષ્ટિ પડી પોતાની પુત્રીનાજ પોશાકમાં તેણે જ્યારે પુષ્પાને પોઢેલી જોઇ, ત્યારે તેના મ્હોમાંથી આટલાજ શબ્દો બ્હાર પડી ગયા "કોણ તું? પુષ્પા?"

મણીપુરનરેશ બે ડગલા પાછળ હઠી ગયા હવે પુષ્પાનો ઢોંગ વધુ વાર નિભે એમ ન્હોતુ આખરે પણ તે એક દાસી હતી બ્હીકના માર્યા તેણે જાણતી હતી, તેટલો પૂરો બનાવ રાજાને કહી દીધો

રાજકુંવરીના હરણની વાત જો બ્હાર પડશે, તો લોકોમા હોહો કાર થશે, એટલુજ નહિ, પણ પોતાને માટે શુ બોલાશે ? એ વિચારે રાજાએ પણ હવે આ વાત ગુપ્તજ રાખવાનુ ડા'પણ વાપર્યું પુત્રીના ખોવાયાથી શોકાતુર થએલા રાજાએ કેશરીસિંહને પોતાની પાસે બોલાવ્યો તાબડતોબ અમીરને મકાને જઇ, જો ત્યા ડિટેકટીવ ભાનુ હોય ! તો તેને બોલાવી લાવવા ફરમાવ્યુ

કેશરીસિંહ જે વેળા ડિટેકટીવ ભાનુને બોલાવવા અમીરના મકાન તરફ આવી રહ્યો હતો, તે વખતે અમીરના મકાનમા ભાનુ શુ કરતો હતો ?

સરોવરની સુન્દરી સરયુને તેણે ઓરડામા પુરી દીધી હતી પોતાનો છૂપો ભેદ જાણનારો દુશ્મન આજે લાગે વખતે જાગી ઉઠ્યો છે, એ જાણતાજ વેશધારી ભાનુનો ક્રોધ કાબુમા ન રહ્યો. એટલામા તેને પેલુ દૈવી ગુલાબનુ ફૂલ યાદ આવ્યુ આમ તેમ તપાસ કર્યા છતા, તે તેને ત્યા ન દેખાયુ પોતે નીચે ગયો, ત્યારે સરયુએજ એને કયા ન છૂપાવ્યુ હોય ? એમ એને વ્હેમ આવ્યો સરયુની પુન તપાસ કરી એ ફૂલ મેળવવા તે તેને પૂરેલા ઓરડાના દ્વાર પ્રતિ ફર્યો

જે દરમ્યાન વનમાળાએ સરયુને પેલુ દૈવી ફૂલ આપી દેતા પોતાની ઓળખાણ આપી "સરયુ ! હુ તને ઓળખુ છુ, જો કે તુ મ્હને નથી ઓળખતી ત્વરા કર આ સ્થાનમાથી ત્હારે જેમ બને તેમ જલ્દી ન્હાસવુ જોઇએ"

"તેમ કરતા પ્હેલા હું તમારૂં નામ જાણી શકીશ કે ?"

"ખુશીથી ! મ્હારૂં નામ વનમાળા "

સરયુ ચોંકી "ડિટેકટીવ ભાનુની મદદનીશ ! તેતો તમે નહિ ?" તેના મુખમાંથી સ્વાભાવિક સવાલ નીકળી ગયો

" હા તેજ "

આજ વખતે ડિટેકટીવ ભાનુ દ્વાર ખોલવા આવ્યો પરન્તુ ઇશ્વરની લીલા અગાધ છે ડિટેકટીવ ભાનુ સરયુના ઓરડાંનુ દ્વાર ખોલે, તેજ અણીએ ત્યાં કેશરીસિંહ આવી ચઢયો બોલ્યો, " ડિટેકટીવ સાહેબ ! "

ભાનુ ચમકયો તે પછો ફર્યો આવનાર સ્હામું જોઇ તે બોલ્યો, "કોણ ? કેશરીસિંહ ? "

" જી હા "

" શું છે ? "

" રાજકુંવરીના હરણના સમાચાર મહારાજાએ જાણી લીધા છે મુંપા પકડાઇ ગઈ છે મહારાજ ! આપને અત્યારેને અત્યારે બોલાવે છે "

કેશરીસિંહના મુખમાંથી આ શબ્દો સાંભળતાજ ડિટેકટીવ ભાનુ ઠંડો થઇ ગયો "વારૂ ' કેશરી ! તું જા મહારાજાને જઇને કહે કે —એક ખાસ કામ પતાવીને તેઓ થોડી વારમાં આપ સન્મુખ હાજર થશે "

"નાજી ! એમ નહિ બને ! એમનો જેવો હુકમ છે કે, સો કામ પડતા મૂકી પ્હેલા મ્હને મળી જવું "

"ઠીક! તો કેશરી! હું મહારાજ પાસે જઈ આવું, ત્યાં સુધી તું અંત્રે બેસ આ સ્હામે ઓરડો દેખાય છે, તેમાં એક છોકરીને કેદ કરેલી છે જોજે સંભાળ રાખજે"

ડિટેકટીવ ભાનુ કેશરીસિંહને કેદી સરયુના સંરક્ષણાર્થે મૂકી મણીપુરનરેશને મળવા દોડયો તેની પૂઠ ફરી, કે તુર્તજ કેશરીસિંહને "ઓરડામાં કોણ કેદ હશે?' એ જોવાનું મન થઇ આવ્યું આંચકો મારી તેણે દ્વાર ખોલી નાખ્યું

"કોણ વનમાળા?" કેશરી બોલી પડયો

"હા! અને તું કોણ કેશરી?" વનમાળા હસી પડી

"તું અહીં કયાંથી" કેશરીએ વનમાળાને પૂછયું

'તે બધું હું ત્હને પછીથી કહીશ હાલ તો આ છોકરીને બચાવવાની તજવીજ કર"

અને થોડીવાર સુધી બંનેએ કંઇક ગુપ્ત વાત કરી તે પછી સરયુને લઇ કેશરીસિંહ ચાલતો થયો સરયુએ કેશરીસિંહની સાથે જવાની ના પાડી તેજ વખતે વનમાળાએ સરયુના કાનમાં કંઈક કહ્યું સરયુ આથી ખૂશ થઇ. વનમાળાની સ્હામું જોતી તે હસતી હસતી ચાલી ગઈ

* * * * * * * *

મણીપુરનરેશને ત્યાંથી રાજકુંવરીને ગુમાયા બદલ બે ચાર ઠપકાની વાતો સાંભળી ડિટેકટીવ ભાનુ પાછો પોતાના મકાનમાં આવ્યો તેનું મન તો પેલી કેદી સરોવરની સુન્દરી! અને પેલા ખોવાયલા ફૂલમાળમાં હતું પોતાના ઓરડામાં પગ મૂકતાં તેણે કેશરીસિંહને ન જોયો તે વ્હેમાયો "આ શું?"

તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ પોતાના શિકારને તપાસવા અને કૂલ મેળવવા તે પાછો પોતાના કેદીના ઓરડા આગળ આવ્યો એક આચકો મારી તેણે સરયુને જે ઓરડામા પૂરેલી હતી, તેનુ દ્વાર ઉઘાડી નાખ્યુ. આખો મીંચી તે અંદર ઘૂસી ગયો તો તેની અત્યંત અજાયબીની અંદર ત્યા સરોવરની સુન્દરી કે સરયુ કોઇ ન્હોતુ

પરન્તુ બ્હાદુર બ્હારવટીઆ ગુલાબસિંહનો જમણો હાથ વીરો ભરેલી પિસ્તોલ તાકી રહામે ઉભો હતો •

મ્હોત કોને વ્હાલુ છે? પ્રાણ કોને પ્યારો નથી? વીરાની પિસ્તોલના ધાકે ડિટેકટીવ ભાનુના હાથો ઉંચા થઇ ગયા વીરો બ્હાર નીકળ્યો જ્યારે ડિટેકટીવ ભાનુ પોતાનાજ ઘરમા કેદીની જગ્યાએ પોતેજ કેદ થયો

દુનિયાની કહેવત છે કે –કરે તે ભરે! ને ખોદે તે પડે!

પુષ્પઃ–૮ મું.

"ડિટેકટીવ ભાનુ."

"દગાખોર! કેશરીસિંહ! મ્હને નહિ ખબર! કે બચ્ચા! તુ પણ દુશ્મનનો માણુસ છે નહિ તો તને પણ જોઇ લેતે"

વીરાને હાથે ઓરડીમા પૂરાયેલો ડિટેકટીવ ભાનુ કેશરીસિંહની ઉપર ગાળો અને શ્રાપોના વરસાદ વરસાવી રહ્યો હતો પોતાના હાથમા આવેલી બાજી–નકામો

બોલાવીને-સ્હેજને માટે બગાડી નાખનાર ! ધૂળમાં મેળવનાર, મણી પુરના રાજા ઉપર તે બહુજ બળી રહ્યો હતો.

ઓરડાની બ્હાર નીકળવા અને બારણું તોડવા તેણે બહુ બહુ પ્રયત્નો કર્યાં, પણ કંઇ વળ્યું નહી અંતે થાકયો અને તેમાંજ અફસોસ કરતો બેઠો.

"ઠીક છે! વીરા! વીરા! ત્હેં મ્હને બે વાર બનાવ્યો છે વખત આવે જોઇ લઇશ. પ્હાડ ઉપરથી ફેંકી દેવા છતા પણ તું બચી ગયો? આશ્ચર્યની વાત છે!"

આશરે પાએક કલાક તેણે આવો લવારો કર્યો હશે, એટનામાં તેના ઓરડાનું બારણું ઉઘડયું. ઉઘાડનાર વનમાળા હતી.

"અરે! તમે! ડિટેકટીવ સાહેબ! અહીં?"

"હા! વનબાળા! રાજકુંવરીના પહેરેગીર કીશોરે દગો કર્યો છે. એ દુશ્મનનો ફૂટેલો માણસ છે તેણેજ તમામ બાજી ધૂળમાં મેળવી. જવા દે પણ બોલ, તું શું સમાચાર લઇ આવી?"

"આજે! કેશરીસિંહને સરયુને લઇને ન્હાસતા મ્હેં નજરો-નજર જોયા છે. તે ઉપરાત"

"શું?"

"થોડી વાર ઉપરજ વીરાને પણ પસાર થતા મ્હેં જોયો હતો."

"તો જતો કેમ કર્યો? તેણે તો મ્હારી આ દશા કરી છે."

"હું અબળા એને શી રીતે પૂરી પડી શકું? છતા ડિટેકટીવ સાહેબ! મ્હારાથી બનતું મ્હેં કર્યું છે. તેની સાથે ખૂબ રકઝકને અંતે આ એક ચીજ તેના ગજવામાંથી પડી ગએલી મ્હારા હાથમાં આવી છે."

"અને એ આબાદ છટકી ગયો?"

"હા!"

" ઠીક છે ! લાવ જોઉં ! એ ચીજ શી છે ? "

' લ્યો આ રહી એની ઉપર કંઇક લખેલું છે મ્હને તો વાંચતા નથી આવડતું, એટલે શું જાણું ? તમે વાંચી જુઓ ! શું લખ્યું છે ? કંઇ કામનું છે ? "

વનમાળાએ એક સરનામું છાપેની કાગળની કાપલી ડિટેકટીવ ભાનુના હાથમાં પોતાની ચોળીના ગજવામાંથી કાઢી આપી ભાનુએ તે લીધી વાંચી વાંચતાંજ તે ખુરશી ઉપરથી ઉભો થઇ ગયો કાપલીના લખાણ પ્રતિ તે ફાટી આંખે જોઈ રહ્યો

' કેમ ? બ્હીધા કેમ ? મ્હને કહો તો ખરા ! એમાં એવું તે શું છે ? "

" વનમાળા ! તું જલ્દી જા આ કાપલી જેના ગજવામાંથી પડી ગઇ,એ વીરાની જે કંઇ બાતમી મળે તે મેળવી લાવ મ્હારે કામ છે "

" બહુ સારૂં ! " કહી વનમાળા ચાલતી થઇ

તેના ગયા પછી ડિટેકટીવે એક નવોજ વેશ કાઢયો વેશ બદલી તે બ્હાર જવાને તૈયાર થઇ ગયો તેને જરૂર શંકા પડી હતી, કે પોતાનો છૂપો ભેદ જાણનાર વ્યક્તિ આજે લામે વખતે પ્રકાશમાં આવી છે, અને તે વનમાળા નહિ પણ વીરોજ છે તેનું આ અનુમાન સર્વથા સાચું હતું


કોઇ પોતાને ન ઓળખે ! એ વેશે ડિટેકટીવ ભાનુએ ઘર બ્હાર પગલું મૂકયું ફરી પાછી એક વાર પેલી કાગળની કાપલી કે જે વનમાળાએ વીરા પાસેથી મેળવી આપી હતી, તે ગજવામાંથી બહાર કાઢી વાંચી ફરી વાંચી

તેમાં શું લખ્યું હતું ? કેવળ બેજ શબ્દ અને તે

"ડિટેકટીવ ભાનુ"

પુષ્પ:-૯ મું.

" વેશ્યાને ત્યાં ! "



ગુલામસિંહ ભાનુમતીને વૃક્ષ તળે સુવડાવી સરિતા કિનારે ગયો તે પછી એકાએક ભાનુમતીને ભાન આવ્યુ શુદ્ધિમા આવતાજ તેણે પોતાને નિર્જન સ્થાનમા ઝાડ તળે સૂતેલી જોઇ તે બ્હીની પોતાના મ્હેલમા જવાનો રસ્તો માલમ ન હોવાને લઇને તેણે નસીબને ભરોસે જ્યા જવાય ત્યા ચાલવા માડ્યુ ચાલતી ચાલતી તે પાસેના રાજપુર નામક ગામને પાદરે આવી પ્હોચી

ગામને દરવાજે રાજપુરની પ્રખ્યાત વેશ્યા મધુરીનુ વિશાળ મકાન આવી રહ્યુ હતુ અત્યારે તેના મકાનમા સગીતની મઝા ઉડી રહી હતી

રાધા–પાલવ મ્હારો મૂક કહૈનૈયા
જાવુ મ્હને જળ ભરવા .
મોડુ થાશે માત ખિજાશે
રોકે બળ્યુ શુ કરવા ? જવા દે જાવુ
છેક છકેલો .. નન્દનો છેલો
રાખે ન કોઇની પરવા જવા દે જાવુ
મસ્તી કરીને પાલવ ચીર્યો (કયા છે ?)
(જો ') ભિંઢણુ લાગી સરવા (૨)

રોજ ઉઠીને ! ઘંઘો ત્હારે પનીહારીને પજવવા
જવા દે જાવું.

બંસી વગાડે ! નેહ લગાડે ગોપીના ચિત્ત હરવા
(એમ કે ?)

હારી હવે હું ! છોડ મ્હને તું ! શરમા ! જરી કે શરમા !
જવા દે જાવું

" પુષ્પ " કથે ધનભાગ્ય પ્રભુજી (તેના)
પાલવ ઝાલે જેના જવા દે જાવું

રાજકુંવરી ભાનુમતી આજ મકાન પાસે આવી ઉભી રહી. કોઇ ગૃહસ્થના ઘરમાં મંગળ પ્રસંગને લઇને ઉત્સવ નિમિત્તે આ રંગ-રાગ ઉડી રહ્યા હશે, એમ ધારી ભાનુમતી મકાનના પગથીઆ ચઢવા લાગી. એક રાત્રિ આશ્રય લઇ પ્રભાત થતાં પોતાના મ્હેલે ચાલ્યા જવું, એજ તેનો ઇરાદો હતો. દ્વાર ખુલ્લા હતા એટલે ભાનુમતીને ઉપર જતાં કોઇ પણ જાતનો વિચાર કરવો રહ્યો નહિ

ઉપર જતાંજ તેણે શું જોયું ? એક વિશાળ શણગારેલા ઓરડાની વચ્ચોવચ્ચ એક મોહીની અણમૂલ વસ્ત્રાલંકારોથી વિભૂષીત બનીને આ ગાયન લલકારી રહી હતી આજુબાજુ ધનવાન લ્હેરીવાલાઓ મણિધરની માફક દિવાના બની ડોલી રહ્યા હતા એટલામાં વેશ્યાની નજર તેના ઉપર પડી. સંગીત અટક્યું તે બોલી,

"કોણ?"

"એક નિરાધાર અબળા ! બ્હેન ! આજની રાત મ્હને આપના મકાનમાં આશ્રય મળશે?" ભાનુમતી ડરતા ડરતા બોલી

ભાનુમતીના અંગ ઉપર મૂલ્યવાન ચીરો તથા અલંકારો જોતાજ તે અંજાઇ ગઈ રાજકુંવરીના સૌન્દર્યે મધુરી ચેતી ગઇ, કે આ કોઇ ખાનદાનનું બચ્ચું વખાનું માર્યું દૈવયોગે આ રસ્તે આવી ચઢ્યું છે શિકાર સારો છે, ધારી, મધુરીએ એક આ ખરદારના ઘરની સ્ત્રીની માફક તેને સન્માન આપી બેસાડી

આંખની ઇશારત થતાજ દાસીએ રંગીલાલાઓને ચાલતા થવાનું કહ્યું તમામ વેરાઇ ગયા પછી મધુરીએ ભાનુમતીને પૂછ્યુ,

"બ્હેન તમારૂં નામ શું?"

"ભારતી" ભાનુમતીએ પોતાનું ખરૂં નામ છૂપાવ્યું

"તમે આવી ભયાનક રાત્રિએ અત્યારે અહીં કેવી રીતે આવી ચઢ્યા?"

"તે હું પોતે પણ નથી જાણતી બ્હેન! હું મણીપુરના એક ગર્ભશ્રીમંત પિતાની પુત્રી છું રાત્રિને વખતે મ્હને કોણ ત્યાંથી ઉપાડી લાવ્યું? એની મને ખબર નથી અહીંથી થોડે દૂર એક વૃક્ષ નીચે મ્હને સુવડાવવામાં આવી હતી જ્યારે હું જાગી ત્યારે બ્હીધી. તે પછી જ્યાં નસીબ દોરી લાવ્યું, ત્યાં આવી ચઢી છું આજની રાત મ્હને અત્રે સુવા દેશો? સ્હવાર પડતાં હું ચાલી જઇશ"

ભાનુમતીએ પોતે રાજકુંવરી છે, એ વાત ગુપ્ત રાખી, કારણ કે તેને સજ્જડ શક પડયો હતો, કે હું વેશ્યાના મકાનમાં આવી ચઢી છું તે હવે પસ્તાતી હતી, પરંતુ શું કામનું?"

"ખુશીથી સૂઈ રહો આ મકાન આપનુંજ છે હો બ્હેન! તમારે કોઇ પણ વાતે ગભરાવું નહિ પ્રભાતે આપના પિતા પાસે આપને પ્હોંચાડી દેવા હુંજ સર્વ પ્રતિબંધ કરી આપીશ."

"આપનો ઉપકાર !" ભાનુમતી ધબકતી છાતી ઉપર હાથ મૂકતા આટલું બોલી

આ પછી તે બેઉ વચ્ચે થોડી અન્ય વાતચીત થઇ તે પછી ભાનુમતીએ પોતાને ઉંઘ આવે છે, એમ કે'તાજ મધુરી તેને એક સુસજ્જિત શયનખંડમા લઇ ગઇ થોડાક વસ્ત્રો બતાવતી, તે બોલી, "હુ ધારૂ છુ કે આજની રાત તમે અહી ઘણી સારી રીતે ગાળી શકશો "

જાણે આભાર દર્શાવતી ન હોય ! તેમ ભાનુમતી કેવળ આના જવાબમા સ્હેજ હસી મધુરી બારણુ બ્હારથી બધ કરી ત્યાથી ચાલતી થઈ

મધુરીના ગયા પછી ભાનુમતીએ વસ્ત્રો બદલી નાખ્યા પ્રભાતે પોતાના નગ્રમા જતા પોતાને કોઇ ન ઓળખના પામે, એ વિચાર પણ વસ્ત્ર બદલતી વેળા તેના મગજમા હતો વસ્ત્ર બદલી શ્રમિત એવી રાજ-કુમારી પલગમા પોઢી ગઈ દૈવસયોગ તે આનુ નામ ! કયા એક રાજમ્હેલમા પોઢનાર રાજકન્યા વેશ્યાને ત્યાં !

ભાનુમતીને સૂતાને એકાદ કલાક થયો, છતા હજુ મધુરીને ઉંઘ આવતી ન હતી તેના મગજમા આ પોતાના હાથમા અચાનક આવી પડેલી આબરૂદારની કન્યાને વિષે વિધવિધ વિચારો ગોળાતા હતા વળી તે કોઇના આવવાની આશાતુર નયને વાટ જોતી હતી એટલામા દ્વાર ખખડયા પ્હેલેથીજ કોણ આવનાર છે ? એ જાણતી મધુરીએ ઝટપટ નીચે ઉતરી તે ખોલ્યા પ્રવેશનાર પુરૂષ નહિ પરન્તુ એક રમણીને જોતાજ તે અજાયબ થઈ બોલી,

" તમે કોણ ? "

" ભામિની ! "

આટલોજ શબ્દ કહી તે આવનાર રમણીએ વેશ્યા મધુરીના કાનમા પોતાની ઓળખાણ આપી આશ્ચર્ય પામતી અને હસતી વેશ્યા તેને લઇને પોતાના દિવાનખાનામા આવી થોડી વાર મધુરી અને આ નવીન આવનાર રમણી ભામિનીની વચ્ચે છૂપી મસલત થઇ, તે પછી ભામિની બોલી "

" મધુરી ! હ્હને ખબર છે, કે "

" શું ? "

"આપણા હાથમાથી છટકેલા દુશ્મનો હજુ હયાતી ભોગવે છે !"

" કોણે કહ્યુ ? "

" ર્હે ! મ્હારી નજરોનજર એમાના એકને જોયો છે આપણા છૂપા ભેદોથી તે જાણકાર છે તે ઉપરાત તેને ગુલામસિંહ બ્હારવ-ટીઆ જેવાની ઓથ છે "

" કોણ ? વીરો તો નહિ ? "

"એજ ! એજ ! "

" તમે એ શા ઉપરથી જાણ્યુ ? "

" ડિટેકટીવ ભાનુપ્રસાદને તેના ગજવામાથી એક ચીજ મળી આવી છે. તેના ઉપર એવુ લખ્યુ હતુ "

" શુ ? "

" ડિટેકટીવ ભાનુપ્રસાદ "

"હે ? "

" હવે તુજ કહે, કે —ડિટેકટીવ ભાનુપ્રસાદના નામનો છાપેલો કાર્ડ વીરાના ગજવામા કયાથી આવ્યો ? "

" ત્યારે વેશધારી ડિટેકટીવ ભાનુનો ભેદ પકડાઇ ગયો ? "

" હા ! અને તેજ કહેવા હું અત્યારે આવી છું જો સાંભળ ! આ ખાસ કામ માટે હવે શા પગલા ભરવા ? તે વિચાર કરવાનો છે મ્હને એમા ત્હારી જરૂર છે ડિટેકટીવ ભાનુના મકાનમા બનતા લગી કાલે વનમાળા પણ આવવાની છે તુ પણ લગભગ બપોરે ત્યા આવી રહેજે "

આ વાત વધુ લબાય, તે પ્હેલા મધુરીના દ્વાર ઉપર પાછો અવાજ થયો ભામિનીએ બારીમાથી બ્હાર જોયુ ચંદ્રની ચાંદનીના અજવાળામા પગથીઆ ઉપર ઉભેલી વ્યકિતનુ મુખ જોતાજ ભામિની બ્હીધી ' મધુરી ! હુ ન્હાસી જાઉં, ત્યા સુધી આ આવનારને ખોટી કરજે " કહી ભામિની એક ઓરડાના દ્વાર ઉઘાડી તેમા ભરાઇ ગઇ

બારણા ખૂબ ખખડના લાગ્યા " કોણ હશે ? " તથા ભામિની એનાથી આટની બધી ડરીને કેમ ન્હાસતી હશે ? એ વિષે તર્કવિતર્ક કરતી મધુરી હાથમા ફાનસ લઇ દ્વાર ખોલવા નીચે ઉતરી

જ્યારે આ બાજુ ભામિની પેલી આવનાર નૂતન વ્યકિતથી ન્હાસવા યા છૂપાના ઓરડામા આમ તેમ ફાફા મારવા લાગી અચાનક તેની નજર ઓરડામાના પલંગ ઉપર પડી તેમા એક સ્ત્રી-વ્યકિત અત્યારે સૂતેલી હતી

વાચક ! આ તેજ ઓરડો હતો, કે જેમા મધુરીએ ભાનુમતીને સુવાનુ કહ્યુ હતુ ધીરે પગલે ભામિની ભાનુમતીના પલંગ પાસે ગઈ દીવાનુ તેજ સૂતેલી રમણીના મોઢા ઉપર બરાબર પડતુ હતુ ભામિનીએ પાસે જઇ તેનુ મોઢુ જોયુ જોતાજ તે ચમકી બે ડગલા પાછળ હટી, બોલી પડી "કોણ રાજકુંવરી ભાનુમતી ? અહીંયા ? "

પુષ્પ.—૧૦મું.

" ભૂલનો ભોગ "

જ્યારે ભીને કપડે ગુલાબસિંહ ભાનુમતીને સુવડાવી હતી, ત્યાં આવ્યો, ત્યારે ભાનુમતીને તેણે ત્યાં ન જોઇ પોતાનો ઘોડો પણ તેણે ત્યાં ન જોયો ભાનુમતી શુદ્ધિમાં આવતાંજ પોતાના અશ્વ ઉપર બેસી પલાયન થઈ ગઇ હશે ! એમ ગુલાબસિંહે ધારી લીધું

વૃક્ષ નીચેજ તેણે રાત્રિ પસાર કરવાનું ધાર્યું ભીનાં કપડાં નીચોવી નાખી બ્હારવટીઓ પાદડાની પથારી કરી તેજ વૃક્ષ નીચે સૂનો.

પોતાને સૂઈ ગયાને કેટલી વાર થઇ તેની ખબર તેને ન પડી. પરંતુ જ્યારે તે જાગ્યો, ત્યારે તેણે જોયું કે, થોડે દૂર એક રમણી ઝપાટાબંધ પગલાં ઉપાડતી કયાંક જઇ રહી છે

વૃક્ષના ખરી પડેલા સુકાં પાદડાઓ ઉપર તેના પગ પડવાથી અવાજ થયો અને એ અવાજે ચપળ બ્હારવટીઆની આંખો ઉઘડી ગઈ તે એકદમ ઉભો થયો પેલી રમણી આ વખતે ઘણે દૂર નીકળી ગઈ હતી, છતાં બ્હારવટીઓ તેને ન્હાસતી ભાનુમતીજ હોવી જોઇએ' એમ ધારી પકડવા પાછળ પડયો

જ્યારે આગળ ચાલનાર રમણી ભાનુમતી નહિ, પરન્તુ ભામિની હતી. તેને વેશ્યા મધુરીના મકાનમાં જતી ગુલાબસિંહે જોઇ લીધી.

ધાર્યા આવી દ્વાર ઠોકનાર તે ગુલાબસિંહ જાતેજ હતો. જ્યારે ભામિની બારીએથી ગુલાબસિંહને આવેલો જોતાજ ચમકીને પેલા ઓરડામા ભરાઈ ગઈ હતી.

એક પળનો પણ વિચાર કર્યા વિના ભામિનીએ રાજકુમારી ભાનુમતીએ બદલી નાખેલા કપડા પ્હેરી લીધા. ભાનુમતી જાગે નહિ, એમ તેની સાથેના બીજા પલંગમા તે પણ પોઢી ગઈ સૂતેલી ભાનુમતી ઉપર કોઈની એકાએક નજર ન પડે ! એમ સંભાળપૂર્વક તેણે એક ચારસો તેના શરીર ઉપર ઓઢાડી દીધો

જે અરસામાં મધુરીએ નીચે જઈ દ્વાર ખોલ્યા ગુલાબસિંહ ઘરમા દાખલ થયો. મધુરીએ તેને અટકાવતા કહ્યુ,

" [illegible] તો ! તમે કોણ છો ? "

" [illegible]

" [illegible] આમ વગર રજાએ આવવાનો તમને શુ અધિકાર [illegible]

" બહારવટીઓ ગુલાબસિંહ સત્તાધીશ અને રાજાચિઠ્ઠિઓને ખીસામા રાખી ફરે છે "

બહારવટીઆનુ નામ સાભળતાજ મધુરી ચૂપ થઈ ગઈ ભામિનીના ડરનુ કારણ હવેજ તેને સમજાયુ ગુલાબસિંહે ભામિનીને આ ઘરમા પ્રવેશતા જોઈ હશે, અને તેની પાછળજ એ અહીં આવ્યો હોવો જોઈએ, એ સત્ય અનુમાન મધુરીએ બાધી લીધુ

ગુલાબસિંહે ઉપર આવતાજ મધુરીનો એક હાથ પોતાના હાથમા મજબુત રીતે પકડ્યો તેના બીજા હાથમા પિસ્તોલ હતી મધુરીની છાતી ઉપર ધરતા તે બોલ્યો, " સીધે સીધી બતાવી દે, કે થોડીજ વાર ઉપર ત્હારા ઘરમા પ્રવેશેલી રમણી ક્યા છે ? "

એક ક્ષણમાં મધુરીના મગજમાં સેંકડો વિચાર આવી પસાર થઈ ગયા ભામિની ન્હાસી ગઇ હશે કે નહિ ? તે પણ તેને ન સમજાયું "ગુલાબસિંહ ભામિનીને બદલે પેલી ભાગતીનેજ (ભાનુમતીને) લઇ જાય તો કેમ ?" એ વિચારે તેણે ભાનુમતીના શયનખંડના દ્વાર પ્રતિ આગળી કરી "આમાં સૂતેલી છે"

ગુલાબસિંહને પણ ભામિની નહિ, પરન્તુ ભાનુમતીજ જોઇતી હતી ભામિનીને તેણે જોઇ પણ ન્હોતી, તેમ તેની આશાએ તે આટલે દૂર આવ્યો પણ ન્હોતો મધુરીના બતાવેલા ઓરડાનું દ્વાર ઉઘાડી નાખી તે અંદર ધસી ગયો પલંગ ઉપર આગળનીજ બાજુએ ભાનુમતીના પોશાકમાં ભામિની સૂતી હતી વસ્ત્ર ઉપરથીજ તેને ભાનુમતી ધારી લઇ ગુલાબસિંહ બોલી ઉઠયો, "એજ ! અંતે મ્હારૂં ધાર્યું ખરૂં પડયું, ને ફેરો પણ સફળ થયો" બીજીજ પળે તેણે જોયા વગર ભાનુમતી—વેશધારી ભામિનીને ઉચકી, ઉત્રતીજ ખાંધ ઉપર નાખી ચાલવા માંડયું મધુરી પણ ગુલાબસિંહના ખભા ઉપર ભારતીને (ભાનુમતીને) જોઇ ખૂશ થઇ વેશ્યા અને ગુલાબસિંહ બંનેએ ભાનુમતીના વસ્ત્ર ઉપરથીજ તેને રાજકુંવરી માની લેવાની ભૂલ કરી હતી. જ્યારે પલંગની છેક પાછલી બાજુએ સૂતેલી ખરી ભાનુમતી ઉપર કોઇની નજર ન્હોતી પડી

પોતે ગુલાબસિંહને બનાવવામાં સફળ થઇ હતી, તે ઉપર હસતી હસતી મધુરી ભાનુમતીના શયનખંડમાં આવી તેની અત્યંત અજાયબીની અંદર હજુ પલંગ ઉપર એક રમણીને તેણે સૂતેલી જોઇ. ગુલાબસિંહ પોતાને જોઈ લે ! એ ભયને લઇને ચાલાક ભામિનીએ સૂતા અગાઉ દીવો હોલવી અંધારૂં કરી દીધું હતું, અને તેનેજ લઇને

ગુલાબસિંહ પાછળ પીઠ કરી સૂતેલી ખરી ભાનુમતીનું મ્હોં જોવા ન્હોતો પામ્યો. બારીમાંથી પડતા ચંદ્રના અજવાળામાંજ તે ભાનુમતીના વસ્ત્રને ઓળખી જઈ ભામિનીને ઉપાડી ગયો હતો.

મધુરીએ દીવો ચેતાવ્યો. તેનો પ્રકાશ સૂતેલી રમણીની પીઠ ઉપર પડ્યો. તેણે વિરૂદ્ધ દિશામાં પાસું બદલેલું હોવાથી તેનું મોઢું દેખાતું ન હતું. કદાચ! ભામિની તો નહિ હોય! એમ ધારી ડરતી ડરતી વેશ્યા તેની પાસે ગઈ. એટલામાં ભાનુમતીએ પાસું બદલ્યું. વેશ્યાએ તેનું મોઢું જોયું. તેના મ્હોંમાંથી અચાનક ઉદ્ગાર નીકળી ગયા.

" કોણ ' ભારતી ? "

મધુરીના અચાનક અવાજે ભાનુમતી જાગી ઉઠી. તે શય્યામાં બેઠી થઈ ગઈ. મધુરીને પોતાની પાસે ઉભેલી જોતા, અને પોતાનું નામ દઈ બોલાવતી સાંભળી, તેણે કહ્યું.

" કોને ? મ્હને બોલાવો છો ? "

મધુરી શું બોલે ? તે તો ભાનુમતીને જોતાંજ સ્થંભી ગઈ. સ્વગત બોલી, ' આ ભારતી તો અહિંજ છે, ત્યારે ગુલાબસિંહ એ કોને ઉપાડી ગયો ' "

ભામિનીનો પ્રપંચ પાર ઉતર્યો હતો. ભાનુમતીને બદલે ભૂલમાં ભામિનીને ઉચકી જવામાં ગુલાબસિંહ ઠગાયો હતો. સ્વહસ્તેજ તે ભૂલનો ભોગ થયો હતો.

પુષ્પઃ—૧૧ મું.

" ઓચિંતો ઘા "

"ભારતી ! તું ક્યાં સુતી હતી ?" મધુરીએ આશ્ચર્ય જનક નજરે પૂછયું

" કેમ ? આ પલંગ ઉપરજ ! "

મધુરી, બનેલો બનાવ એક પળમાં પામી ગઈ ભામિનીએ ગુલાબસિંહને સપડાવવા સ્વહસ્તેજ આ પ્રપંચજાળ પાથરી હતી, એમ તે સમજી ગઇ છતાં ભાનુમતીને શક ન પડે એટલા માટે તે બોલી, "જોજે ! બ્હેન ! સાચવીને સુજે ! મ્હે કોઇ બદમાશને આપણા ઘરમાં પેઠેલો જોતાજ ગભરાઇને અહીં આવી તને જગાડવા બૂમ મારી હતી "

ભાનુમતીને ગળે મધુરીની આ વાત ન ઉતરી તેના ગયા પછી તેણે પોતાનાં વસ્ત્રો મૂકયાં હતાં ત્યાં જોયું તે ત્યાં ન હતાં નક્કી આ મધુરી કોઇ ભેદી પૂતળી છે, એમ તેના દીલમાં ઠસી ગયું પ્રાતઃકાળેજ તેનું ઘર ત્યાગી ગૂપચૂપ ચાલ્યા જવાનો તેણે ઠરાવ કર્યો

જ્યારે આ બાજુ ભામિનીને નિદ્રાધીન અને ભાનુમતી ધારતો ગુલાબસિંહ ખભે નાખી રસ્તો કાપી રહ્યો હતો પેલીજ સરિતા ઉપરની આસુ ભરી યાદ વાળી ટેકરી ઉપરથી પોતાના છૂપા સ્થાને પ્હોચવા પસાર થઇ રહ્યો હતો

પરન્તુ માણસ ધારે છે કંઇ ! અને ઇશ્વર કરે છે કંઈ ! ગુલાબસિંહની પીઠ ઉપર ઉચકાયલી દગાખોર ભામિનીએ એક તીક્ષ્ણ છૂરીનો ઘા બ્હારવટીઆની પીઠ ઉપર કર્યો અચાનક ઘા વાગતાજ ગુલાબસિંહ તમ્મર ખાઇ નીચે પડયો તેની પીઠમાથી બેશુમાર લોહી વહેવા લાગ્યું.

બદમાશ ભામિનીના વૈરની તૃપ્તી હજુ ન્હોતી થઈ ગુલાબસિંહનુ તે મ્હોત જોવા ચ્હાતી હતી ઘવાયલા વીરને તેણે પોતાના હાથો વડે ટેકરી ઉપરથી નીચે સરિતાના જળમા હડસેલી દીધો એક ભયંકર હાસ્ય કરી ભામિની તેને ડૂબતો જોઇ, બોલી ઉઠી, " આહાહાહા ! ખલાસ ! બસ ! ખલાસ ! દુનિયાના એક મહાન બહારવટીઆના મ્હોતનુ માન અને અભિમાન બને મ્હને છે તેણે ભાનુમતીને મેળવવા પાછુ વેસ્યા મંજુરીના ઘર તરફ પ્રયાણ કર્યું

આ સમયે પરોઢ ફાટી ચૂક્યુ હતુ રાજકુવરી ભાનુમતી આવા આછા અધારામાજ પોતાને મકાને જવા તૈયાર થઇ રહી હતી એટલામા ઉતાવળી મંજુરીને દ્વારે પાછી ભામિની આવી ઉપર આવ્યા પછી તેણે મંજુરીને પૂછ્યુ, " મંજુરી ! મ્હે આ સ્હામેના ઓરડામા રાજકુવરી ભાનુમતીને જોઇ હતી તે કયા છે ? "

" રાજકુવરી ભાનુમતી ? " મંજુરી આશ્ચર્ય પામતી બોલી

" હા હા "

" તુ ભૂલે છે એ અહીં આવીજ નથી "

" તો શુ મ્હે મ્હારી બાજુના પલગ પર એક રમણીને સૂતેલી જોઇ હતી, તે ખોટુ ? અરે ! આ એના વસ્ત્ર શુદ્ધા તો હજુ મ્હારા શરીર પર છે, ને તુ ના કહે છે ? "

" પરન્તુ એ તો ભારતી છે, ભાનુમતી નહિ ! "

"ભારતી ? એ વળી કોણ ? "

" મણીપુરના કોઈ આમરદાર કુટુંબની કન્યા "

" ખોટી વાત ! મધુરી ! એણે નામ છૂપાવ્યું છે બહારવટીઆ ગુલાબસિંહના દગાનો ભોગ થએલી સુન્દરી, એજ રાજકુંવરી ભાનુમતી છે "

ભાનુમતી કે જે કાન માંડીને દ્વાર આગળ ઉભી રહી આ વાત સાંભળતી હતી, તે એકદમ બ્હાર આવી બોલી, " હા હુંજ મણીપુર નરેશની પુત્રી રાજકુંવરી ભાનુમતી ! બોલો શું છે ? "

" કંઇ નથી રાજકુંવરી ! હું તમને તમારા પિતાની આજ્ઞાથી છોડાવવા આવ્યો છું ચાલો "

" તમે કોણ છો ? "

" ડિટેકટીવ ભાનુપ્રસાદ ! "

એમ કે'તાંજ ભામિનીએ સ્ત્રી–વેશ કાઢી દૂર ફેંકી દીધો ખરે-ખર ! ગુલાબસિંહને ભૂલાવામાં નાખી મધુરીના મકાનમાં લાવનાર તે વેશધારી ડિટેકટીવ ભાનુજ હતો ભાનુમતીને શોધવા, અને મધુરી સાથે મળી એક ગુપ્ત બાજી ગોઠવવા, તે સરયુને ગુમાવી, વનબાળાની સ્હાયથી છૂટી, મધુરીને મકાને આવી રહ્યો હતો તેજ વખતે ગુલાબ-સિંહ તેની પૂઠે પડ્યો (તેને પોતાના હાથમાંથી છટકેલી ભાનુમતી ધારી) ભામિનીએ તેને બારીએથીજ જોઇ લીધો, અને અંતે ગુલાબ-સિંહ ભામિનીના પ્રપંચનો ભોગ થયો

મધુરી અને વેશધારી ડિટેકટીવ ભાનુપ્રસાદ સગા ભાઇબ્હેન સાથે ! એક ડિટેકટીવની બ્હેન તે રાજપુરની પ્રખ્યાત વેશ્યા ! કેવું આશ્ચર્ય ! ભાનુમતી પણ ભામિનીને બદલે ભાનુને જોતાંજ દીંગ થઈ ગઇ પરન્તુ તેને એ ખબર ન્હોતી કે ડિટેકટીવની બ્હેન મધુરી ! ને એક નીચ વેશ્યા છે

ભામિનીએ ઉતારી નાખેલો અસલ ભાનુમતીનો પોશાક પાછો રાજકુંવરીએ ધારણ કર્યો. ડિટેકટીવે હરખાતે હૈયે મધુરી તથા ભાનુમતીને લઇને મણીપુર પ્રતિ પ્રયાણ કર્યું.

મણીપુર નરેશને ભાનુમતીએ પોતાની સર્વ વાત વિસ્તારપૂર્વક કહી દીધી. તે પછી ભાનુએ પણ પોતાની હોશિયારીનું બ્યાન કર્યું. બ્હારવટીઆ ગુનામસિંહને સદાને માટે વિદાય કર્યાની તથા કેશરી સિંહ દુશ્મનનો માણસ હોઇ પોતાને દગો કરી ન્હાસી ગયાની વાત કહેવા પણ ડિટેકટીવ ભાનુ ન ચૂકયો. પોતાની પુત્રીને આશ્રય આપનાર વેશ્યા મધુરીને તથા શોધી લાવનાર ડિટેકટીવ ભાનુને રાજાએ ખૂશ થઈ કીમતી બક્ષીસો આપી. તે પછી પુત્રીની ઇચ્છાને માન આપી મણીપુરનરેશે ડીટેકટીવને કહ્યું, "ભાનું મધુરી સાથે ત્હારો શો સબંધ છે?"

"કંઇજ નહિં મહારાજા! વનમાળાની પેઠે મધુરી પણ વેશ્યાને વેશે એક મ્હારી છૂપી મદદનીશજ છે. અમારા ડિટેકટીવ લોકને આવા છૂપા મદદગારો પણ રાખવા પડે છે."

પિતા પુત્રી બેઉની શંકા ભાગી ગઇ. મધુરીને લઇ ડિટેકટીવ ભાનુ ખૂબ હરખાતો પોતાને ઘેર ગયો (અમીરના મકાને) તેના આટલા બધા હર્ષનું કારણ મણીપુરનરેશે પોતાની પ્રજા સમક્ષ તુર્તજ બ્હાર પાડેલો એક ઢંઢેરો હતો.

"પ્રખ્યાત બ્હારવટીઆ ગુલાબસિંહને મ્હાત કરી તેની લાશ નદીમાં ફેંકી દઇ, ગુમાયલી રાજકન્યા ભાનુમતીને તેના હાથમાંથી છોડાવી લાવનાર બાહોશ અને જાણીતા રાજપુરના વિખ્યાત ડિટેકટીવ ભાનુપ્રસાદને પરમદિવસે દરબારમાં મણીપુરનરેશ તરફથી માન પત્ર મળનાર છે" તે પ્રસંગે સર્વેએ પધારવું.

પુષ્પ:–૧૨મું.

“બચાવ!”



સરોવરની સુન્દરી સરયુને લઇ કેશરીસિંહ યક્ષ-ભુવનમાં આવી લાગ્યો. સરયુએ કેશરીસિંહને પોતાના ગુપ્તસ્થાનથી પરિચિત જાણતાંજ પૂછયું

“તમે કોણ છો? તથા આ સ્થાનનો ભેદ તમે કયાંથી જાણો છો? વીરા સાથે તમને શો સંબંધ?”

‘બાળા! એ બધું સમય આવે આપોઆપ ખુલ્લું થશે. હાલ તો એટલુંજ જાણવું બસ થઇ પડશે, કે સેવક આપ સૌનો પરમહિતેચ્છુ અને છૂપો મદદગાર છે.’

આ પછી સરયુ કેશરીસિંહને લઇ સ્નેહ–સરોવરની શોભા બતાવવા લાગી. થોડી વાર પછી ત્યાં વીરો આવી લાગ્યો.

“કેશરી! ત્હારે હવે રાજકન્યાને મ્હેલે જવાની જરૂર નથી રહી, કારણ કે તું અમારો છૂપો મદદગાર છે, એમ ડિટેક્ટીવ તથા રાજા તમામ ચેતી ગયા છે.”

“ત્યારે કયાં જાઉં?’

“ભગવતીની પાસે હું ઝુંપડીમાં સરયુને સંભાળી આજનો દિવસ હજુ ગુલાબસિંહની વાટ જોઉં છું. તેઓ રાજકુંવરીનું હરણ કરવા ગયા હતા, અને તેમાં ફાવ્યા છે, છતાં હજુ પાછા નથી આવ્યા. તું ત્યાં રહી સાથે સાથે તેમની પણ તપાસ કરજે.”

"બહુ સારૂં"

તે પછી કેશરીસિંહ સરયુને વીરાની સંભાળમાં સોંપી ભગવતીને ઝુંપડે જવા ચાલતો થયો. જ્યારે આ બાજુ વીરા તથા સરયુએ આખી રાત્રિ પ્રેમની વાતો કરવામાંજ પસાર કરી. ખરેખર વીરા સરયુને અને સરયુ વીરાને પરસ્પર પવિત્ર પ્રેમથી ચ્હાતા હતા. ભવિષ્યમાં પતિ-પત્ની થવાની મહાન આશા રાખતા હતા. પ્રભુ એ પાર પાડે!

જ્યારે કેશરીસિંહ ભગવતીને ઝુંપડે આવી લાગ્યો, ત્યારે લગભગ રાત્રી પડી ચૂકી હતી. શ્રમિત કેશરીસિંહે દેવીને બનેલી તમામ ઘટના કહી નિદ્રાદેવીનું શરણું લીધું.

બીજા દિવસનું પરોઢ થયું. દેવી ભગવતી એક ધવલ વસ્ત્ર ધારિણી યોગીની હતા. પ્રભાતના આછા અજવાળાના સમાચાર કૂકડાઓએ સંભળાવતાંજ તેઓએ શય્યા ત્યાગી નિત્યકર્મ અને સ્નાન કરવા માટે દેવી પાસેની સરિતામાં ગયા.

સ્નાન કરવા જેવા યોગીનીએ પોતાના બે પગો પાણીમાં મૂક્યા, ત્યાંજ સ્હામે કાંઠે પાણીમાં એક જબરજસ્ત ધમાકો થયેલો તેમણે સાંભળ્યો. સામેના પહાડની ટેકરી ઉપરથી કોઈ હતભાગી પ્રાણી યા પશુ પડ્યા જેવું તેમને લાગ્યું. પાછા ફરી ઝુંપડીમાં જઈ તત્કાળ તેમણે બૂમ મારી.

"મનુ ઓ મનુ!"

ઝુંપડાની અંદરથી સશક્ત બાંધાનો આશરે ૨૫ થી ૩૦ વર્ષનો એક ભરયુવાન આંખો ચોળતો બ્હાર આવ્યો. "કેમ માતાજી?"

"મનુ! જલદી જા! સ્હામે કાંઠે નદીમાં જળના હમણાંજ કોઈનો ટેકરી ઉપરથી પડવાનો અવાજ મ્હેં સાંભળ્યો. એ હતભાગીને બચાવ".

મહાદેવીની આજ્ઞા થતાજ તરવામા બાહોશ એવો મનુ કચ્છ બીડી પાણીમા કુદ્યો જોતજોતામા તે સ્હામે કાંઠે જઇ પહોચ્યો થોડા પાણીના પ્રવાહમા ધીરે ધીરે એક વ્યકિતનુ શબ જેવુ તણાતુ, તેને કઇ લાગ્યુ તેને બચાવી મનુ કિનારે આવ્યો

કિનારે લાવતાજ યોગીનીની નજર તે હતભાગી પુરૂષ ઉપર પડી તે ચોકી " કોણ મ્હારા "યોગીની આગળ બોલતી અટકી પડી તેણે પાસે ઉભેલા મનુની સ્હામુ જોઇ પૂછ્યુ, " મનુ ! આ કોણ છે ? ઓળખાય છે ? "

" હા ! બ્હારવટીઆ ગુલાબસિહ "

ભામિની ઉર્ફે ડિટેકટીવ ભાનુના દગાનો ભોગ થઈ ટેકરી ઉપરથી ગબડાવી દીધેલા આ ઘાયલ ગુલાબસિહના અચેતન પ્રાણપિંજર ઉપર દેવીના નયન પલકારા પડયા તે સજળ નયને બોલી "ઝુપડીમા લઇ ચલો."

યોગીની તથા મનુ બને મળીને ગુલાબસિહને ઝુપડીમા લઇ આવ્યા અગ્નિ પ્રકટાવી યોગીનીએ ગુલાબસિહને જાગૃતિ લાવવા શેક કરવો શરૂ કર્યો એટલામા મનુ આજુબાજુથી કોઇ એક વૃક્ષના પાદડા ચૂટી લાવ્યો તેનો કુચો કરી તેણે ગુલાબસિહના ઘા ઉપર તે બાધી દીધો ઘા કરનાર જરા ચૂકયો હતો બળવાન બ્હારવટીઆના માંસલ અગમા તે બહુ ઉડે ન્હોતો પેસી શકયો, અને તેનેજ લઇને તે પ્રાણઘાતક થતો બચી ગયો

ચાપતા ઉપાયે જ્યારે ગુલાબસિહ જરા શુદ્ધિમા આવ્યો, ત્યારે તેણે પાસુ બદલ્યુ યોગીનીની આખમા આ વેળા હર્ષનુ આસુ આવ્યુ મનુના નિરાશ મ્હોડા ઉપર પણ પ્રસન્નતાની જ્યોતિ છવાઇ રહી.

એટલામાં અર્ધજાગૃતિમાં આવેલો ગુલાબસિંહ બોલ્યો, "હું ક્યાં છું ?"

"સુરક્ષિત સ્થાનમાં"

અશક્તિને લઈ ગુલાબસિંહે પાછું પાસું બદલ્યું યોગીનીના કહેવાથી મનુ ઉભો થયો.

'મહાદેવી ! પરન્તુ એમને લઈ જવા શી રીતે ?'

'હા ! જો સ્હામે વડના ઝાડ સાથે એક અશ્વ બાંધેલો છે, તેને છોડી લાવ.'

ગુલાબસિંહનો ચરવા મૂકેલો, અને ગૂમ થએલો અશ્વ તે આજ હતો. ફરતો ફરતો તે આ ઝુંપડી પાસે આવવાથી યોગીનીએજ તેને વૃક્ષ સાથે બાંધી રાખ્યો હતો, કારણ તે એ ઘોડાને ઓળખતી હતી. ઘોડાની શોધમાં કદાચ ગુલાબસિંહ અહીં આવશે, એ પણ એક તેના હૃદયની ગુપ્ત ધારણા હતી.

આ દરમ્યાન મનુ ઘોડો લઈ આવ્યો. પ્હેલાં તો અજાણ્યાને જોતાંજ ઘોડો તેને ન બેસવા દેવા તોફાને ચઢ્યો, પરન્તુ જ્યારે તેની નજર પોતાના અશક્ત અને ઘવાયલા માલીક ઉપર પડી, ત્યારે તે તદ્દન શાન્ત થઈ ગયો. મહાદેવી અને મનુએ મળી સંભાળપૂર્વક ગુલાબસિંહને ઘોડાની પીઠ ઉપર ગોઠવ્યા. મનુ તેમને બરાબર ઝાલી પાછળ સ્વાર થઈ ગયો. ઘોડો પણ પોતાના માલીકની સ્થિતિ કેમ જાણી ન ગયો હોય ! તેમ સહુજ સાવચેતીથી સંભાળીને ધીરે ધીરે બંનેને લઈ વગર હાંકયે છૂપા સ્થાન તરફ ચાલતો થયો.

યોગીની એને જતા જોઈ રહી. દેખાતા બંધ થયા પછી તેણે આંખમાં આવેલા આંસુ લુગડાના પાલવે લૂછી નાખ્યાં. તે ભગ્નહૃદયા સ્નાન કરવા ચાલી ગઈ.

મનુનો અશ્વ બરાબર મધ્યાહ્‌ન કાળે દેવાલય સમીપ આવી પ્હોચ્યો તે નીચે ઉતર્યો ઘોડાને પાસેની ઝાડીમા બાધી, ગુલાબસિહને લઇ તે સાવચેતીથી યક્ષ–ભુવનમા આવ્યો

આ વખતે **સરયુ** જળ–ક્રીડા કરી રહી હતી **મનુએ** તેને પૂછ્યુ "**સરયુ** ! **વીરો** કયા ગયો ?"

ભીને કપડે **સરયુ** સરોવરની બહાર નીકળી ફૂલ પણ તોડવા તે ન રહી વસ્ત્ર બદલતા બદલતા તે બોલી" "એ તો કયારના બાપૂની શોધમા ગયાં છે"

સરયુ તથા **મનુએ** મળી ઘાયલ ગુલાબસિહને એક નરમ શય્યા ઉપર સુવડાવ્યા પુત્રી, પિતાને અગ્નિ પ્રકટાવી શેક કરવા લાગી થોડી વાર પછી ત્યા **વીરો** આવ્યો બળતણ લેવા બહાર આવતા **મનુની નજર** તેના ઉપર પડી **મનુએ** પૂછ્યુ

'**વીરા** ! કયા ગયો હતો ? આમ હાફે છે કેમ ?"

"**મનુ** ! હુ ગુલાબસિહની શોધમા ગયો હતો આપણા માલીકનુ ખૂન થયુ છે લાસ નદીમા ફેકી દેવામા આવી છે"

"પણ એ ત્હને કોણે કહ્યુ ?"

"રાજ્યમા ઢઢેરો પીટાયો છે, ને ઉપરથી "

"શુ ? શાનો ઢઢેરો ?"

"એજ, કે ગુલાબસિહને સ્વધામ પ્હોચાડી ગૂમાયલી રાજકુમારીને મેળવી લાવનાર પેલા વેશધારી ડિટેકટીવને મહારાજા કાલે ભર્યા દરબારમા માનપત્ર આપવાના છે"

"ફિકર નહિ ! વીરા ! દુશ્મનો જખ મારે છે ગુલાબસિહ ઇશ્વર કૃપાએ બચી ગયા છે"

"હેં ?"

"હા ! અંદર આવ."

તે પછી મનુએ સરયુ તથા વીરા સમક્ષ ગુલાબસિંહના બચાવની વાત વિસ્તારપૂર્વક કહી સંભળાવી. ગુલાબસિંહ પણ આ તમામ વાત શય્યામાં પડ્યો પડ્યો સાંભળતો હતો.

"એમનો ઘોડો મ્હામે ઝાડીમાં બાંધેલો છે." કહી પાછો જવા મનુ ઉભો થયો. વીરાએ તેજ વેળા તેના કાનમાં કહ્યું,

"કાલે દરબારમાં જવાનું છે. મહાદેવીની રજા લેઇ સવારેજ અહીં આવજે."

"બહુ સારૂં" કહી મનુ ચાલતો થયો.

થોડી વાર પછી ગુલાબસિંહ સંપૂર્ણ ભાનમાં આવ્યો. સરયુ તથા વીરાના કાળજીપૂર્વક સતત્ પરિશ્રમે અને પ્રયત્ને ગુલાબસિંહની દર્દવ્યથા અર્ધ ઉપરાંત દૂર થઇ ગઇ. તે સહજ આરામ થતા ઉશીકાને અઢેલી શય્યામાં બેઠો થયો.

"વીરા!"

"ફરમાવો ? શી આજ્ઞા છે પ્રભુ?" વીરો હાથ જોડી બોલ્યો.

"એ મનુ કોણ?"

વીરો ચમક્યો. છતા માલીકની સાથે તે જુઠું બોલી ન શકયો. ગળગળે સાદે તે બોલ્યો, "પ્રભુ ! એ ન પૂછો તો સારૂં."

"ત્હારી મરજી નથી, તો હું ત્હને દબાણ પણ નથી કરતો. છતા એને વિષે તું મ્હને કંઇક પણ કહે."

"પ્રભુ! એ આપને નદીમાંથી ઉગારી લાવનાર, મ્હારો એક પરમસ્નેહી છે. આપણો છુપો મદદગાર અને શુભેચ્છક છે."

"પરન્તુ ત્યારે એ કેશરીસિંહ નહિ?" સરયુએ હવે પોતાની શંકા રજુ કરી.

"કેશરી એજ મનુ" વીરાએ ભેદ ભાગ્યો.

"હું ધારૂં છું કે મનુની વાત ઉપરથી તો મ્હને બચાવવામાં કોઇ યોગીનીનો હાથ હતો. તે કોણ વારૂ?"

"પ્રભુ! એ વાત હાલ જવાજ દયો. થોડા વખતમાં એ યોગીની આપોઆપજ આપની પાસે આવનાર છે."

"મ્હારી પાસે? શા માટે?"

"આપના ઉપર કરેલા આ અનહદ ઉપકારનો બદલો માગવા."

"વારૂ વીરા! મ્હારા મૃત્યુની ખબર શહેરમાં ફેલાઈ ગઇ હશે?"

"જી હા."

વીરાએ તે પછી પોતે સાંભળેલો ઢંઢેરો ગુનાબસિંહને કહી સંભળાવ્યો.

"વારૂ વીરા! હવે તું શું કરવા માગે છે?"

પોતાના માલીકે પડ્યા પડ્યા તમામ વાત સાંભળી છે, એમ વીરો જાણી ગયો. હવે એમનાથી કાંઇ પણ છૂપું રહી શકે એમ નથી, ધારી તેણે પોતે રચેલી બાજી પોતાના માલીકને કહી બતાવી.

"મ્હારો વિચાર! ગુપ્ત વેશે કાલે દરબારમાં જઇ આપ જીવતા છો, એ બીના ઉઘાડી પાડવાનો, તથા માનપત્ર અટકાવી એ ખૂની પાપાત્માને ભર્યા દરબારમાંથી ઉચકી લાવવાનો છે."

'વીરા! આ જબરૂં સાહસ છે."

"છતાં આપના સેવકમાં તે પૂરું કરવા પૂરતું બળ અને કળ છે."

"ત્યારે હું પણ સાથે આવીશ."

"પ્રભુ! આપ શી રીતે આવી શકશો! પાછું કંઈક થયું તો આપને ન્હાસતા પણ ભારે પડશે. માટે વાળો તો સારૂં."

"બીગ! ત્હારા જેવા વીર ને વફાદાર સેવક જેને માટે જાન આપવા તૈયાર છે, તેને ડર હોય કે? આ ગુનાબસિંહને આવા ધાની શી વિસાત? ભય શું ચીજ છે? તે હું જાણતોજ નથી કારણકે ભયના ખુદના મયદાનમાં (જંગલમાં) હું ઉછર્યો છું, ખેલ્યો છું."

'તો જેવી આપની મરજી'

વીરો વધારે ન બોલી શકયો સરયુ પિતાના મુખ પ્રતિ જોઇ, બોલી,

"અને હું બાપૂ? હું કયાં રહીશ?"

"અહીંયાંજ બેટા!"

"એકલી?"

"તો શું થઇ ગયું? હવે કંઇ તું ન્હાની છે? સિંહની બાળ થઇને આમ બ્હીવું તે તને ન શોભે હો!"

"હુંયે તમારી સાથે આવું તો!"

"ના ત્હારાથી ત્યાં ન અવાય અમે જલ્દી પાછા ફરીશું તું ત્હારે સરોવરમાં ન્હાયા કરજે કેમ? મઝા આવશેને?"

સરયુ કંઇ ન બોલી તે રીસાઇને સરોવર ઉપરજ ચાલી ગઇ ત્યાં પાળ ઉપર વીરો બેઠો હતો તેણે એને મનાવી લીધી

ગુલાબસિંહ ધીરે ધીરે પોતાની શય્યા ત્યાગી બ્હાર ખુલ્લી હવામાં આવ્યો ફરીથી તેની નજર સરોવરની પાળ ઉપર મસ્તી કરતા વીરા તથા સરયુ ઉપર ગઇ બંને યુવાન અને રૂપવાન સાથે સદ્દગુણી હતા

'બંને બરાબર છે અકકેકને ચ્હાય છે મ્હારા રત્નને માટે મ્હારે ઝવેરી ખોળવા જવું પડે એમ નથી પ્રભો! આ સારો દિવસ પાસે લાવે!"

આટનું સ્વગત બોલી ગુલાબસિંહ તેમની પાછળ જઇ ઉભા રહ્યા. આ વખતે વીરો અને સરયુ સરોવરની પાળે બેસી પાણીમાં કાંકરા

નાખી, તે વડે થતા જળતરંગોની સરખામણી કરી રહ્યા હતા ત્યાં એકાએક સરયુની નજર પેના ફૂલ ઉપર પડી તેને એ સાંભર્યું તે વીરાને કંઇક રોષથી હડસેલો મારતા બોલી, "જાવ ! જાવ ! તમારે લીધે તો હું આજે પેનું ફુલ પણ લેવું–ચૂંટવું વીસરી ગઇ !"

"મ્હારે લાધે?" વીરો હસતા હસતા બોલ્યો

"હાસ્તો! ત્યારે કોને લીધે?"

"તમારા પિતાને લીધે! એમના સમાચાર જાણવા. ભાઇ ! અમારે લીધે તમે શાના ભૂલો ! એનો અમેજ ભોળા કે તમને જોઇને બધું ભૂલી જઇએ "

"અમને જોઇને તમે શું ભૂલી જાવ છો? બોલોને."

"દુનિયા ! દુનિયા ! સરયુ ! ત્હને જોઉં છું, ને દુનિયા આખીને ભૂલી જાઉં છું ત્હારે માટે દુનિયા પણ ફૂલ છે "

"એટલું બધું ? "

"ત્યારે! ત્હારા જેવી દેખાવડી છોકરીઓનો બીજો ધંધો તો મ્હને બતાવ! હૃદય ચોરતા ફરવું ! અને ગાંડા બનાવવા ! એ "

"થોડું બોલો થોડું હવે " કહી સરયુ પાળ ઉપરથી ઉભી થઇ ગઈ

તુર્ત જ તેની નજર આ બધું પાછળ ઉભા રહી સાંભળતા પિતા ઉપર પડી તે શરમાઇ ગઇ વીરાનું વીરવદન પણ ઝૂકી ગયું

"કેમ શું ચાલી રહ્યું છે? હસતા હસતા ગુનાબસિંહે બંનેની સ્હામું જોયું

જવાબ ન મળ્યો વીરાનું મોઢું જરા ઉંચુ થયું સરયુએ પણ તીરછી નજરથી વીરાની મ્હામું જોયું ચારે આંખો એક થઇ બંને હસી પડ્યા, ગુનાબસિંહ ત્યાંથી ચાલતો થયો

પુષ્પઃ—૧૩ મું.

“સરયુનું સંગીત”

સમય પ્રાતઃકાળનો હતો સ્નાનાદિથી પરવારી સરયુ પિતાની પાસે જતી હતી ત્યાં અચાનક તેના મનમાં થઇ આવ્યું કે “લાવને વીરાના ખંડમાં થતી જાઉં ! જોઉં એ શું કરે છે ?” સરયુ વીરાના ખંડમાં તે ન જાણે એમ આવી પરન્તુ તેની અત્યંત અજાયબીની અંદર ત્યાં વીરાને બદલે તેણે એક રમણીને બેઠેલી જોઇ તેના હાથમાં એક સુન્દર વીણા હતી તે મંદમંદ સુ-ગાઇ રહી હતી,

રહ્યું શું ભારતમાં ભગવાન ? (૨)
નથી વર્ણાશ્રમ નામનિશાન રહ્યું શું ?
બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શૂદ્ર હિન્દુમાં જાતિ ચાર,
ધર્મ કર્મનો મર્મ પોતિકો ક્યાં છે હાલ લગાર ?
ગઇ છે સાન ભૂલ્યા છે ભાન - રહ્યું શું ?
બ્રાહ્મણ થઇ ભિક્ષાર્થ ભટકતા આજ ભેરવી ઝોળી,
શિષ્યો થઇને સેવા કરતા ગુરૂપણું દઇ બોળી
નથી જ્યાં સ્વયં જાતિ–અભિમાન રહ્યું શું ?

ક્ષત્રિય થઇને શસ્ત્રો મેલ્યા લીધી ગુલામી તાણી,
પરાધીન થઇ પેટ ભરે પૂર્વજ-કીર્તી પર પાણી
કયાં છે પ્રતાપસિંહ સમાન રહ્યું શું ?

શક્તિ દુર્વ્યસનોને વળગ્યાં સાથે લૂણ હરામ,
વફાદારીને સેવા મૂકી પીતા પ્રમાદી જામ
નિશે ચકચૂર ગૂમાવે જાન રહ્યું શું ?

નથી હિન્દુમાં હિન્દુપણું કંઈ નથી ધર્મ કે સંપ,
ધર્મ અનેકો ! ન્યાત અનેકો ! લખતાં આવે કંપ
અરે ! અફસોસ ! આર્યસંતાન
વઢે જ્યાં હિન્દુ મુસલમાન રહ્યું શું ?

સંગીત પૂરેપૂરૂં ગવાઇ રહ્યું, ત્યાં સુધી સરયુએ ત્યાંજ ઉભાં રહી, ને સાંભળ્યું ગાનાર રમણીએ ગાયન પૂરૂં થતાંજ વીણા નીચે મૂકી. એટલામાં સરયુનાં ઝાંઝર ઝમકયાં તેની નજર તેના ઉપર પડી હવે સરયુએ તેને ઓળખી લીધી "તમે આ વેશમાં ?" સરયુ બોલી પડી.

"હા ! સરયુ ! ત્હને કયાં ખબર નથી, કે આજેજ ખરૂં વીરત્વ દર્શાવવાનું છે ભર્યા દરબારમાંથી ડિટેકટીવ ભાનુને ઉડાવી લાવવાનો છે. રાજા તથા તેના કર્મચારીઓની આંખમાં ધૂળ નાખવાની છે "

"વાહ ! વેશ તો ઠીક સજ્યો છે ને ?"

"કેમ ! કેવો છે ?"

"અરે ! કંઇ વાત ! નાયકા વેશે જવાના કે ?"

"હા !"

"ન્હાનમ્ નહિ લાગે ?"

"જ્યારે ત્હારા પિતાશ્રી જેવા તબલા વગાડનાર થવાના છે, ત્યારે પછી ન્હને "

"મ્હને નહિ લઇ જાય ?" સરયુએ ધીરેશથી કહ્યું

"તું ત્યાં શું કરશે ?"

"તમે કહો તે "

"તો ચારૂ ! જો સાંભળ ! મ્હે અને ત્હારા પિતાએ મળી ત્હારે માટે પણ એક કાર્ય નિર્માણ કરેલું છે "

"શું ?"

"આજે રાજદરબારમાં મ્હોટા મ્હોટા અમીરો આવશે તેમના અશ્વપાલો ઘોડાઓ લઇ દ્વારે ઉભા રહેશે તું પણ જુવાન અશ્વપાલના વેશે તેમની સાથે ત્યાં ઘોડો લઇ ઉભી રહેજે "

"ના-બા મ્હારે તો દરબારમાં તમારો મુજરો જોવો છે તેનું કેમ ?"

"અહીંજ દેખાડું તો "

"ના-ના હું તો અમસ્તી ! અરે હાં ! પણ તમારૂં નામ શું ?

"તુંજ પાડી દે "

"તમે વેશ હિંદુ-નાયકા જેવો સજ્યો છે એટલે નામ પણ તેને યોગ્યજ બતાવી દઉં "

"જરૂર !

"સરસ્વતી "

"ઉંહું આપણને એ પસંદ નથી "

"તો !"

"બીજું કંઇ શોધી કાઢ ! સરસ !"

"લક્ષ્મી "

"નહિ"

"તો વિશ્વલીલા રાખવું છે?"

"એ પણ બરાબર નહિ"

"લ્યો! ત્યારે વિશ્વમોહીની ગમે છે?"

"હા! એ ઠીક છે"

"વારૂ! હવે કયારે જવાનું છે? ને મારે શું કરવાનું છે? તે બધું કહી દયો તો." અધીરી સરયુ બોલી

"તું જલદી જઈ ત્હારા પિતાના ખંડમાં તૈયાર રાખેલો પુરૂષ પોશાક પ્હેરી લે તે પછી પિતાશ્રીનો ઘોડો લઇ ત્હારે આવવાનું છે હું, ત્હારા પિતા, તથા મનુ દરબારમાં જઈશું તું ઘોડો લઈ બીજા ઘોડાવાળાઓ સાથે નીચેજ લ્હેર કરજે મ્હને જ્યારે જરૂર પડશે, ત્યારે હું સીસોટી મારીશ એટલે તું ઘોડો તૈયાર કરી દરવાજે આવી લાગજે યાદ રહ્યું કે?"

"હા! એમાં શું છે"

"જોજે! પકડાઈ ન જવાય! હોશિયારીથી કામ લેવાનું છે"

"વારૂ! વારૂ! તમે જરા આમ ફરો તો જોઉં?"

"કેમ વારૂ"

"જરા ખાસ કામ છે"

"લે"

નાયકા વિશ્વમોહીની ઉર્ફે આપણો પરિચિત સેવક વીરો ફર્યો, એટલે અટકચાળી સરયુએ તેના માથા ઉપરનો છેડો ઉઘાડી પોતાના અંબોડા માંહેનું દિવ્ય ફૂલ કાઢી ટપ્પ દઇ વીગના બનાવટી અંબોડામાં ખોસી ઘાલ્યું

"બસ હવે કરી જાવ"

"એ શુ કર્યું ?"

"એ તો મ્હેજ અટકચાળુ ! સમજ્યાને ? જરા અબોડો ઠીક કર્યો છે હો ! બીજુ કાંઈ નહિ"

સરયુએ વાત હસવામા ઉડાડી પ્રેમઘેલો વીરો કશુ ન સમજ્યો અને સરયુની આ નજીવી ભૂલે કેવુ ભયકર પરિણામ આણ્યુ ? તે હવે પછી આપણે જોઈશુ

'ઉભી રહે ! સરયુ ! જરા જો તો' મ્હને વગાડતા ને ગાતા આવડે છે ને ?" વીરાએ મશ્કરી કરતા સરયુની ઓઢણીનો પાલવ પકડ્યો

"ગાયુ હવે લાવો ગાઈ બતાવુ"

"લેને ત્યારે ! નાએ કોણ પાડે છે ચાલ, તુ મ્હારી શિક્ષિકા, અને હુ તારી શિષ્યા પછી કઈ છે ? શિખવ ગાના ! વગાડતા ને નાચતા"

સરયુને સગીત વગાડવાનો અને ગાવાનો બહુજ શોખ હતો તેના કઠમા કુદરતી મીઠાશ હતી જો કે ખરૂ પુછો તો સગીતનુ જ્ઞાન તો તેણે વીરા પાસેથીજ પ્રાપ્ત કર્યુ હતુ વીરો પણ ગાવાની કળામા નિષ્ણાત હતો, પરન્તુ તેનો કઠ સરયુને પહોચે એમ ન્હોતો. સરયુએ વીણા લીધી તેણે પોતાના કોકિલ કઠથી યક્ષ-ભુવન ગજાવી મેલ્યુ

— સગીત —

જાવુ પેલે પાર

મુસાફીર ! હોડી હવે હકાર

આ દુનિયામા સ્વાર્થ ભરેલો, નિશદિન એ વ્યાપાર,
જેથી એનુ નામ પડેલુ બીજુ સ્વાર્થ-બજાર,
ગમે ના ! રે'વુ અહિ પળ વાર .મુસાફીર.

જોયા રાજો ! જોયા તાજો ! સત્તાધારી અમીર,
મ્હેલો જોયા ! ખેલો જોયા પણ આ બગ અસ્થિર,
બધું એ ઘડીભર છે ટનાર મુસાફીર

હું ઇચ્છું છું ગંગા જોવા ! જોવા યમુના-તીર,
ગીરી ! ગહ્વર ! જોવા મ્હારે છે, પીવા સંગમ-નીર,
તજી દઈ ક્ષણભંગુર સંસાર મુસાફીર

મ્હુર્ત-મહૂની જોની મ્હારે જોવા સંત-ફકીર,
સાંભળવા છે ! સાગરના એ સાદ મહા ગંભીર,
અહા ! શા કોકિલના ટહુકાર મુસાફીર

બાગ બગીચાઓ નથી જોવા, ગમતા નિર્જન રાન,
કુદરતની શોભા જોવી છે, પક્ષીના કંઠગાન,
મધુરાં ફળ ફૂલના અંબાર મુસાફીર

શીખવા છે કુદરતના ભેદો ! નહિ આ શાસ્ત્ર ! પુરાણ,
ઇશ્વરની લીલાના મ્હારે ! ગાવા છે બસ ગાન,
સદા સુખ ! શ્રી હરિ ! ૐ ! ઉચ્ચાર મુસાફીર

"વાહ ! વાહ ! શાબાશ ! સરયુ ! પાસ !" વીરો ગાયન પૂરૂં થતાંજ ચિત્કારી ઉઠ્યો

"મશ્કરી કરો છો કેમ ? જાવ, ત્યારે હવે નથી ગાતી"

વિનોદી રોષમાં સરયુ વીણા મૂકી ચાલી ગઇ છતાં વીરાના હૃદયમાં તો જડાઈ ગયું હતું, પોતાની પ્રિયતમા સરયુનું સંગીત

પુષ્પ:-૧૪મું.

"વારાંગના કે વેશધારી?"



આ જે ડિટેકટીવ ભાનુપ્રસાદને ભર્યા દરબારમા માનપત્ર મળવાનુ છે સુશોભિત અને આકર્ષક રીતે. દરબારગઢ શણગારવામા આવેલો છે સમય થતા સરદારો, અમીરો અને સદ્‍ગ્રહસ્થોના ટોળે ટોળા દરબારમા પોતપોતાના આસન શોભાવવા લાગ્યા ડિટેકટીવ ભાનુ પણ મૂછ ઉપર તાલ દેતો રાજાને ડાબે પડખે અક્કડ થઈને બેઠેલો હતો રાજમાતા રાજકુવરી ભાનુમતી તથા અન્ય દાસીઓએ પણ પડદા પાછળ આવી પોતપોતાની જગ્યા લીધી હતી બધા આવી ગયા પછી મણીપુરનરેશ ભાનુચદ્રની નેકી પોકારવામા આવી સઘળાએ ઉભા થઈ રાજાને સન્માન આપ્યુ મણીપુરના ભૂપાળ રાજ્ય સિહાસને ગોઠવાયા

ડિટેકટીવ ભાનુના કહેવાથી વારાગના મધુરીનો નાચ દરબારમા ગોઠવવામા આવ્યો હતો રાજાએ સેવકને તેને તેડી લાવવા કહ્યુ મધુરી પૂર ઠાઠમા દરબારમા આવી પ્હોચી રાજાને ઝૂકીને વદન કર્યા પછી તેણે ગાન, તાન અને નાચ શરૂ કર્યા

—ગાયન—

હા રે મધુવનમા મધુ-બમરી વાગી
બસરી વાગી હુ અલી જાગી મધુવનમા
ગાયો છોડી ગોપી દોડી! ઘરના કામો ત્યાગી,
મૂક્યુ દોવુ! રાખ્યુ વલોવુ! એવી મોહન માયા લાગી-મધુવનમા.

મધુરીની સંગીતધારા પ્રેક્ષકોના અંતરો ડોલાવી રહી હતી, એવામાં અચાનક પ્રતિહાર આવી લાગ્યો

"મહારાજાને ઘણી ખમ્મા !"

સંગીત અટક્યું ગાતી અને નાચતી મધુરી થોભી

ભાનુચંદ્ર—શું છે પ્રતિહાર ?

પ્રતિહાર—બ્હાર કોઇ વારાંગના આવેલી છે તે પોતાને સુવર્ણ-પુરની મશ્હુર નૃતિકા તરીકે ઓળખાવે છે

ભાનુચંદ્ર—તે શું ઇચ્છે છે ?

પ્રતિહાર—પોતાને દેશ પાછા ફરતા પ્હેલા હજૂર સમક્ષ એક મુજરો કરી દરબારમા પોતાની સંગીતવિદ્યા અને નૃત્યકલા દેખાડવા માગે છે.

ભાનુચંદ્ર—ઓહો ! એ તો વળી અત્યુત્તમ ! ભલે આવે ! દરવાન ! જા, એને આવવા દે

મહારાજાની ઇચ્છાને માન આપી, મધુરી એક બાજુ બેસી ગઇ ત્યારે દરબારના તમામ માણસોની નજર દ્વાર ગમી ગઇ બીજીજ પળે એક ગુજરાતી વારાંગના પોતાના બે સાજીંદા સાથે દરબારમા આવી રહી તે નમીને બોલી

"મહારાજ ! આ એક પરદેશી કલાવતી આપના દરબારમા આજે પોતાની કળા બતાવવા ઇચ્છે છે "

" ખુશીથી ત્હારૂં નામ ? "

"વિશ્વમોહીની"

"ઠીક ! મોહીની ! યાદ રાખજે કે મણીપુરનરેશ સંગીતની કદર કરી જાણે છે હવે ચાલવા દે, ત્હારૂં સંગીત જોઉં "

"મહારાજ! પ્હેલાં સંગીતકળા બતાવું છું પછી નૃત્યકળા બતાવીશ."

વિશ્વમોહીનીએ પોતાના સાજીંદાના હાથમાંથી વીણા લીધી દરબારની વચ્ચોવચ્ચ તે બેઠી પોતાનો મધુરો કંઠ મેળવવા લાગી. મૃદંગીઓનું અત્યારે કામ ન્હોતું, છતાં તેઓ નૃત્યકળાના સંગીત માટે પોતાના તબલા તૈયાર કરી રહ્યા હતા તેણે આલાપ મારવો શરૂ કર્યો. સભામાં શાન્તિ પ્રસરાઇ ગઇ

— સંગીત —ચાલુ જમાનો —

(ગઝલ-કવાલી)

નકામું નામ દરવાજે ! ગડી ખાવી કમાનો છે,
ગયો એ વખ્ત પ્હેલાનો હવે જુદો જમાનો છે
પિડાતા પૂણ્યવન્તા તો ! જુઓ પાપી પૂજાયે છે,
પ્રજા-રક્ષક બની ભક્ષક પ્રજાને લૂંટી ખાયે છે
કમાઇ પેટને માટે પશુઓ કાપવાનો છે ગયો

ઉછેરો દુધ પાઇ ને ! મણીધર તેજ કરડે છે,
તમારા થઇને વિશ્વાસુ તમારી ડોક મરડે છે.
સગા માબાપને બેટા ! હવે નહિ છોડવાનો છે ગયો

લઢે શ્રીમાન ને નિર્ધન ! ધની ત્યાં ફાવવાનો છે,
નકી અન્યાય નિર્દોષિત ગરીબોને થવાનો છે
અમીરના લાભમાં અંતે ! ચુકાદો આવવાનો છે ગયો

કવિ ને ભાટના કાવ્યો વડે દરબાર જે ગાજે,
સુરા ! ને સુંદરીના નાચ-મુજરા થાય ત્યાં આજે
પ્રજાનો ! રાજનો પૈસો ! અનીતીમાં જવાનો છે. .ગયો.

• સગાના સ્નેહ પલટાયા અમીના સ્વાદ બદલાયા,
વહેતા પ્રેમના પાણી પરસ્પરમાંથી સૂકાયા
નથી જુનો ! હવે જુદો ! નવો ચાલુ જમાનો છે ગયો

નર્તકીએ વીણા નીચે મૂકી તે ઉભી થઈ ગઇ ભાનુચંદ્રને તેનું ગાયન મુદ્દલ ગમ્યું ન્હોતું પરન્તુ તેના કોકિલ કંઠની મીઠાશે તેના હૃદય ઉપર વિજય મેળવ્યો હતો સારંગી અને મૃદંગ સાથે મોહીનીના પગના ઠેકા પડવા લાગ્યા તેણે સંગીત સાથે નાચ શરૂ કર્યો પોતાની અદ્‌ભુત નૃત્યકળા તેણે અજમાવવા માંડી

(ખૂને જીગરકા પીતી હય રાહ)

હું ચતુરને ચેતાવું છું ચેતી લે ઓ ઇન્સાન !
અવલોકો ! આવી પહોંચ્યું, આજે ઠેઠ કિનારે વ્હાણ હું
સુલ્તાન આવી લાગ્યો સભાજી નોય ન જાગ્યો,
પાછળ પસ્તાઇ ભાગ્યો નહિ તો બનને બંદીવાન
દુશ્મનનો ડંકો વાગ્યો તો પણ ઉંઘે શું અજ્ઞાન ?
શત્રુની સેના આવી થા તૈયાર જીઠ ! નાદાન હું
જીવે શુરવીર ! જે જાગે ! ઉંઘે તે ! મૃત્યુ માગે,
પૂઠેથી રડવા લાગે રે ! ગાફિલ ગુમાવે જાન
રે ! મ્હોત ભમે છે માથે ! સમજી રે'વું સાવધાન,
કોને ખબર છે કે આ કયારે ? થાશે ફના તમામ હું

વિશ્વમોહીની ! કોઇ દૈવી અપ્સરાની માફક પોતાનું ધારેલું કામ પાર પાડવા નાચી રહી હતી મૃદંગી તથા બીનના બજવૈયાએ પણ કશી કસર ન રાખી નર્તકી દરબારમાં ફર ફર ફર ગોળ ફૂદડી ફરવા મંડી.

ફરતા ફરતા તેનો માથાનો છેડો એકાએક સરી ગયો, સરયુએ તેમા ખોસેલુ ગુલાબનુ ફૂલ કોઈએ નહિ પરન્તુ શકાશીલ નજરે જોતા ડિટેકટીવે જોઇ લીધુ સઘળાનુ ધ્યાન મોહીનીના સગીત અને નાચમા પરોવાયલુ હતુ અજાણ મોહીનીએ પણ એ માથાનો છેડો ઓઢીને બરાબર કરવા તરફ ધ્યાન ન આપ્યુ ડિટેકટીવ ભાનુ એકદમ ઉછળી પડયો

"ખબર ! મહારાજ ! આ નાચનારીને પકડો ! એ વારાગના નથી પરન્તુ કોઈ વેશધારી છે"

મામલો બગડી ગયો સગીતનો ઝામેલો રસ ચૂથાઈ ગયો,

મોહીની પણ માથા ઉપર છેડો ઓઢી ઉભી રહી ગઈ પરન્તુ પેલા તબલચી તે સારગી વગાડનારનુ ધ્યાન ડિટેકટીવ તરફજ હતુ

"શુ ?" મહારાજા પણ ભાનુના શબ્દે ચોકીને સિહાસનેથી ઉતરી પડયા

"ખરુ કહુ છુ આ નતકીના અંબોડામા પેલુ અલૌકિક ગુલાબનુ ફૂલ છે

પોતાના અબોડા ઉપર હાથ મૂકતાજ વિશ્વમોહીનીને સરયુએ કરેલુ અટકચાળુ યાદ આવ્યુ છતા તે ન ડરી તે તો કોઈ પણ ઉપાયે દરબારને પોતાની વીરતા દેખાડી માનપત્ર અટકાવવાજ આવી હતી તેનો વિચાર ભાનુચદ્રને સગીતથી ખુશ કરી, માનપત્ર અટકાવી, દરબારમા ખુલ્લા થવાનો હતો ડિટેકટીવના ભોપાળા ઉઘાડા પાડી તેને પૂરતી શિક્ષા કરવાનો હતો પરન્તુ તેને બદલે થયુ કઇ વિચિત્રજ !

ડિટેકટીવ ભાનુ જેવો વારાગનાને પકડવા ધસ્યો, તેવુજ વારાગના વિશ્વમોહીનીએ એક છૂપાવેલુ કાતીલ ખજર ખેચી કાઢયુ. ભર્યા

દરમ્યાનમાં માથાનો છેડો ખોલી નાખી, તેણે પોતાનો બનાવટી ચોટલો દૂર કર્યો

"એટલેજ રહે ! બદમાશ ! "

"કોણ વીરો ?"

"હા !"

ડિટેકટીવ ભાનુ ખંજરથી ડગી ત્યાંજ અટકી ગયો પોતાની પિસ્તોલ ખેંચી કાઢવા તેણે ગજવામાં હાથ નાખ્યો તેવોજ સારંગી વગાડનાર ગરજ્યો, " ખબરદાર ! "

તેના હાથમાં ભરેલી પિસ્તોલ હતી બનાવટી દાઢી મૂછ અને ફેંટાને તેણે રૂખસદ આપી હતી "તુ કોણ ? શુ શુ હજુ જીવે છે ?"

"હા ! બહારવટીઓ ગુલાબસિંહ ! હજુ આ દુનિયાપર હૈયાતી ભોગવે છે "

"ત્યારે ખૂન થયાની વાત ખોટી ? " મહારાજાના મુખમાંથી એકા એક ઉદ્‌ગાર સરી પડયા

આટલો વખત તબલચી મનુ શુ કરતો હતો ? તેણે ક્યારનોયે પોતાનો વેશ પલ્ટી એક મહદ્ કામ કરી નાખ્યુ હતુ અને તે વેશ્યા મધુરીને પકડી રાખવાનુ

ડિટેકટીવ ભાનુની નજર મધુરીને પકડી ઉભા રહેલા મનુ ઉપર હવે પડી તે બોલ્યો, "કોણ કેશરીસિંહ ? તુ આખરે દુશ્મનનો મદદગાર ?"

પરન્તુ તેની બુમોથી કયુ વળે એમ ન્હોતુ, ગુલાબસિંહે ભરેલી પિસ્તોલ સાથે ભાનુને ગરદનમાંથી ઝાલ્યો હતો, જ્યારે વીરો ખંજર ધરી મધુરીની એક બાજુ ઉભો હતો બીજી બાજુ મનુ ઉર્ફે કેશરીસિંહ સઘળા સરદારો સ્હામે પિસ્તોલ ધરી ઉભો હતો

"ચલાવ ! બ્હાર જાવ" કેશરીસિંહનો રાજા તથા સરદારોનો હુકમ થયો

તરવાર બહાદુરો તથા રાજા પોતે પણ કેશરીસિંહની પિસ્તોલને તાબે થયા તેઓ દ્વાર બ્હાર ગયા, કે દુર્જન બદમાશ ભાનુએ ધ્યાન-મુક્ત એવા ગુલાબસિંહને ધક્કો માર્યો હાથ છોડી તે પાછની બાજુએથી સ્ત્રીઓની બેઠકનો પડદો ચીરી કૂદી નાઠો તેજ વખતે મનુની પિસ્તોલનો બ્હાર થયો પરન્તુ તે ભાનુને ન વાગતા છટકી ગયો રાજ-રમણીઓ, ભાનુમતી અને રાજમાતા આ પ્હેલાજ રણ-વાસમા ન્હાસી જઈ ચૂકયા હતા

અશક્ત ગુલાબસિંહ અચાનક ધક્કાથી પડી ગયો તેના તાજાજ રૂઝાયલા ઘામાથી લોહી વહેવા માડયુ વીરો ત્યા દોડયો

"મનુ ! તુ એને છોડી દે જલ્દી અહી આવ"

મનુએ મધુરીને છોડી દીધી ઘાયલ ગુલાબસિંહને બનેએ ઉભો કર્યો વીરાએ બારીએથી સીસોટી મારી નીચે ઘોડાવાળાના વેશમા ઉભેલી સરયુએ તે સાભળી ઘોડાને તૈયાર કરી સ્હામે આવી

વીરા તથા મનુએ મળી ગુલાબસિંહને ઉપાડયા દ્વાર ખોલતાજ ભાનુચંદ્ર તેમને પકડવાને પોતાના માણસો સાથે દરબારમા ધસી આવ્યા એકજ પળ ! અને આ ત્રિપૂટી ગિરફતાર થતે ! પરન્તુ એટ-લામાજ પાછળથી એક અવાજ આવ્યો "હથીયાર છોડો !"

આવનાર અશ્વપાલના વેશમા સરયુ હતી તે અણીને સમય આવી લાગી હતી તેની ન્હાનકડી પિસ્તોલે તમામની તરવાર છોડાવી દરબારગઢમાજ રાજા તથા તેમના સેવકોને પૂરી, વીરો અને મનુ બ્હાર આવ્યા ઘાયલ ગુલાબસિંહને ઘોડા ઉપર બેસાડયા તેના ઉપર સરયુને ચઢાવતા વીરો બોલ્યો,

સરોવરની સુંદરી (ભાગ બીજો)



[illegible] પોતાના [illegible]
[illegible] જુઓ [illegible]

છપાય છે —: સચિત્ર :— છપાય છે

શયતાની લીલા યાને
ભેદી પુતળું

પૃષ્ઠ આશરે ૧૫૮.

શા. છોટાલાલ જીવણલાલ બુકસેલર



છેલ્લા માલિક શ્રી નવજીવન પુસ્તકાલય [illegible]-સુરત

છુપી પોલીસની અદ્‌ભુત વાર્તા

કિંમત નવ આનાની ટીકીટ બીડો

"લાવ ! ત્હારી પિસ્તોલ ! સરયુ ! તુ હવે પિતાજીને લઇ ગુફામા જા ! છટકેલા શિકારને હાથ કરી અમે આવીએ છીએ"

સરયુએ પવનવેગે ઘોડો મારી મૂક્યો વેશધારી વારાંગના અને મનુ ડિટેકટીવ ભાનુને પકડવા અમીરને મકાને ઉપડયા

પુષ્પ:—૧૫મું

"કરણીનું ફળ."

વિશ્વમોહીની અર્થાત વીરાનુ અનુમાન સત્ય હતુ ન્હાસેલો ડિટેકટીવ ભાનુ બર્યા દરબારમા જુઠ્ઠો પડવાથી પોતાના મકાનમાજ આવ્યો હતો થોડા વારે ત્યા મધુરી પણ આવી તેને મળી

"ત્યારે હવે શો વિચાર ?" મધુરી બોલી,

'મધુરી ! વીરા એજ વનમાળા ! એજ વિશ્વમોહીની અને એજ આપણો કટ્ટો દુશ્મન બા " છેલ્લો શબ્દ તે બહુજ ધીરેથી બોલ્યો

"અને પેલો કેશરીસિંહ કોણ ? એને ન ઓળખ્યો ?"

"એ પણ ઓળખાયો છે મધુરી આપણે ભારે આફતમા છીએ એ કેશરીસિંહ તેજ મ્હને તો મનુ લાગે છે"

"હે !" મધુરી ચમકી ઉભી થઇ ગઇ

"ધીરે બોલ ! આપણે ઠગાયા છીએ, આપણા દુશ્મનો હજુ જીવે છે એટલુંજ નહિ પણ આપણને પકડી તેઓ આપણું લોહી પીવા માગે છે '

"એમ ?"

"હા !"

આ બદમાશ ભાઈ–બ્હેન હજુ નવા કાવત્રા રચે, તે અગાઉ તો દાદરના પગથીઆ ઉપર કોઇનો અવાજ સભળાયો મધુરીને ત્યાંજ બેસવાનું કહી ડિટેકટીવ ભાનુ સ્હામેના ઓરડામાં સંતાઇ ગયો આવનાર એક રમણી હતી

વાચક ! એ આપણી પૂર્વ પરિચિતા "વનબાળા !"

ડિટેકટીવ ભાનુને બદલે એકલી મધુરીને જોતાંજ વનબાળા હસી પડી મધુરી તેને જોતાંજ ઉભી થઈ ગઇ તે ભયની મારી ન્હાસી જવા દ્વાર પાસે સરવા લાગી એટલે વનમાળા બોલી

'બેસો ' કયાં જાવ છો ?"

"તે પૂછનાર તું કોણ ?"

"તમારા ભાઇને પૂછી જો જો ! હું એમની મદદગાર છું "

"એક વારાંગના ?"

વારાંગના વિશ્વમોહીની ! વનમાળા કે વીરો જે કહો તે હુંજ છું પરન્તુ હવે તું, બતાવી દે ! કે કોણ છે ?"

સામાજ ઓરડામાં ડીટેકટીવ આ બધુ સાંભળી રહ્યો હતો તેના હાથમાં ભરેલો તમંચો તૈયાર હતો મધુરીને મુંગી જોઇ વનબાળા પાછી બોલી

"કેમ નથી બોલવું ? હજુ ઓળખાણ નથી પડતી ? '

"પડી ચૂકી છે વીરા! એને શું પૂછે છે? મ્હને પૂછ તારી તમામ વાતનો જવાબ દેવા હું તૈયાર છું."

સામે સતાયલો ડીટેકટીવ ભાનુ પિસ્તોલ લઇ બ્હાર ધસી આવ્યો વનમાળા તરફ તાકી તે બોલ્યો " વીરા! આજે હવે તું મ્હારા હાથમાં આવ્યો છે મ્હારી પિસ્તોલનો એકજ બ્હાર ત્હારી જીંદગી ખતમ કરવા બસ છે "

" કદી નહી! એ વેશધારી ડીટેકટીવ ભાનુના નામને લજાવનાર બદમાશ! જો બરાબર જો! ધ્યાનપૂર્વક જો જેને તું મરેલો માને છે તે સાચો ગજપુરનો ડીટેકટીવ ભાનુતો ત્હારી મ્હામું ઉભેલો છે,

" તું ડીટેકટીવ ભાનુ?"

"હા! અને તું ખોટો! નામધારી! વેશધારી બદમાશ! વધારામાં ત્હારી આ વેશ્યા બનેલી બ્હેન મંજુરીનો પતિ પણ હજુ હૈયાત છે "

"ક્યાં છે?"

" અહીંયાજ! આટલામાંજ "

મધુરી બ્હીકથી તે ન્હાસવા માટે સામેના બારણા તરફ ગઇ. તેણે બારણું ઉતાવળમાં ખોલ્યું ત્યાં મનુ પિસ્તોલ લઇ, તેની ખબર લેવા ઉભેલોજ હતો મધુરી તેને જોતાંજ પાછી હઠી

પોતાના શત્રુ ઉપર ગોળી છોડવા તૈયાર થએલો વેશધારી ડિટેકટીવનો હાથ મનુના એકજ અવાજે ત્થભી ગયો

' ખબરદાર! "

બીજીજ પળે મનુની પિસ્તોલમાંથી ગોળી છૂટી બદમાશ વેશધારીની પિસ્તોલ તેનાથી ઉડી દૂર જઇ પડી ન્હાસતી મધુરીને વન-

બાળા યા વારાંગના વેણી વીરાએ પકડી વેશધારી તો આ બધુ જોઇજ રહ્યા

"કેમ ? નામધારી મધુરી ! ઉર્ફે મેના ! આ ત્હારા પતિદેવને ભૂલી ગઇ કે ?" મનુ બોલ્યો

"કોણ ત મે " મધુરી બોલી

' હા ! હુ રાજપુરનો યુવરાજ મનુકુમાર ! અને તુ મ્હારી મહારાણી મેના આજે તુ વેશ્યા મધુરીના વેશમા છે જ્યારે હુ કેશરીસિહની ભૂમીકા ભજવી રહ્યો છુ બરાબર ને ?"

"અને મી મોહનલાલ ! તમે કેમ કઇ બોલતા નથી ? તમારા આ બાળસ્નેહી ભાનુને તદ્દન ભૂલી ગયા કે ?" વનમાળાના વેશમા વીરો ઉર્ફે ખરો ડિટેકટીવ ભાનુ બોલ્યો

વાચક ! વેશધારી ડિટેકટીવ ભાનુપ્રસાદ તે રાજપુરનો એક બદમાશ નામે મોહનલાલ હતો જ્યારે આ મધુરી તેની બ્હેન હોવા છતા એક વખતની રાજપુરની મહારાણી મેના અને યુવરાજ મનુકુમારની પરણિયાત પત્ની હતી જ્યારે ખરો ડિટેકટીવ ભાનુ તેજ વીરો ! તેજ વનમાળા ! અને તેજ વારાંગના વિશ્વમોહીની !

" અરે ! આ કોણ ?"

એક બારી તરફ અમસ્તુ જોઇ ડિટેકટીવ ભાનુએ ટેબલ ઉપર પડેલી એક ખાલી સોડાની સીસી ઉચકી લીધી મનુનુ ધ્યાન તે તરફ ખેચાયુ બદમાશ મોહન ઉર્ફે વેશધારીની આ પણ એક ધ્યાનચૂક કરવાની ચાલાકી હતી તેણે છીંવ ઉપર આવી, સોડાની સીસી મનુની ઉપર ફેંકી એકદમ બારણુ ઉઘાડી તે દોડયો.

"શુ થયુ ?" તે પણ જોવા તે ન થોભ્યો મનુ આ વખતે ભાગ્યેજ બચતે ! પરન્તુ વીરાની અપૂર્વ ચાલાકી અને સમયસૂચકતાએ તેને આ જીવલેણ ફટકાથી બચાવી લીધો જે વખતે વેશધારીએ મનુને પ્રાણ લેવા સોડાની સીસી છૂટી મારી, તેજ વખતે વીરાએ પોતાના હાથોમા પકડેલી મધુરીને તેની અટકાયતમાં ધકકો મારી હડસેલી દીધી સીસી મનુને ન વાગતા તે પ્હેલા અનાયાસે વચમા આવી પડનાર દુર્ભાગી મધુરીના કપાળમા વાગી. બાટલીના ચૂરેચૂરા થઈ ગયા મોઢા ઉપર અને આખા શરીરમા એ જીવલેણ કાચો ભોકાઇ ગયા માથુ ફાટી જતાજ ગતપ્રાણ વેશ્યા મધુરી પોતાની પાપી કરણીનુ ફળ ભોગવવા દેવના દરબારમા રવાના થઈ

મનુને ત્યાજ મૂકી વનમાળા ડિટેકટીવ ભાનુની પૂઠે પડી જયારે મનુ પોતાના ઘાથી સ્વધામ સીધાવી ગયો હશે, એ આશામા ને આશામા વેશધારી ડિટેકટીવ રાજકુવરીને ચેતાવવા તેના મ્હેલ પ્રતિ દોડયો તેના મનની છેવટની મુરાદ ફૂલની લાલચ આપી રાજકુ-વરીને ભોળવી લઇ જવાની હતી અને ના પાડે તો આખર બળા-ત્કારથી પણ તેને હરી જઇ સદાને માટે મણીપુરનો ત્યાગ કરવાની હતી.

વેશધારી તથા વનમાળાના પ્રસ્થાન પછી મનુ પણ મહાદેવીને કુપડે જવા ચાલતો થયો મધુરી ! ઉર્ફે એક વખતની મહારાણી એના ખાનદાનનુ ફરજદ ! છેવટનો અગ્નિસસ્કાર પણ ન પામી



પુષ્પ:—૧૬ મું.

"ગુલાબનુ ફુલ."

રાજ્યદરબારમા બનેલા બનાવથી અફસોસ કરતી **ભાનુમતી** પોતાના એકાન્ત આવાસમા શોકગ્રસ્ત ,અને ચિન્તાતુર ચ્હેરે બેઠી હતી તેની પ્રિય.સખી **પુષ્પા** તેના દીલની ગમગીની દૂર કરવા વિધવિધ ઉપાયો યોજી રહી હતી

આજ વખતે વેશધારી ડિટેકટીવ **ભાનુમતીને** મ્હેલે જવા દોડી રહ્યો હતો તે પાછુ ફરી ફરી જોતો જતો હતો એકાએક તેની નજર થોડે દૂર પોતાની પાછળ આવતી **વનબાળા**—ઉર્ફે **વીના** ઉપર પડી. તે ચેત્યો ઝપાટાબંધ એક ગલીમા વળી ઉંચા મકાનના ઓટલા ઉપર તે ચઢી છુપાઇ ગયો **વનબાળા** ત્યાથીજ રહીને પસાર થઇ ગઇ

વીરાનો વિચાર હવે રાજકુવરીને મળી ખરો ભેદ ખુલ્લો પાડવાનો હતો પોતેજ સાચો ડિટેકટીવ **ભાનુ** છે, એમ બતાવી આપી આ મુશ્કેલીનો છેડો લાવવા તે માગતો હતો વેશધારી ડિટેકટીવનો ટાટીયો રાજ્યદરબારમાથી કાઢી **ભાનુમતીને** તે મેળવવા માગતો હતો ? પરન્તુ કોને માટે ? પોતાને માટે નહિ ! ત્યારે ?

* * * * *

"બ્હેન ! બ્હાર એક રમણી આવેલી છે " દાસીએ **પુષ્પા** તથા રાજકુવરી સમક્ષ આવી કહ્યુ

"કોણ છે ? તેનુ નામ ?"

"વનબાળા!"

"વનમાળા?" ભાનુમતી ચોંકી "પુષ્પા! તું ચાલી જા દાસી! જા એને મોકલ"

પુષ્પા અને દાસી ગયા ભાનુમતી એકલી પડી એવામાં ત્યાં વનમાળા આવી પ્હોંચી તેને જોતાંજ ભાનુમતી બોલી ઉઠી

"કોણ? વારાંગના વિશ્વમોહીનીનો વેશધારી વીરો?"

"કુમારી! ન બીહો! પ્હેલાં મ્હારો ખરો ઇતિહાસ સાંભળો તે પછી જે કંઈ કહેવું હોય તે બેધડક કહેજો"

રાજકુમારી ભાનુમતી પાસે વનબાળાએ પોતે કોણ છે, તે તમામ ઇતિહાસ ટુંકમાં રજુ કરી દીધો સાથે સાથે પોતેજ ખરો ડિટેકટીવ હોઇ, ભાનુ વેશધારી છે, એ પણ જણાવી દીધું આશ્ચર્ય પામતી રાજકુંવરી બોલી "હવે તમે શું કરવા માગો છો?"

"એક કામ! મ્હારી પાસે અત્યારે ફૂલ છે હું તમને એ આપવા ચાહું છું એટલુંજ નહિ પણ એ ક્યાં! અને કેવી રીતે થાય છે તે પણ ખુશીથી બતાવવા માગું છું. પરન્તુ

"શું?"

"આપની એ બદલ જે શરત છે, ને પૂરી કરવી પડશે"

"તમે મ્હને પરણવા માગો છો એજ ને?" ભાનુમતી કંઈક શરમાતી બોલી

નહિ! મ્હારા ભાઇ સાથે પરણો! એજ મ્હારી માગણી"

"તે તમારો ભાઇ વળી કોણ છે?"

"રાજપુરનો ગૂમ થયેલો મનુકુમાર!" અને ભાનુમતી કંઈ આગળ પ્રશ્ન કરે, અથવા તો વીરો રાજકુંવરી પાસે પોતાનું

ધાર્યું વચન લઈ પેનું ફૂલ આપે, તે પ્હેલા તો ત્યા વેશધારી ડિટેક્ટીવ ભાનુ આવી લાગ્યો પરન્તુ તેને ક્યા ખબર હતી, કે વનમાળા વેશી વીરાએ રાજકુવરીની પાસે પોતાનો તમામ ભેદ ખોલી નાખ્યો હતો

વેશધારી ભાનુને ત્યા અચાનક ઉપસ્થિત થયેલો જોતાજ વનમાળા અને ભાનુમતી બને ચમક્યા

"વનમાળા !" તે પિસ્તોલ કાઢી બોલ્યો

'કોણ ? ડિટેક્ટીવ સાહેબ ? ભલે પધારો !" મીઠી મજાક કરતા વનમાળા ઉભી થઇ ગઇ

"વીરા ! હવે હુ છેવટનો નિર્ણય કરવા આવ્યો છુ '

'તો કરી નાખો"

"તે પ્હેલા ત્હારા માથામા પેનુ ખુનાનનુ ફુલ છે, તે આપી દે "

"ભીખ માગતા શરમાતો નથી હિંમત હોય તો ફૂલ લઇ જો"

'જો સીધી રીતે નહિ આપે તો મ્હારી પિસ્તોલ તને ઠાર કરશે ! ને પછી "

"શા માટે ? ત્હારે ફૂલજ જોઇએ છે તો ભલે લે " ચાલાક વીરો સમય વિચારી લુચ્ચાઇ રમી ગયો તેણે અંબોડામાથી પેનુ ગુલાબનુ ફૂલ છોડી વેશધારીની સ્હામે ધર્યું "લે "

હરખાતે હૈયે વેશધારી પાસે આવ્યો, ફૂલ લેવા તેણે પોતાનો જમણો હાથ આગળ લબાવ્યો તેજ વખતે વનમાળાએ પગની આટી મારી તેને જમીનદોસ્ત કર્યો, પિસ્તોલવાળા હાથ ઉપર એવી તો ઝડપ મારી કે પિસ્તોલ દુર જઈ પડી પેનુ ફૂલ પણ વીરાના હાથમાથી હેઠે પડી ગયુ રાજકુમારીએ તે આવી ઉચકી લીધુ

"હવે છેલ્લો નિકાલ લાવી નાખીએ" વનબાળાવેશી વીરો ગરજ્યો ભાનુ પણ જીવ ઉપર આવી વીરાને હંફાવી રહ્યો હતો એકમેકને ઉંચકી ઉંચકી જમીન ઉપર પછાડવા લાગ્ય ઓરડામાનુ ફરનીચર હાથમા આવે એમ છૂટુ ફેકાવા લાગ્યુ જ્યારે ભાનુમતી એક ખુણામા લપાઈ આ દ્વદ્વ યુદ્ધ જોઇ રહી હતી !

. કર્મસજોગે વનમાળાનો સ્ત્રી-વેશ તેને ભારે થઈ પડયો પગમા લુગડાના છેડાની આટી આવતાજ વીરો ઉથલી પડયો આજ વખતે ઝનુની વાઘની માફક વેશધારી તેની છાતી ઉપર ચઢી બેઠો પાસેજ એક જરમનસીલવરની પીકદાની પડેલી હતી અન્ય કોઇ પણ વસ્તુ ન જોતા અને વેશધારીએ તે ઉંચકી ઉછાળી મારતી વનબાળાના માથામા મારી માથુ ફુટી ગયુ લોહીલોહાણુ વીરો બેહોશ થઇ પડયો

ભાનુના હાથમાથી છુટતાજ વેશધારી ભાનુએ ભાનુમતી તરફ જોયુ પીકદાનીના ઘાની સાથેજ ભાનુએ ભયંકર ચીસ પાડી હતી. ફાટમાથી નિહાળતી પુષ્પા મહારાજાને મદદે બોલાવી લાવવા દોડી ચુકી હતી રાજકુમારીના હાથમા ફૂલ જોતા વેશધારી બોલ્યો

"કુમારી ! અંતે આપણો વિજય થયો છે બદમાશ માર્યો ગયો છે જ્યારે ફૂલ હાથમા આવ્યુ છે"

"પરન્તુ તેના હકદાર તમે નથી"

"ત્યારે ?"

"હકદાર તો આ નીચે લોહીમા રંગાયેલો પડયો છે"

"એટલે શુ ભાનુમતી પોતાનુ વચન પાળવા હવે નથી માગતી ?"

"વચન ! કેવું વચન ?"

"કેવું ! તે વરવાનું"

"વરવાનું ! કોની સાથે ?"

"મ્હારી સાથે !"

"એક ખૂની ! બદમાશ ! ને તર્કટી ડિટેક્ટીવની સાથે ! બાયલાની સંગાથે ?"

"હું ખૂની ? તર્કટી ડિટેક્ટીવ ?"

"બસ કરો ! મુગા મુગા અહીંથી રસ્તો માપો નહિતો અત્યારેજ બુમ પાડી કેદ કરાવવા પડશે" રાજકુંવરીએ બ્હીતા બ્હીતા ધમકી આપી

"કેદ ? અને તે મ્હને ? કયે ગુન્હે ?"

"ગુન્હાનો પુરાવો આ મોજુદ પડેલો છે વેશધારી ભાનુ ! તમારી નજર સમક્ષ રાજપુરનો પ્રખ્યાત ડિટેક્ટીવ લોહીમા તરબોળ થઇ સુતેલો છે"

"એ બધુ મ્હે ત્હારેજ માટે કર્યુ છે"

"ચૂપ રહે !"

"તો શું તું હવે ફરી જઇ આ હરામખોરના મુડદા સાથે લગ્ન કરવા ચ્હાય છે ?"

"તે મ્હારે જોવાનુ છે તુ થોડો મ્હારા મનનો માલીક છે ?"

"તો શું આ બધી મહેનતનો બદલો કઇજ નહિ ?"

"મહેનતનો બદલો બહુજ મ્હોટો મળે છે"

"ક્યાં છે ?"

"જીવતો જવા દઉ છુ ! એજ ! બોલ ! એથી વિશેષ તુ શુ ચાહે છે?"

"એમ ?"

"તો કેમ ? મહેનત તે શુ કરી ? કે કહી બતાવે છે મહેનત કરનાર, ને ફૂલ મેળવી લાવનાર તો આ પડયો "

વનબાળાએ પોતાનો તમામ ભેદ ભાનુમતી પાસે ફોડી દીધેલો છે, એમ ચેતી જતાજ વેશધારી બોલ્યો

'ભલે ! ભલે ! હુજ ચાલતો થાઉ છુ પરન્તુ એ ફૂલ મ્હને આપી દે"

"ફૂલ ' કેવુ ફૂલ ? કોનુ ફૂલ ' ક્યા છે ?" એની આશાજ ન રાખવી"

"જોવુ છે ?"

"તુ શુ બતાવવાનો હતો '"

ઝનૂને ભરાયલો બદમાશ ભાનુમતીના હાથમાથી ફૂલ મેળવવા છલાગ મારી કૂદયો, ઓરડાની વચ્ચોવચ ભીત સાથે એક મોટુ ગોળ ટેબલ હતુ બદમાશને હઠાવવા બુમો ઉપર બૂમો પાડતી ભાનુમતી તેના ઉપર ચઢી ગઈ

બદમાશને હવે કયો રસ્તો લેવો એ ન સૂઝયુ તેણે ભાનુમતીને ડરાવી તેના ઉપરથી નીચે ઉતારવા માટે એ ભારી ટેબલ જરા ઉંચુ કર્યુ પરન્તુ પરિણામ ધાર્યા કરતા ભયકર આવ્યુ

ગોળ ટેબલનો એક છેડો અચાનક નમી જતાજ ભાનુમતી તે બાજુ સરી પડી, ભીતની સાથે મ્હોટો આયનો ટાગેલો હતો તેની સાથે તે અફળાઇ તકતાનો કાચ ફૂટી ગયો ભાનુમતીનુ માથુ ચીરાઇ ગયુ ઘા પ્રાણઘાતક નીવડયો કે કેમ ? તે તો પ્રભુ જાણે ?

પરન્તુ આ અણધારી ઘટનાએ વેશધારી ભાનુને ગભરાવ્યો. તે આભોજ થઇ ગયો, એટલામા બધ બારણા ઉપર કોઇના ટકોરા થયા. બહાર રાજા તથા સિપાઇઓ આવી લાગ્યા છે, એમ જાણતાજ તે ન્હાસી જઇ જીવ બચાવવાની ચિન્તામા પડયો ઝપાટાબધ પેલુ ફૂલ ઉપાડી છજામા થઇ ઝરૂખા વાટે તે નીચે ઉતરી ગયો,

તેજ પળે દ્વાર તૂટયા મણીપુરનરેશ ભાનુચદ્ર પુષ્પા તથા અન્ય રાજ્યસિપાઇઓ સાથે અદર પ્રવેશ્યા ફરનીચરનુ કચ્ચરઘાણ વળી ગયુ હતુ એક બાજુ વનમાળા બેભાન અને લોહીલોહાણ થઇ પડેલી હતી. જ્યારે બીજી બાજુ પોતાની પ્યારી પુત્રી રૂધીરમા રગાયેલી પડી હતી બનેના માથામા ઘા વાગેલા હતા પડેલા ચીરામાથી ધોધબધ રૂધીર વહી જતુ હતુ

રાજાજ્ઞાથી એક સેવક સત્વર રાજવૈદ્યને બોલાવી લાવ્યો રડતે હૃદયે રાજાએ બનેને ચાપતા ઉપાયો કર્યા પ્રભુની મ્હેરથી બનેની આંખો થોડી વારે ખુલી લોહીનુ વહેવુ બધ થયુ મહારાજાએ હિકર જોડી પ્રભુનો વારવાર આભાર માન્યો

અને આમ એક વાર અતે એ બદમાશ વેશધારી ભાનુ પોતાની મુરાદ ! ગુલાબનુ ફૂલ મેળવવામા ફાવ્યો, દીલની ઉમેદ પૂરી થતાજ તે અમીરના મકાનેથી જો પોતાની બ્હેન મંજુરી હોય તો તેને સાથે લઇ અન્ય સ્થળે ન્હાસી જવાના વિચારે ઉપડયો પરન્તુ તને કયા ખબર હતી, કે પોતાની પાપીણી બ્હેન તો પોતાનીજ ભૂલનો ભોગ થઇ પોતાના * પાપી-કૃત્યનો હિસાબ આપવા પરલોકને પથે પરવરી ચૂકી હતી

પુષ્પ:—૧૭ મું.

" છેવટના આંસુ. "

જેવુ કરો ! તેવુ ભરો ! કિરતારનો એ કાયદો !
શિક્ષા મળે છે પાપની ! સત્વર ! ન એમા વાયદો
આ ચાર દિનની ચાદનીમા મૂર્ખ કયા ફૂલાય છે ?
ધર્મિ તરે ! પાપી ડૂબે ! અવિચળ પ્રભુનો ન્યાય છે

ગુલાબનુ ફૂલ મેળવવામા અંતે ફાવેલો વેશધારી ભાનુ ઉર્ફે ખુની મોહનલાલ અત્યારે પોતાની એકની એક બ્હેનના મધુરીના શબ પાસે બેઠેલો હતો ભાઇને હાથેજ બ્હેનનુ ખુન થયુ હતુ ઇશ્વરની આ પણ એક અજાયબ લીલા ! નહિ તો શુ ?

પોતાનાજ પાપનો ભોગ થઇ મધુરી રૂધીરથી રંગાઇ જમીન ઉપર પડેલી હતી સાસીના કાચના કટકા તેના મસ્તક તથા સૌન્દર્ય શાળી મુખડામા ઠેકઠેકાણે ઉંડા પેસી ગયા હતા ગજપુરને ઘડીભર મુગ્ધ કરતુ તેનુ અતુલ સૌન્દર્ય ! અને લાવણ્યમય શશિવદન લોહીથી ખરડાઇ—રંગાઇ કદ્રુપુ અને શોભાહીન થઇ ચૂકયુ હતુ

મોહન ! સગાવ્હાલા જેમા ગણો તેમા એક ! એનો મ્હોટો ભાઇ ! આજે તેના મૃત શબ પાસે બેસી છેવટના આસુ પાડી રૂવો હતો

"હાય! મ્હેં મૂર્ખેજ તેને આ અવળી દિશાએ ચઢાવી હતી. મહારાણીના સર્વ શ્રેષ્ઠ પદ ઉપરથી ઉતારી એક હલકી વેશ્યા બનાવનાર પણ હું જ! પરણેલા પતિની સ્હામે ઉશ્કેરનાર! અને તેને છોડી દેવડાવનાર પણ હુંજ! અને અહીં તેડી લાવી તેને મ્હોતના ભયંકર ડાચામાં હોમી-હડસેલી દેનાર પણ હુંજ અભાગી! ભર યુવાન અવસ્થામાં ત્હારી આ શી દશા? મેના! મેના! (મધુરીનું નામ) હું ત્હારો સંપૂર્ણ ગુન્હેગાર છું ત્હારા કરેલા પાપકૃત્યો ત્હારા નથી પરન્તુ મ્હારા છે એમાં ત્હારી મરજી નહિં પરન્તુ મ્હારી પોતાની મરજી! અને પોતાનોજ પ્હેલો હાથ હતો નહિં તો એક આબરૂદાર યુવાન અબળા! તું એવા છળ પ્રપંચોમાં શું સમજે? ત્હારી એમાં શી હિંમત ચાલે? ત્હારા પાપ અને ખૂન ઉભયને માટે જો કોઇ જવાબદાર હોય તો તે હુંજ છું, તેમ ત્હારા લોહી રેડાયા માટે છેવટ કોઇને લાગતું હોય! એ આંસુ ત્હારા મૃત્યુ પાછળ પાડતું હોય! તો તે પણ હુંજ! ત્હારો કમનસીબ પાપી અને ખૂની ભાઇ છું ત્હારા આત્માના સંતોષ અને શાન્તિ માટે હું જરૂર વેર લઇશ મનુ અને ભાનુ એ ઉભયનું મ્હોત! એજ હવે મ્હારૂં અવશેષ ધ્યેય! અંતિમ નિશ્ચય! એક માત્ર ઉદ્દેશ!

વહાવી લોહીની નદીઓ, કઇં નિર્દોષને છૂંદી,
અરેરે! પ્રાણ લીધા છે, કઇંના કંઠને રૂંધી,
ગરીબો ને અમીરોની, કંઇ ગરદન ઉડાવી છે,
કંઇ અબળા તણા ઉરમાં, છૂરી નિર્દય ચલાવી છે.

હા ! પાપ ! ને બસ ! પાપ ! મ્હારા પાપનું લેખું નથી,
જન્મી જગતમાં પુણ્ય છે શું ચીજ ? તે પેખ્યું નથી
છું પાપમાં પોષાયલો, ને પાપમાં મરનાર છું,
નિશ્ચય મ્હને વિશ્વાસ છે હું નર્કમાં પડનાર છું

તો પણ ! ત્હારૂં વૈર લઇશ ! આટલા પાપોમાં એક વધારે ઉમેરો કરીશ સ્વર્ગ તો મળવાનુંજ નથી, તો પછી હવે સુધરીને પણ શું કામનું ?

દીનરાત ગ્ખડી વેર માટે શત્રુને શોધીશ હું,
છાતી ચીરી સંતોષથી, રૂધીર એનું પીશ હું
આ ખૂનના બદલા વિના, ટાઢક ઉરે વળશે નહિ,
આ જન્મમાં તો કોઇ દિન, શાન્તિ હવે મળશે નહિ

બ્હેન ! ઓ બ્હેન ! હું ત્હારો ભાઇ ! ત્હારા સબ સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું કે એક દિવસ નક્કી હું ત્હારૂં વૈર લઇશ

એક દિન આ ભાઇ ! ભગિની કાજ લોહી રેડશે,
નિજ પ્રાણની પરવા મૂકી સાહસ ભયંકર ખેડશે
માયા જગત્ ને જીવ ! એ બંનેને આઘા મૂકશે,
થઇને મરણીયો શત્રુના મયદાન્ વચ્ચે ઝુકશે '

પોતાની પાસે આવેલું ગુલાબનું ફૂલ તેણે બ્હાર કાઢ્યું મરેલી બ્હેનના મુડદાને અંબોડે તેણે એ ખોસ્યું સ્હેજ સંતોષ પામ્યો નીચાવળી લોહીવાળા કપાળે એક છેવટની ચુમી કરી. તેની આંખોમાંથી જીંદગીમાં આ પ્હેલીજ વાર ! અને પોતાની બ્હેનનેજ માટે ! અશ્રુના બે ટીપાં ટપકયાં રડતે હૃદયે મોહન પોતાની બ્હેનના શબને અગ્નિદાહ પણ દેવો મૂકી દઇ, વૈરમાં ગાંડો બની શત્રુની શોધમાં નીકળી પડયો

પુષ્પ:—૧૮ મું.

“ નસીબના ખેલ.”



આયુષ્યના દોરી લાંબી હોવાથી ભાનુમતી તથા વનમાળા બન્ને બચી ગયા હતા આજે ઘા વાગ્યાને બીજો દિવસ હતો પુત્રીની શય્યા પાસે પિતા બેઠેલો હતો ભાનુમતીએ સુતા સુતા પોતાનો તમામ ઇતિહાસ તથા વનમાળાના સ્વરૂપમા વીરો એ કોણ છે, તે બધું અથથી માંડી ઇતિ પર્યંત સવિસ્તાર પૂર્વક કહ્યુ તે પછી તે બોલી.

“ પિતાજી પેલો બદમાશ ડિટેકટીવ પકડાયો કે ? ”

“ કોણ ? વેશધારી ભાનુને માટે તુ પૂછે છે ? ”

“ હા ! ”

“ ના ! બ્હેન ! અમીરને મકાને કદાચ હોય તો, કોણ જાણે ? ”

“ અને વીરો યાને સાચો ડિટેકટીવ ભાનુ કયા છે ? ’

“ આ રહ્યો રાજકુમારી ” કેતાજ ડિટેકટીવ ભાનુ ત્યા પ્રવેશ્યો. તેના માથા ઉપર ઘા વાગ્યાને લઇને પાટો બાંધેલો હતો

હવે આપણે વેશધારી ડિટેકટીવને મોહન અર્થાત્ વેશધારીને નામે અને વીરો અર્થાત્ ડિટેકટીવ ભાનુને નામે ઓળખીશુ

“ આવો ! ભાનુપ્રસાદ ! ” ભાનુમતીએ શય્યામા સુતા સુતાજ ડિટેકટીવ ભાનુ ઉર્ફે વીરાનો આદરસત્કાર કર્યો

ભાનુ ઉર્ફે વીરો ત્યા બેઠો ભાનુમતી બોલી "હવે તમારે ક્યા સુધી આમ ગુપ્ત રે'વુ છે ?"

"પેલો બદમાશ મોહન ઉર્ફે વેશધારી ડિટેકટીવ પકડાય નહી, ત્યા સુધી"

"અને તેની બ્હેન પેલી વેશ્યા મધુરી ?"

"એ તો કયારનીય સ્વધામ પ્હોચી ગઇ"

"હે ? કયારે ? કેવી રીતે ?"

વીરાએ ભાઇની ભૂલનો ભોગ બનેલી એ બ્હેનનો ઇતિહાસ રાજકુમારી સમક્ષ કહી બતાવ્યો જે સાભળ્યા પછી તેણે પાછો પ્રશ્ન કર્યો "ત્યારે હવે શો વિચાર છે ?"

"જો તમારા પિતા થોડી ઘણી મદદ કરે, તો બદમાશને પકડી પછી નિર્ભયપણે ખુલ્લા થવુ"

"તમને શી મદદ જોઇએ છે ?"

"થોડાક માણસોની"

પુત્રીના કહેવાથી મહારાજાએ પોતાના પાચ રાજ્ય સેવકોને વીરાની તહેનાતમા હાજર કરી તેની સાથે જવા ફરમાવ્યુ રાજકુમારીની રજા લઇ વીરો ચાલતો થયો.

"આવજો !" જતા જતા ભાનુમતી સજળ નયને બોલી

"જરૂર !"

* * * * * *

સેવકોને લઇ જતા વીરાને વિચાર થઈ આવ્યો કે "હજુ વેશ ધારી ભાનુ મણીપુરમાજ કોઇ ગુપ્ત સ્થળે હોવો જોઇએ એક વાર અમીરના મકાનમા જઇ પૂરતી તપાસ કરવાનો તેણે વિચાર કર્યો તાબડતોબ તે અમીરના મકાને જઇ પ્હોચ્યો

પોતાના સેવકો સાથે પૂરી તપાસ કર્યા છતા, વેશધારીનો કાંઇ પણ પત્તો વીરાને ન લાગ્યો છતા તેનો વ્હેમ ન ગયો મોહન મણીપુર છોડી નજ જાય એમ તેના કાબેલ ભેજામા મજબુત ઠસી ગયુ અને તેની આ કલ્પના ખરી હતી

પોતાની સાથે આવેલા રાજસેવકો પ્રતિ ફરી તેણે કહ્યુ

"તમે સવળા આ સ્ત્રીનુ શબ લઇ પાછા ફરો ! હવે મ્હને તમારી જરૂર નથી લ્યો આ એક ચિઠ્ઠી તમને લખી આપુ છુ તે રાજકુંવરીને અગર તો મહારાજાને આપજો "

આટલુ કહી વીરાએ તરતજ એક નિચે પ્રમાણે ચિઠ્ઠી લખી આપી

"રાજકુંવરી !

વેશધારી મોહનનો કશો પણ પત્તો ન લાગવાથી અંતે મ્હે એકલાએજ એની પૂઠ પકડવા નિશ્ચય કર્યો છે અમીરના મકાનમાથી મધુરીનુ શબ એમનુએમ મળી આવ્યુ છે જેને યોગ્ય અગ્નિદાહ દેશો હુ સત્વર આપને આવી મળીશ

લી

"ડિટેકટીવ ભાનુ "

રાજસેવકોએ ચિઠ્ઠી લીધી મધુરીનો મૃતદેહ ઉપાડતાજ વીરાની નજર તેના અંબોડામાથી નીચે પડી જતા પોતાનાજ દૈવી ગુલાબના ફૂલ ઉપર પડી તેણે તે ઉપાડી લીધુ સેવકો ચાલતા થયા

થોડી વાર વિચાર કર્યા પછી મનમા કંઇક નિશ્ચય કરી પેલા દિવ્ય ફુલને માટે વિવિધ તર્કો બાંધતો ડિટેકટીવ ભાનુ ઉર્ફે વીરા અમીરનુ મકાન છોડી યોગીનીની ઝુંપડીને રસ્તે પડ્યો બરાબર આજ વખતે એક પુરૂષ વ્યકિત પણ એજ ઘરમાથી નીકળી વીરાની પાછળ પડી

એ વેશધારી ડિટેકટીવ ઉર્ફે મધુરીનો ભાઈ મોહનલાલ પોતેજ હતો પોતાની બ્હેનની તપાસ કરવા, અગર તો પોતાને શોધવા પણ, નક્કી કોઇ અમીરના મકાનમા બ્હેનુ મોડુંયે આવશે, એમ માની લઈ તે અમીરનાજ મકાનમા એક છૂપી જગ્યાએ સતાઇ રહ્યો હતો જ્યારે વીરાને રાજસેવકો સાથે પોતાના ધાર્યા મુજબ ત્યા આવેલો તેણે જોયો, ત્યારે તેના મુખમાથી બે નિશ્વાસયુક્ત શબ્દ બ્હાર પડી ગયા. 'બચી ગયો "

પોતાના વેરની વસુલાત લેવા, અને બ્હેનના ખૂનનો બદલો ચૂકાવવાના દૃઢ વિચારે તેણે વીરાનો પીછો પકડ્યો હતો આગળ વીરો અને પાછળ મોહનલાલ યોગીનીની ઝુંપડીના માર્ગે ચાલવા લાગ્યા

* * * *

રાજસેવકોએ મ્હેલમા જઈ ચીઠ્ઠિ મહારાજાને આપી મધુરીનુ શબ તેમણે નીચે ઉતાર્યું મહારાજાએ એ ચિઠ્ઠી પોતાની પુત્રીને બતાવી રાજકુવરી ભાનુમતીની ઇચ્છાનુસાર મધુરી અર્થાત્ મેના મહારાણીના મૃતક શબને સન્માનપૂર્વક યોગ્ય અગ્નિદાહ દેવાયો પારકી ભૂમિમા અને પારકાને હાથે એક આબરૂદારની કન્યા, એક મહારાજ્યની મહારાણી, ચિતામા ફૂકાઈ! આનુ નામ તે **નસીબના ખેલ!**

પુષ્પઃ-૧૯મું.

"માનુ [વ્હાલ]"

ડિટેકટીવ ભાનુ અર્થાત્ વીરો જ્યારે સરિતા-તટની ઝુપડીએ આવ્યો, ત્યારે ત્યા યોગીની ન હતા. કેવળ મનુજ હતો વીરાને આવતો જોઈ તે સ્હામે દોડયો 'અત્યાર સુધી ક્યા ગયો હતો ?' મનુએ પૂછ્યુ

વીરાએ પોતાની તથા ભાનુમતી ઉપર આવેલી તમામ વિપત્તીની વાત કહી સંભળાવી પોતે ભાનુમતીના લગ્નનુ ચોકઠુ મનુ સાથે બેસાડી દીધુ છે, એ વાત કરવી પણ તે ન ભૂલ્યો

"મનુ ! દેવી ક્યા ?"

"મ્હે એમને દરબારમા બનેલી વાત કહી. ગુલાબસિંહના રૂઝાયલા ઘામાથી પુન રકતવહન થયાનુ સાંભળતાજ તેઓ આપણા છૂપા સ્થાને તેમને જોવા ગયા છે"

"ચાલો ઠીક થયુ હુ પણ હવે બધી વાતનો છેડોજ લાવવા માગુ છુ ત્યા જતાજ તમામ ભેદ ખુલ્લો કરી બધાને સુખી કરવા ચાહુ છુ"

"પણ માતા એ કેમ માનશે ?"

"કા ?"

"બેનો વેશધારી ભાનુ ઉર્ફે મોહન ન પકડાય, ને ગુલાબસિંહ પાસે મહાદેવી પોતાની નિર્દોષતા પૂરવાર ન કરી શકે, ત્યા સુધી ખુલ્લા ન થવાની તેમની પ્રતિજ્ઞા છે"

"તે બધુ ત્યા થઇ રહેશે ત્યા ગયા પછી વિચાર' મ્હારા ધારવા પ્રમાણે હવે મોહન કોઇ પણ જાતનો ઉપદ્રવ કરે એમ લાગતુ નથી. કેમ તુ શુ ધારે છે?"

"ના ભાઈ! એનુ ભલુ પૂછવુ એ વિચિત્ર માણસ છે હુ નથી ધારતો કે એ વેરની વસુલાત લીધા વિના શાન્ત બેસે"

"તો તે વખતે જોયુ જશે! પડશે તેવા દેવાશે"

વીરો અને ભનુ બને છૂપા સ્થાને જવા નીકળ્યા તમામ વાતચીત છૂપાઇને સાંભળતો વેશધારી ડિટેક્ટીવ ઉર્ફે મોહનલાલ પણ હજુ પૂઠે ને પૂઠેજ હતો અને આ ત્રિપુટી એક એકની પાછળ યક્ષ-ભુવનમા સહીસલામત આવી લાગી

* * * * *

ગુલાબસિંહનો ઘા હવે દિન પર દિન પાછો રૂઝાતો જતો હતો "વીરો" હજુ કેમ ન આવ્યો? તેની તેને ચિન્તા થયા કરતી હતી. જ્યારે યોગીની પણ અત્રે આવી અદ્રશ્ય રીતે ગુલાબસિંહને જોઇ પ્રભુને તેમના આરોગ્ય માટે પ્રાર્થના કરતી હતી

આજે પણ ગુલાબસિંહ શય્યામા પડ્યો પડ્યો વીરાનાજ વિચારો કરી રહ્યો હતો એટલામા સરયુ ત્યા આવી

"બાપુ!"

"કેમ બેટા?"

"કાલ રાત્રે મ્હને સ્વપ્નુ આવ્યુ હતુ કેમ જાણે તેમા મ્હારી બા આવી મ્હને બોલાવી ગઇ"

"બા !" આ એકજ અક્ષરે બ્હારવટીઆ ગુલાબસિંહનું દીલ ભાંગી નાખ્યું આંખોમાં આંસુ ભરાયાં "એ આંસુ ભરી યાદ !" અને "પેલી ધવલવસ્ત્રા યોગીનીનું આશ્વાસન !" એ બે પ્રસંગો તેને યાદ આવ્યા પિતાની આંખમાં પાણી જોતાં સરયુ પણ રડી પડી

"બાપૂ ! તમે રડો છો શા માટે ?"

"કંઇ નહિ બ્હેન ! મ્હને એજ સાંભરી આવ્યું, કે ત્હારા લગ્નનો લ્હાવો લેવા ! ત્હને સુખી જોવા ! ત્હારી બા ન રહી ન થોભી "

"મ્હારૂં લગ્ન ?"

"હાસ્તો ! બેટા ! સરયુ ! કન્યા કુમારી રહી શોભતી છે ? ત્હારે માટે મ્હેં યોગ્ય પતિની પસંદગી પણ કયારની કરી મૂકી છે "

"બાપૂ ! આપની એ પસંદગીના પાત્રનું શુભ નામ હું જાણી શકીશકે ?" સરયુ સહજ શરમાતા શરમાતા આ શબ્દો બોલી

"ખુશીથી એ ભાગ્યવાન વીરપુરૂષનું નામ . "

ગુલાબસિંહ આગળ વદે, તે પ્હેલાં ત્યાં મનુને લઇ વીરો આવી પ્હોંચ્યો ગુલાબસિંહના મુખમાંથી હર્ષોદ્‌ગાર બ્હાર પડી ગયા કે, "લે ! આ ત્હારા ભવિષ્યના સંસાર-નાવિકને મ્હેં ત્હારી જીવનનૌકાને માટે પસંદ કર્યો છે "

સરયુ પિતાના શબ્દોએ ખુશી થઇ, તેમજ શરમાઇ ગઇ વીરો પોતાના માલીકને ભેટી પડયો

વીરાના માથા ઉપર પાટો બાંધેલો જોતાંજ ગુલાબસિંહે તે બદલ પૂછ્યું વીરાએ બનેલી તમામ વાત ગુલાબસિંહને જણાવી દીધી ત્યારબાદ મનુ તથા સરયુ ત્યાંથી ચાલ્યા ગયા હવે વીરો તથા ગુલાબસિંહ એકલા પડયા તેઓ ધરાઇ ધરાઇને વાતો કરવા લાગ્યા

વાતો કરતા કરતા ગુલાબસિંહની આંખો મળી ગઇ, એટલે પોતાની માથાના ઘા ઉપર બાંધવા અમુક વન-ઔષધિ અને વૃક્ષ-પર્ણો લેવા વીરો એ ગુપ્ત સ્થાનની બ્હાર ચાલ્યો ગયો

દરમ્યાન એક ઝાડીમા બે વ્યક્તિઓ છૂપી છૂપી વાતો કરતી હતી તેમાની એક યોગીની ! અને બીજો મનુ હતો

" મનુ ! તુ આવી પહોંચ્યો ? કહે શી ખબર છે ? "

" ખબરમા બદમાશ ભાનુનુ ભોપાળુ ખુલ્લુ પડી ગયુ છે વીરો અને ભાનુમતી એને હાથે ઘાયલ થયા છતા બચી ગયા છે એની બ્હેન મેના ઉર્ફે પેલી વેશ્યા મધુરી એનેજ હાથે મારી ગઇ છે " મનુએ સક્ષેપમા સર્વ વાત કહી સભળાવી

" ઠીક ! હવે તુ ક્યાય જઇશ મા બદમાશ ભાનુ ઘણે ભાગે અહીં આવી લાગશે માટે હાલમા તુ પણ અહીંજ ગુપ્ત રીતે ફર્યા કરજે "

" જેવી આજ્ઞા "

મનુ આ પછી વીરાને મળવા ગુલાબસિંહના શયનખડમા આવ્યો પરન્તુ ત્યા વીરો તેના જોવામા ન આવ્યો ગુલાબસિંહ નિદ્રા લઇ રહ્યા હતા શ્રમિત મનુ પણ પાસેના પલગ ઉપર આડો પડયો

આવા મધ્યાહ્ન કાળના સખ્ત તાપમા મોહનલાલ શુ કરતો હતો ? યક્ષ-ભુવનમા આવ્યા પછી તે વીરો, મનુ, તથા ગુલાબસિંહને એકલા પડે એ લાગ શોધતો હતો પરન્તુ હજુ તેમ બનવા પામ્યુ ન હતુ એટલામા તેની નજર યોગીની ઉપર પડી તેને કઇક પૂર્વ-સ્મૃતિ થઇ આવી છૂપાઇને એ યોગીની કોણ છે ? એ ભેદ જાણવા તેણે તેની પૂઠે પૂઠે ફરવા માડ્યુ

સરયુ ! સરોવરની સુન્દરી બપોરે રોજ બે ઘડી નિદ્રાનુ સુખ અનુભવતી હતી નિત્યનિયમ પ્રમાણે આજ પણ તે પોતાના એકાન્ત ઓરડામા ઉંઘી ગઇ હતી ત્યા એક રમણીએ પ્રવેશ કર્યો તેના અંગ ઉપર એક શ્વેત વસ્ત્ર હતુ માથાના વાળ છૂટા થઇ તેના પૃષ્ટ ભાગે ફરફરી રહ્યા હતા યોગીની–વેશ હોવા છતા તેના હાથમા સૌભાગ્ય-કંકણ તથા કપાળમા કુમકુમ્ ચાંદ્રક હતો તેના ભાલ ઉપર પવિત્રતાનુ અનેરૂ તેજ ઝળકી રહ્યુ હતુ એજ આપણી પૂર્વપરિચિતા વિચિત્ર યોગીની !

થોડી વાર સુધી તો તે યોગીની નિદ્રાધીન સરયુના વદન–કમળ પ્રતિ જોઇજ રહી જેમ જેમ તે તેને જોતી ગઇ, તેમ તેમ તેની આંખોમાથી આંસુ ઉભરાવા લાગ્યા હૈયુ કબજે ન રહ્યુ સુનેત્રી સરયુના ગાલે ચુમી કરવા તે નીચી વળી સુકોમળ ગુલાબી ગાલ ઉપર એક મીઠી ચુમી ભરાઇ ચુકી સરયુ અચાનક જાગી ઉઠી "કોણ ?"

અણધારી રીતે યોગીની સરયુની નજરમા આવી ગઇ તે એક-દમ બોલી ઉઠી "કોણ ? મ્હારી બા ! " બને એકમેકના મોઢા સામુ જોઈ રહ્યા

"ચૂપ રહે ! બ્હેન ! હુ મરી નથી ગઇ હો ! જીવુ છુ "

"ત્યારે બાપૂ તો મ્હને તુ મરી ગઇ ! એમ કહેતા હતા "

"ને ખરૂ છે ત્હારા બાપાને હુ જીવતી છુ, એની ખબર નથી "

"ત્યારે તુ આટલો વખત કયા ગઈ હતી ? તુ આવા વેશમા કેમ ? બાપૂને તુ કેમ આવીને મળતી નથી ?"

"સરયુ ! તે બધુ હુ તને નિરાતે કહીશ હાલ તો હુ તને એક વાત કહુ, તેમ કરજે ' '

"શું ?"

"હાં ! પિતાને હું જીવતી છું, અને તે પણ અહીંયાજ છું, એમ ન કહીશ."

"બા ! તું એમ શું કરે છે ? તને દયા નથી આવતી ? મ્હારા પિતાજી તો દરરોજ ત્હને સંભારી આંસું ઢાળે છે."

"બ્હેન ! એ બધું ખરૂં છે પરન્તુ જીગરના ઘાની છૂપી વાતો તું ન સમજે. તું ત્હારે હું કહું એટલુંજ કરજે. બોલ કરશે ને ?"

"ભલે ! ત્હારી એવીજ મરજી છે, તો હું બાપુને તારા વિષે એક અક્ષર પણ નહીં કહું. પણ બા ! તું મ્હને તો રોજ એક વાર મળશેને ?"

"હા બેટા ! થોડા દિવસ પછી ત્હને અને ત્હારા પિતાજીને બેઉને હમેશને માટે મળીશ."

"પ્રભુ ! એ વખત વ્હેલો લાવે."

સરયુ માતાની ગોદમાં લપાઇ. પુત્રીએ માની ગોદ અને માએ પુત્રીની પીઠ આંસુઓથી ભિંજવી દીધી. વાત્સલ્યઘેલી યોગીનીએ-માતાએ પોતાની પુત્રીને-સરયુને વારવાર છાતી સરસી ભીડી ચુમીઓથી ન્હવરાવી દીધી.

ખરેખર ! માતા તે માતાજ ! માના વ્હાલાને જગત્‌માં કશુંય ન પ્હોંચે !

માતા-પુત્રીનું આ પ્રેમાળ દ્રશ્ય એક ત્રીજીજ વ્યક્તિ છૂપાઇને જોઇ રહી હતી. એ વેશધારી ડિટેકટીવ ઉર્ફે મોહનલાલ પોતેજ હતો.

પુષ્પ:—૨૦ મું.

"પવિત્ર સરોજ"

ઘણે દિવસે પુત્રીને ભેટી પ્રેમઘેલી માતા ! યોગીની, સ્નેહ—સરોવરની પાળ પાસે આવી પેલી યક્ષ—કન્યાની પૂતળી, તથા તેના હાથમાના અદ્‌ભુત ગુલાબના છોડને તે જોઇ રહી હતી જેની ઉપર પેનુ અલૌકિક ગુલાબનુ ફૂલ ખીલી રહ્યુ હતુ

સરોવરની ભવ્યતા, ફૂલની રમણીયતા અને સુશોભિત પૂતળીની દૈવી શોભા જોવામા લીન થયેલી યોગીનીને એટલુયે ધ્યાન ન રહ્યુ, કે પોતાની પાછળ એક વ્યકિત આવી કયારની ઉભી રહી છે જ્યારે સરોજ પાછી ફરવા માટે ફરી, ત્યારે તેની નજર તેની ઉપર પડી ચાર આખો એક થઇ એકેકને ઓળખતા વાર ન લાગી જવાળામુખી ફાટે, અને તેનો અવાજ સાભળી જેમ માણસ ચમકે, તેમ મોહનને પોતાની પાસે આ છુપા રહેઠાણમા ઉભેલો જોતાજ યોગીની ચમકી અચાનક તેના મુખમાથી શબ્દ નીકળ્યા "તુ ભાનુ ? અહીયા ?"

"હા સરોજ ! તુ જેમ સાચી યોગીની નથી, તેમ હુ ખરો ભાનુ નથી હવે આ સવકને તેના મૂળ નામ મોહનલાલને નામે બોલાવ "

"હુ તને નથી ઓળખતી" કહી યોગીની તેના પજામાથી છટકવા આગળ ચાલવા લાગી

‘ ઉભી રહે !” તેનો રસ્તો રોકતા બદમાશ બોલ્યો. ‘ નથી ઓળખતી, તો ઓળખાણ હું આપું ! સરોજ ! સરોજ ! યાદ કર એક વખતના આ તારા પ્રેમ-ભિખારી ભાનુની સ્હામું જો ’

વાચક ! યોગીની એજ એક વખતની સરોવરની સુન્દરી, ગુલાબસિંહની પત્ની સરોજ ! પોતાને કલંકીની ઠગવી આ દશાએ પ્હોચાડનાર, પતિના હૃદયમાં શંકા ઉત્પન્ન કરી, વિયોગ કરાવનાર, પાપી ભાનુની આ યાદે તે કમ્પી

“ નથી યાદ કરવું તું ત્હારે રસ્તે પડ ”

“સરોજ ! જો કે આવ્યો હતો કોઈ અન્ય કાર્યને માટે ! અને ભેટો થયો છે બીજોજ ! સરોજ ! અત્યારે તું મ્હારા દાવમાં છે મ્હારા પ્રેમના તિરસ્કારનું, અને કીધેલા અપમાનનું વેર વાળવાનો આ પ્રસંગ છે ધારેલી મુરાદ બર લાવવાની આ સોનેરી તક છે બોલ, છે કે નહિ ? ”

“ એટલે તું શું કે’વા માગે છે ! ’

“ એટલે એજ ! કે હજુ પણ સમજ ! ત્હારા પતિનો ડર લાગતો હોય, તો ચાલ મ્હારી સાથે ન્હાસી ચાલ આવા એક તો શું સત્તરસો સરોવરો તારા સ્નાનને માટે હું બંધાવીશ તેમાં આથીયે ઉત્તમ ગુલાબના અગણિત રોપાઓ રોપાવીશ ત્હારે માટે આવા એક નહિ બલ્કે અનેક બ્હારવટીઆઓથી શત્રુતા બાંધી, ત્હને સંભાળીશ ”

“ બંધ કર ત્હારી જબાન પાપી ! હું વધુ સાંભળવા નથી માગતી ”

“ શું ? ત્યારે તું મ્હારી માગણીને તિરસ્કારે છે ? ”

“ પ્હેલેથીજ માનવના રૂપમાં પિશાચ ! જો ભલું ચ્હાતો હોય તો આ સ્થાન છોડી ચાલતો થા. ”

" નહિ તો? "

" પરિણામ વિપરીત આવશે આ સરોજ હમણાજ મદદને માટે બૂમ પાડી ત્હારા દુશ્મનોને બોલાવશે રાઇ રાઇ જેવડા ટુકડા કરાવશે સમજ્યો? "

" બસ! એજને! સરોજ! ત્યારે તને ખબરજ નથી, કે હુ મ્હોતને મુઠ્ઠીમા રાખીનેજ આ સ્થાનમા આવ્યો છુ એક વખત એવો પણ હતો, કે હુ મૃત્યુને ન્હોતો ચ્હાતો એનો મ્હને ડર લાગતો જ્યારે હવે એ સમય છે, કે મ્હોત મ્હને દેખીને થરથરે છે, મ્હારાથી આઘે ને આઘે ન્હાસે છે હુ મરવાને તૈયાર છુ જેમ કોઇ મરણીઓ કેસરીયા કરી રણમા પડે, તેમ હુ પણ મૃત્યુની દરકાર દૂર કરી મ્હારા આશયની તૃપ્તિને માટે અહીં આવ્યો છુ કયા તો આ જાન જાય! કયા તો ઉરની અભિલાષ પૂરી થાય! એ બેમાથી ગમે તે એક થાય, તે મ્હારે નથી વિચારવાનુ હુ હવે છેક છેવટને છેડે બેઠેલો માણસ છુ બોલ, આટલુ જાણ્યા પછી હવે તુ શુ કહેવા માગે છે ? "

સરોજ શુ બોલે? " તો બૂમ પાડુ છુ " એમ કહી તે સિહણની પેઠે ગરજી

" તે પ્હેલા આ ગોળી ત્હારી છાતી વીંધી નાખશે "

પિસ્તોલ જોતાંજ બૂમ માગવા તૈયાર થએલી સરોજ યોગીની નરમ પડી ગઇ મરવુ કોને ગમે છે? અરે! " મૃત્યુ " જેવા વિષય ઉપર મ્હોટા મ્હોટા ફીલસુફી ભર્યા લેખ લખનાર વિદ્વાનો પણ પોતાનુ મૃત્યુ નિકટ આવના રૂપે જેઓ પ્રભુ! ઓ ઇશુ! યા ખુદા! અને યા મેરે મૌલાના વિધવિધ ઉચ્ચાર તેમનાજ મુખમાથી નીકળે છે. તો પછી સરોજ તો એક અબળા હતી એને તો એ ગમેજ કેમ?

એક હાથમાં પિસ્તોલ ધરી કામાંધ મોહન યોગીનીને સ્પર્શવા આગળ વધ્યો તેમ તેમ યોગીની પાછળ હઠવા લાગી તે બુમ પાડવા બહુએ ચ્હાતી હતી, છતાં પિસ્તોલની બ્હીક તેની જીભને ઉપડવા ન્હોતી દેતી એટલામાં વીરાની શોધમાં નીકળેલો મનુ ત્યાં એકાએક આવી પહોંચ્યો તેની નજરે આ ભયાનક દ્રસ્ય પડયું સરોજનો પ્રાણ તેને ભયમાં લાગ્યો

વગરવિચાર્યાં સાહસથી અનિષ્ટ પરિણામો આવ્યાં છે,અને આવે છે. "મનુ પણ અત્યારે એવું એક વગર વિચાર્યું સાહસ કરી બેઠો જેને લઇને તેને પસ્તાવું પડયું

ભલા ભલા બુધ્ધિશાળીઓ અને સમશેરબહાદુરોને પણ કેટલીક વાર કળ છળ અને અસત્યપથનો આશરો લેવો પડે છે ધર્મરાજાને પણ "નરો વા કુંજરો વા" કે'વાનો પ્રસંગ આવ્યો હતો એવે વખતે બળીનું ગુમાન રાખી વાહોમ કરવું, એ મુર્ખાઇ અને વિનાશનું ચિન્હ ગણાય છે

મનુને એવો ઉમેદ હતી, કે પાછળથી ઘા કરવો, એતો બાયલાનું કામ સમયસુચકતાનો સિધ્ધાંત તે ચુકયો સ્હામે મુખે બદમાશને મ્હાત કરી વિજય મેળવવાનો મનસુબો તેને થઇ આવ્યો પરન્તુ તેમ કરવા જતાં તેને શોષવું પડયું

યુકિતપૂર્વક કામ લેવાને બદલે તેણે એકાએક તેની મ્હામું જઇ "ખબરદાર!' એમ બૂમ મારી મોહને જાણ્યાજોયા વિનાજ તેના ઉપર પિસ્તોલનો બ્હાર કર્યો મનુને જેની સ્વપ્ને પણ આશા ન્હોતી, એવું બની ગયું ગોળી ડાબા હાથના કાંડામાંથી આરપાર નીકળી ગઇ લોહીલોહાણ મનુ બેહોશ થઈ ત્યાં પડયો. એજ વખતે યોગીનીએ ચીસ મારી દોટ મૂકી

તેની પૂઠે દોડતા મોહને જીવ ઉપર આવી બીજો બ્હાર ર્ક્યો પરતુ યોગીનીના પરમ સદ્ભાગ્યે તે ખાલી ગયો પિસ્તોલમા કેવળ એકજ ગોળી હતી, અને તે મનુની ઉપર વપરાઇ ચૂકી હતી ખાલી પિસ્તોલને જમીન ઉપર પટકતા મોહન ગોગીનીની પૂઠે દોડયો

પ્રવેશદ્વાર આગળજ તેણે તેને પકડી પાડી ચીસ ન પાડે એ માટે તેના મોઢા ઉપર પોતાનો રાક્ષસી હાથ દાબ્યો

પિસ્તોલના અવાજે અને યોગીનીની તીણી ચીસે બહારવટીઆ ગુનામસિહની નિદ્રા ઉડાડી દીધી તે પિસ્તોલ લઇ બહાર કૂદી આવ્યો તેની નજર મ્હામે ઘાયલ મનુની સારવાર કરતી સરયુ ઉપર પડી તે પણ ચીસ સાભળીનેજ અહી દોડી આવી હતી ગુલાબસિહે ત્યાં આવી પૂછ્યુ

" સરયુ ! શુ છે ? ,

સરયુ કઇ પણ જવાબ દે, તે પ્હેલા મ્હેજસાજ ભાનમા આવેલો મનુ બોલ્યો, " ગુલાબસિહ ! યોગીનીને બચાવો "

તેણે દ્વાર ગમી આગળી કરી બતાવી ગુલામસિહ ત્યા દોડી ગયો બદમાશ મોહન યોગીની સરોજ ઉપર બળાત્કાર કરવાને ફાફા મારી રહ્યો હતો ત્યાજ ગુનામસિહનો પ્હાડી અવાજ તેના કાનમા પાછળથી પડયો " સબૂર ! "

ચાલાક મોહને એક ક્ષણ પણ ન ગુમાવતા પોતાનો પ્રાણ બચાવવા યોગીનીને પોતાના બે હાથમા અદ્દર ઉંચકી લીધી પાસે એક મોટી શીલા પડી હતી તે બતાવતા તે બોલ્યો, " ખબડદાર ! ગુલાબસિહ ! ત્હારી પિસ્તોલનો એકજ બાર, ને તેની સાથેજ હુ, અને આ ત્હારી સરોજ બને એક સાથેજ ઠાર ! "

"મ્હારી સરોજ!" એ શબ્દોએ ગુનાબસિંહને આશ્ચર્યમા નાખી દીધો આ યોગીનીને જોતાજ તેને પેલી સરિતા તટ વાળી યોગીની સાભરી આવી "ત્યારે શુ તેજ હશે? આ મ્હારી જીવનસખી સરોજ!"

બ્હારવટીઆએ ક્રોધમા આવી જઈ પોતાની પ્રિયતમા ઉપર બળાત્કાર કરતા બદમાશને પરો કરવા ગોળી બ્હાર કર્યો તેનીજ સાથે બદમાશે સરોજને પેલી શિલા ઉપર પટકી નાખી

પરન્તુ પ્રભુ, પવિત્ર આત્માએને પડખે સદા ઉભેલોજ હોય છે. ઔષધી લેવા ગએલો વીરો, આજ વખતે તે પ્રવેશદ્વાર પાસે એકાએક આવી પ્હોચ્યો શિલા ઉપર પડી કચરાઇ જતી યોગીનીને તેણે પોતાના બે બળવાન હાથો લાબા કરી, તે ઉપર અદ્ધર ઝીલી લીધી

જ્યારે ગોળી જેના પગમા લાગી છે, એવો બદમાશ ખોડ ગતો ખોડ ગતો સરોવર પાસે જઇ પહોચ્યો ગુનાબસિંહ તેની મુરાદ કળી ગયો વીરાએ તેજ વખતે ગર્જના કરી, "જાનથી મારો! ગુલાબસિંહ! એને જીવતો ન જવા દેતા" ગુલાબસિંહે બીજો બાર કર્યો આ વખતે ગોળીએ આબાદ કામ કર્યું ફૂલ લેવા જતા ઘાયલ મોહનનુ હૃદય તેણે વીધી નાખ્યુ તે સરોવરના જળમા પટકાઈ પડ્યો

યોગીની પણ વીરાના હાથમાથી દોડી પોતાના પતિ ગુલાબસિંહને બાઝી પડી તેના મુખમાથી એટલાજ શબ્દો નિકળ્યા, "નાથ!"

"સરોજ! મ્હારી પવિત્ર સરોજ!"

"હુજ આપની અપવિત્ર, કલકીની અને હતભાગીની સરોજ"

"આ વેશમા?"

"હા! જે યોગીનાએ આપને સરિતાના જળમાથી ડૂબતા બચાવ્યા હતા, તે તેનો બદલો યાચવા અહિ આવી હતી આજે તેનો બરાબર બદલો તેને વિના માગ્યે મળી ગયો છે"

આ વખતે સરયુ પણ મનુને વીરાની સભાળમા સોંપી પોતાના પિતા-માતાને ભેટવા આવી લાગી હતી

સ્નેહ-સરોવરને આરે માતા, પિતા, અને પુત્રીની એક **પ્રેમી-ત્રિપૂટી** આજે ઘણે લાબે વખતે એક સાથે મળી

પુષ્પઃ—૨૧ મું.

" યોગીનીની આત્મકથા. "

"સરોજ ! વ્હાલી ! હવે ત્હારા પુનર્જીવનની સમસ્ત ઘટના કહી સભળાવ કહે, આ પાપીએ ત્હને કલકીની ધારી સરિતાના જળમા ઝપાપાત કરવા પ્રેરી, તે પછી ત્હારૂ શુ થયુ ? તુ કેવી રીતે બચી ?"

"પ્રભુ ! મ્હારા કરતા **વીરાજ** એ વાત સારી રીતે કહી સભળાવશે "

"એ જાણે છે ?"

"હા પ્રભુ ! તમારી સરોજનો જીવનદાતા એજ છે આજના મંગળમય મિલનનુ તમામ માન એનેજ આભારી છે "

વીરો મનુને હાથે પાટો બાધી ત્યા આવી લાગ્યો હતો ગુલાબસિહે વીરાને પ્રેમપૂર્વક ભેટી લગાડયો "વીરા ! મ્હારા બહાદુર બંધુ ! તુ મ્હારો સેવક નથી, પણ ન્હાનો સહોદર છે હુ ત્હારો-

જેટલો ઉપકાર માનુ તેટલો ઓછોજ છે વીરા ! બેસ ! કહે મ્હારી યોગીની બેનેલી સરોજને જીવતદાન દેવા તુ શી રીતે ભાગ્યશાળી થયો ? ”

બધા એ સ્નેહ–સરોવરને આરેજ ગોઠવાયા વીરાએ ' યોગીનીની આત્મકથા” કહેવી શરૂ કરી

“ પ્રભુ ! જ્યારે તમે મ્હને વેશધારી ડિટેકટીવ ભાનુને આપણા સ્થાન–બ્હાર મૂકી આવવાનુ કહ્યુ, ત્યારે હુ તેને લઇને થોડે દૂર પ્હાડ ઉપર જઈ લાગ્યો બદમાશે મ્હને ઓળખતાજ ધક્કો માર્યો, અને મ્હારો પગ સરી જનાથી હુ પહાડની નીચે ગબડી પડયો ત્યાથી મ્હને આ મનુએ આવી બચાવ્યો કોઇ એક સ્ત્રી અને પુરૂષ આ રસ્તે થઇને હમણાજ અમુક દિશામા ગયા, એમ મ્હે એને મુખે સાભળતાજ તે દિશામા જવુ યોગ્ય ધાર્યું ત્યા પહોચ્યતાજ મ્હે આપને સરિતામા પડવા તૈયાર થયેલા જોયા હુ નદીમા પડયો, અને ઇશ્વરકૃપાએ દેવીને બચાવવા ભાગ્યશાળી થયો

નદીકિનારે મ્હારા પરમમિત્ર આ મનુનુ ઝુંપડુ આવેલુ હતુ, જે આજ પણ મોજુદ છે એમા હુ એમને લઇ ગયો અમારા ચાપતા ઇલાજોએ દેવી બચી ગયા તે પછી મ્હે બહુ બહુ સમજાવ્યુ, પરન્તુ એમણે પાછા આવવા ના પાડી એમણે મ્હને કહ્યુ, “ વીરા ! એમની નજરમા જ્યા સુધી હુ મ્હારૂ નિષ્કલંકીતપણુ પૂરવાર કરી આપી, નિર્દોષ અને પવિત્ર ન ઠરૂ, ત્યા સુધી પાછી નહીજ ફરૂ ” મ્હારા સોગનથી એમણે આપઘાત કરવાનો વિચાર પડતો મૂક્યો એમના જીવતા હોવાની વાત તમારાથી ગુપ્ત રાખવા મ્હે એમને વચન આપ્યુ. હુ મનુને એમની માતા બરાબર સભાળ રાખવાનુ કહી તમારી પાસે પાછો આવ્યો.

મનુની ઉપર મ્હને પૂરતો વિશ્વાસ હતો શર્તમુજબ, મ્હેં આપને ખોટા સમાચાર આપ્યા, કે "સરોજનો કંઇ પણ પત્તો નથી"

"ત્યારે મ્હને સરિતા–તટે પેલું દિવ્ય આશ્વાસન આપનાર યોગીની કોણ ? તુંજ કે ?"

"હા પ્રભુ ! આપને બચાવનાર પણ હું અને આ મનુજ" સરોજ પતિને નમતા બોલી

"મનુ ! તું કોણ ભાઇ ?"

"તે પણ આપને કહીશ હવે તમે આગળ સાભળો તમને ઘાયલ કરનાર વેશધારી ડિટેક્ટીવ ભાનુ"

"વેશધારી ! ત્યારે ખરો નહિ ?"

"ના ! વેશધારી ભાનુ પેલો પોતાના પાપનો જવાબ દેવા મૃત્યુ કાંઠે પડયો છે, જ્યારે આ સાચો ડિટેક્ટીવ ભાનુ તમારી સ્હામેજ ઉભેલો છે"

"તું ? વીરા ! ડિટેક્ટીવ ભાનુ ?"

"જી હા ! આપનો વફાદાર સેવક ! તેજ આ ભાનુ"

"અને આ મનુ કોણ ?"

"એજ રાજપુરના ગુમ થયેલા યુવરાજ"

"ત્યારે વેશધારી ભાનુ કોણ ?"

"યુવરાજને ગૂમ કરનાર અને મ્હારા નામથી લોકોને ઠગનાર એ અમારો બાળસ્નેહી મોહન ! યુવરાજનો સાળો !"

"વાહ ! ત્યારે ભાનુ ! ત્હારો ઇતિહાસ હવે આગળ ચલાવ" વીરા અર્થાત્ ભાનુએ પોતાની વાત આગળ ચલાવી "આ મનુ તેજ રાજકુવરીનો દ્વારપાળ કેશરીસિંહ દિવસે તે કુમારીના મ્હેલે પ્હેરો ભરતો, અને રાતના વારવાર યોગીનીને આવી મળતો વનબાળાના

વેશમાં અમીરના મકાને એણે મ્હને ઓળખ્યો હતો, એનું પણ એજ કારણ હતું. ભાનુચંદ્ર મહારાજા તરફથી મોહનને-વેશધારી ડિટેકટીવને એ જ્યારે સમાચાર કે'વા આવ્યો હતો, ત્યારે મ્હેંજ એને નોકરી છોડી દેવાનું કહ્યું હતું. સરયુને એના હાથમાં સોપતા વનમાળા વેશે મ્હેં "વીરો" એજ શબ્દ કાનમાં કહ્યા હતા, અને તેથીજ સરયુ મ્હારી તરફ જોઇ હસતી હસતી આ મનુકુમાર સાથે અહીં આવી હતી. પાછળથી હું પણ વેશધારી ડિટેકટીવને વીરા વેશે ઓરડીમાં પૂરી બ્હાર નીકળ્યો. બ્હાર નીકળ્યા પછી મ્હેં વનમાળાનો પોશાક ધારણ કર્યો. ડિટેકટીવને બનાવવા ખાતરજ પાછી ઓરડી ઉઘાડી બ્હાર કાઢ્યો. વીરાની સાથે મ્હારે મારામારી થઇ, અને "મ્હને તેમાં આ કાર્ડ હાથ લાગ્યો," એમ કહી વનમાળા વેશેજ મ્હેં એના હાથમાં મ્હારો પોતાના નામનો કાર્ડ આપ્યો. આ બધું તરકટ રમવામાં મ્હારો ગુપ્ત ઉદ્દેશ એ હતો કે કોઇ પણ પ્રકારે "વનમાળા અને વીરો એક વ્યકિત નથી, પણ વીરો એ પોતાનો દુશ્મન અને વનમાળા એ તેની મદદગાર છે," એમ તેના મગજમાં ઠસાવી દેવું. વળી વનમાળા વેશેજ મ્હેં ડિટેકટીવને આપ રાજકુમારીનું હરણ કરવા ગયા છો, એ ખબર આપી હતી, જેનું કારણ પણ એનો વિશ્વાસ મેળવવો, એજ હતું. મ્હેંજ ભાનુમતીને લઇને ન્હાસેલો આપનો ઘોડો ઝાડ સાથે બાંધ્યો હતો, અને આપને રાજકુંવરીના હરણમાં મદદ કરી હતી.

વેશધારી ડિટેકટીવને ઓરડામાંથી બહાર કાઢી વનમાળાનો વેશ ત્યાગી હું પાછો વીરાને વેશે અહીં આવ્યો, અને મનુ તથા સરયુને મળ્યો. પ્રભુ! ડિટેકટીવ ભાનુ, આપનો વફાદાર વીરો, વનમાળા! કે વારાંગના વિશ્વમોહીની, જે ગણો તે હુંજ."

"શાબાશ! શાબાશ! ભાનુ ત્હારા આટઆટલા ઉપકારો

અને ઉત્તમ કામોથી પ્રસન્ન થઇ આજ હું ત્હને એક અણુમૂલી બક્ષીશ આપવા ચાહુ છુ મ્હને આશા છે કે એ બક્ષીશને તુ જાનના જતને જાળવશે"

આટલુ બોલી જુનામસિંહે પોતાની પુત્રી સરયુ ! સરોવરની સુન્દરીનો હાથ ડિટેક્ટીવ ભાનુપ્રસાદના હાથમાં મૂકી દીધો આશિર્વાદ આપ્યો 'પ્રભો ! તમારી જોડી દીર્ઘાયુ રાખે !"

"કેમ બ્હેન ! પિતાની પસંદગીનુ આ પાત્ર ગમશેને ?"

સરયુ પિતાના આ પ્રશ્નના ઉત્તરમા કેવળ હસીજ મૌન અને મંદહાસ્ય એટલે શુ ? આવી શરમાળતા ! એનો અર્થ સ્વીકૃતિની નિશાની !

સરયુ અને ભાનુ ઉભય નવ-વિવાહીત દંપતી-યુગલ સરોજને પગે પડયુ "બેટા ! અખંડ સૌભાગ્યવતિ ભવ !" માતાએ પુત્રીને શુભાશિષ દઇ પાસામા દાબી

આ માંગલિક પ્રસંગ બદમાશની લોહીલોહાણ લાસ પણ જોઇ રહી હતી તેની નાડી મંદ મંદ ચાલી રહી હતી છેવટની ઘડીએ મરનારની ઇન્દ્રીયો ચચળ થાય છે, તેમ મોહનની પણ વાચા જરા જરા ખુલી બધા તેની પાસે દોડી ગયા તે પ્રાણ છોડતા છોડતા બોલ્યો

"શુ શુ લાભસિંહ "

બ્હારવટીઓ તેની છેક પાસે ગયો "મોહન ! શુ કહે છે ?"

' સરોજ ! ત ત મા રી સરોજ. દેવી પવિત્ર છે; નિર્દોષ છે હુજ પાપી છુ "

તે ગયો બ્હારવટીઆના દીલની શંકા તે મરતા મરતા છેવટની ઘડીએ સ્વમુખે દૂર કરતો ગયો ગમે તેવો પાપાત્મા છતા તેના આ કરૂણ દયાળુ મ્હોત ઉપર બધાએ બે આસુ પાડ્યા

પુષ્પ:—૨૨મું.

"સ્નેહીને ખાતર!"

સ્નેહ-સરોવરને આરે ખુલ્લા ચોગાનમા આજે પ્રભાતે વ્હારવટીઓ ગુલાબસિંહ, સરોજ, સરોવરની સુન્દરી સરયુ, ડિટેકટીવ ભાનુ-પ્રસાદ, મનુકુમાર અને રાજકુવરી ભાનુમતી ભેગા મળેલા છે મોહનને છેવટના અગ્નિ-સસ્કાર કર્યા પછી ભાનુ જાતેજ ભાનુમતીને અત્રે તેડી લાવ્યો હતો પોતાની પાસેનુ ફૂલ અત્યારે ભાનુમતીને અને પ્રભાતનુ ખીલેલુ તાજુ ગુલાબ સરોવરની સુન્દરીને અબોડે શોભી રહ્યા હતા સરયુ તથા સરોજની સાથે રાજકુવરી ભાનુમતીને પણ આજે પ્રભાતે સ્નેહ-સરોવરમા સ્નાન કરવાનુ સદ્દભાગ્ય પ્રાપ્ત થયુ હતુ.

સમય થતા સર્વ મડળ ગોઠવાઇ ગયુ વીરા અર્થાત્ ડિટેકટીવ ભાનુએ પોતાના જીવન-ઇતિહાસના પૂર્વના પાનાઓ ઉકેલવા શરૂ કર્યા.

"જોકે મ્હારો ઇતિહાસ મહુજ લાબો હોઇ તેના ઉપર એક સ્વતત્ર નવલકથા લખાય એમ છે, છતા હુ તે અત્યત સક્ષેપમા કહી બતાવુ છુ જેથી કોઇએ કોઇ જાતની એમા શકા લાવવી યોગ્ય નથી કારણકે વૃત્તાતનો મુખ્ય અને ઉપયોગી ભાગજ હુ આપ સમક્ષ વર્ણવા માગુ છુ.

આજથી લગભગ દશ વર્ષની વાત છે, કે જ્યારે મ્હારી ઉમર કેવળ બાર-તેર વર્ષની હતી યુવરાજ મનુકુમાર પદરની વયના હતા. મ્હારા પિતાશ્રી રાજ્યના દિવાન હતા મ્હારો અને કુવરનો અભ્યાસ-ક્રમ એકજ નિશાળમા અને એકીસાથે ચાલતો હતો. અર્થાત અમારા બેઉ વચ્ચે ગાઢી મિત્રાચારી હતી

તેજ વખતે અમારી સાથે મિત્રતાનો ગાઢ દાવો કરનાર એક ત્રીજી મૂર્તિ હતી, અને તેનુ નામ "મોહનલાલ" રાજપુરના નગર શેઠનો એ એકનો એક પુત્ર હતો

સમય જતા અમારા ત્રણેનો અભ્યાસ પૂરો થયો મ્હે ડિટેકટીવ લાઇન લીધી, જ્યારે યુવરાજે શસ્ત્રવિદ્યાની માહીતી મેળવવા માડી મોહનને મેના નામની એક અતિ રૂપાળી બ્હેન હતી વારવાર મોહનને ત્યા જતા યુવરાજ મનુકુમારની આંખો તેના ઉપર ઠરી તેઓ એને ચ્હાવા લાગ્યા

પરિણામ એ આવ્યુ કે યુવરાજ તેમના પિતાના અવસાન પછી ગાદીએ બેઠા, ત્યારે તેમણે મોહનની સમતીથી મેના સાથે લગ્ન કરી દીધા આ વખતે મ્હારા અને મોહનના માતપિતા આ સસારથી વિદાય લઇ ચૂકયા હતા મનુનો અત્યાગ્રહ છતા મ્હે મ્હારા પિતાની દીવાનની જગ્યા ન સ્વિકારી હુ તો રાજ્યના ન્હાના ન્હાના છૂપા કેસો પકડવામાજ પડયો

મોહનને પિતાના મરણથી લાખોની મિલ્કત મળી તે અધોગતિને પથે ઉતર્યો જતે દિવસે વેશ્યાગામી અને છાકટો થયો મ્હારી અને યુવરાજની મિત્રતા હવે તેની સાથેથી ઘટવા લાગી એકવાર હદબ્હાર દારૂ પીને તે યુવરાજને ત્યા ગયો પોતાની બ્હેનને તેણે યુવરાજને સમજાવી મ્હને દૂર કરાવવા સમજાવી કારણ હુ તેની આ નીચ ચાલ-ચલગત માટે તેને અત્યત ધિક્કારતો હતો

યુવરાજે જ્યારે મોહનની વાત કાન ઉપર ન નાખી, ત્યારે મોહન મ્હારી સાથે યુવરાજનો પણ ઘાટ ઘડવા તૈયાર થયો પોતાની બ્હેનને ઉંધુચત્તુ સમજાવી તેણે યુવરાજને ઝેર આપવાનુ નક્કી કર્યું આ વખતે હુ રાજપુરની પ્રજાનો માનીતો ડિટેકટીવ થઇ પડયો હતો

મ્હારે તે મોહનના આ પ્રપંચની બાતમી આવી ગઈ ચાહના પ્યાલામાં ઝેરની પડીકી નાખતી મેનાને મ્હે યુવરાજ સમક્ષ પકડી પોગળ ખુલી ગયું, અને મ્હારા કહેવાથી યુવરાજે મહારાણી મેનાનો તે દિવસથી ત્યાગ કર્યો

બીજેજ દિવસે યુવરાજ મનુકુમાર શિકારે ગયા બે ત્રણ દિવસ થયા છતા તેઓ પાછાજ ન આવ્યા મંત્રી તથા અન્ય સરદારો આથી અત્યન્ત ચિન્તાતુર થયા રાજસેવકોને ખબર કાઢવા મોકલ્યા તેઓ જંગલમાંથી રાજકુમારના લોહીવાળા કપડા લઈ આવ્યા સિંહની ગુફા પાસેથી મળી આવેલા કપડા ઉપરથી લોકોએ યુવરાજને સિંહે ફાડી ખાધા, એમ માની લીધું બે દિવસ શોક પાળી તેઓએ યુવરાજના ન્હાના બંધુને ગાદીએ બેસાડયો

દુનિયા ઝુકતી હય, ઝુકાનેવાલે ચાહીએ આ આમ બની શકે કે કેમ ? એટલો વિચાર પણ થોડાજ કરે છે યુવરાજનું ખુન નથી થયું ? એમ ઘણા જણને મ્હે સમજાવ્યું પરંતુ કોઈએ તત્ ડીનો સૂર કાને ન ધર્યો છતા હું ન ડર્યો મોહન ઉપર શક ગયો, તેથી મ્હે એની ખાનગી રીતે તપાસ કરવા માંડી, પરન્તુ રાજપુરમાં મોહન કે એના કોઈનો પત્તો ન લાગ્યો મ્હારી શંકા સજ્જડ થઈ યુવરાજને ગૂમ કરવામાં આ નરાધમ ભાઈ–બ્હેનનોજ હાથ છે, એમ મ્હે ધારી લીધું હું "રાજપુરનો પ્રખ્યાત ડિટેકટીવ ભાનુપ્રસાદ" ગુપચુપ યુવરાજને શોધી લાવવાની પ્રતિજ્ઞા કરી રાજપુર છોડી ગયો

એક વરસ વીતી ગયું પરન્તુ મ્હને કયાંય પણ મોહન–મેનાનો પત્તો લાગ્યો નહિ છતા મ્હે આશા ન છોડી યુવરાજને પ્રાણના ભોગે પણ ખોળી કાઢવા એજ મ્હારો નિશ્ચય હતો તેઓ જીવે છે, એમ

મ્હારૂં હૃદય મ્હને કહેતું હતું એટલામાં એક દિવસ મ્હેં પેપરમાં નીચે પ્રમાણે વાંચ્યું

" યુવરાજ મનુકુમારનું મળી આવેલું હાડપિંજર. "

રાજપુરના પ્રખ્યાત ડિટેકટીવ ભાનુપ્રસાદ કે જે યુવરાજનું ખૂન થયા પછી એકાએક અદ્રશ્ય થયા હતા, તેઓ આજે એક વરસે યુવરાજની ભાળ લઈ પાછા આવ્યા છે એક સિંહની ખાલી ગુફામાં તેમણે ન ઓળખાય એવું હાડપિંજર આણ્યું છે તદુપરાંત યુવરાજના અંગ ઉપરના દાગીનાઓ પણ તેમણે હાજર કર્યાં છે મધુરી અને મોહનનો તેઓને કશો પત્તો લાગ્યો નથી પરંતુ તેમને પણ શોધી કાઢવાની તેઓ આશા આપે છે "

આટલું વાંચતાંજ મારા હાથમાંથી પેપર પડી ગયું મ્હારી એક વરસની ગેરહાજરીથી મોહને મ્હને મુવેલો ધારી આ રસ્તો લીધો મ્હારે બદલે તે પોતેજ " રાજપુરનો ડિટેકટીવ ભાનુ " થઈ પડયો

મ્હેં પણ દેવના નામે આ સાઢીયાને પૂજાવા દીધો વખત આવે ત્યારે વાત ! એ નિશ્ચય કરી હું એ વેશધારી મોહનની પૂંઠે પડયો અંતે મ્હારી કલ્પના સાચી પડી વેશધારી ડિટેકટીવ તે મોહન પોતેજ હતો

રાજપુરને પાદરે કોઈ મધુરી નામની પરદેશી વેશ્યા આવેલી છે, એમ મ્હને બાતમી મળતાંજ હું વેશ બદલી ત્યાં જઈ પહોંચ્યો મ્હારી અત્યંત અજાયબીની અંદર મ્હને માલમ પડયું, કે તે બીજી કોઇ નહિ, પરંતુ મનુની એક વારની પ્રિયતમા અને પેલા બદમાશ મોહનની બ્હેન મેના હતી મધુરીના બદલેલા નામ અને વેશમાં પણ હું તેને જોતાંજ ઓળખી ગયો

"મનુ અહીંજ કારાગ્રહનાસ સેવતો હોવો જોઇએ," એમ મ્હને લાગ્યું અને આ વાતની ખાત્રી કરવા હું એક દિવસ અંધારી રાત્રીએ

બધા હૈ લ્હેરીઓની સાથે સંગીત સાભળી ઘરભેગો ન થતા હું તે રાતે તેજ મકાનમા છૂપાઇ રહ્યો

જ્યારે મધુરી નિદ્રાધીન થઇ ગઇ ત્યારે હુ છૂપી શોધ કરવા લાગ્યો. એટલામા અચાનક મ્હારે કાને એક મંદ રૂદન ધ્વનિ પડયો હુ અવાજની દીશા તરફ ધીરે પગલે ગયો અવાજ બહુજ નીચેથી અને ઉંડાણમાથી આવતો હતો રામનુ નામ લઇ હુ મકાનના એક છૂપા ભોયરામા ઉતર્યો મ્હે ત્યા શુ જોયુ ?

એક કુમકમાટી ભરેલો દેખાવ યુવરાજ મનુને બદિવાન દશામા પેલો નરરાક્ષસ મોહન ચાપખાનો માર મારી રહ્યો હતો હુ સિંહની માફક તેની ઉપર કૂદયો મોહનને બેહોશ કરી મ્હે યુવરાજને છોડવ્યા અમે બને બાળમિત્રો લાબે વખતે એકમેકને ભેટયા મ્હારી પિસ્તોલ મ્હે યુવરાજને આપી, જંગલમા નાસી જવાનુ કહ્યુ તેઓએ દ્વાર બ્હાર પગ મૂકયો, અને હુ જેવો યુવરાજની જગ્યાએ મોહનને બાધી બહાર નીકળવા જતો હતો, તેવેજ પકડાઈ ગયો યુવરાજ મનુની ન્હાસભાગથી જાગી ઉઠેલી મધુરી સેવકો સાથે ત્યા આવી પ્હોચી હતી સ્નેહીને બચાવવા જતા હુ પોતેજ પકડાયો

જ્યારે દુષ્ટ મોહન હોશમા આવ્યો, ત્યારે તેણે પોતાના બે ચાડાળ સેવકને મ્હને જંગલમા લઇ જઇ કત્લ કરવાનો હુકમ આપી દીધો મારાઓ મ્હને જગલમા લઇ ગયા જ્યાથી ગુનાસસિંહ ! તમે આવી મ્હને બચાવી લીધો તમારી આજ્ઞાનુસાર મારાઓને મ્હે મ્હારા કપડા ઉતારી આપ્યા અને તેઓએ બદમાશ મોહનને તે બતાવી મ્હારૂ ખૂન કર્યુ છે, એમ જુઠ્ઠુ કહ્યુ

તે પછી મ્હારૂ ખરૂ નામ છૂપાવી વીરાને વેશે હુ તમારે ત્યા રહ્યો એક વખત આપના કામસર જતા રસ્તામા મ્હને મનુ મળ્યો. મ્હે એને મ્હારો તમામ ઇતિહાસ કહી સભળાવી સલાહ દીધી, કે "હાલ જ્યા સુધી એ વેશધારી ડિટેકટીવ અને તેની બ્હેન ન પકડાય,

ત્યા સુંધી આપણે ગુપ્તજ રહેવુ " તેણે એ કબૂલ કર્યું અને મ્હારા કહેવાથી મનુએ સરિતા તટે ઝુપડુ બાધી છુપે વેશે વેશધારી મોહનની તપાસ કરવા માડી

મનુને શોધવા વેશધારી મોહન મણીપુર આવ્યો, ત્યારે મનુએ ભાનુમતીના મ્હેલના મુખ્ય રક્ષકની નોકરી મેળવી લીધી હતી હવે મ્હને તમારા છૂપા સ્થાનની, અને તમારા જેવા વીરની ભારે ઓથ હતી મ્હે પણ તમારે ત્યા છૂપા વેશે અને છૂપા નામે રહી એ બદમાશને પકડવા પ્રયત્નો શરૂ કર્યા

ત્યારબાદ માતુશ્રી સરોજને પાણીમાથી બચાવી મ્હે મનુનેજ તેના ઝુપડામા સોપ્યા આજ મ્હારો ઇતિહાસ મ્હારૂ ધારેલુ કામ આજે પૂર્ણ થયુ છે આવતી કાલે યુવરાજ મનુ અને હુ, અમે અમારા અસલ નામઠામમા રાજપુરની પ્રજા સમક્ષ બ્હાર પડવા ધારીએ છીએ '

વીરાનો ઇતિહાસ અહીં પૂરો થયો બ્હારવટીઓ ગુલાબસિહ તો સ્નેહીને ખાતર ! આટઆટલા ભોગ આપનાર ભાનુની તરફ જોઇજ રહ્યો ખરેખર ! સકટમા સ્હાય થાય એજ સન્મિત્ર ! ભાનુ એવોજ સાચો સ્નેહી હતો

પુષ્પ:—૨૩મું.

" હું બ્હારવટીઓ કેમ થયો ? "

હવે ગુલાબસિહનો વારો હતો પોતાનો ઇતિહાસ કહેતા પ્હેલા તે બોલ્યો " ભાનુ ! ત્હારી માફક મ્હારો ઇતિહાસ બહુ લાબો નથી, પરન્તુ હૃદયવિદારક વધુ છે "

"હુ બ્હારવટીઓ કેમ થયો ?" એનો જવાબ એકજ છે

"જગતના નિર્દય શ્રીમાનોને લઇને ! સત્તાધીશોને લઇને !"

જ્યારે હુ સોળથી સત્તર વર્ષનો યુવાન હતો, ત્યારે મ્હારા માતા પિતા વીરપુરની જમીનદારીમાથી લીલાલ્હેર કરતા હતા વીરપુરમા એક અમારાથી ઉતરતા શ્રીમાનની કન્યા સાથે મ્હારા પિતાએ મ્હારા લગ્ન કરવાની ના પાડી, તેથી તે અમારો શત્રુ બન્યો પેટનો બળ્યો ગામ બાળે !- એ સુત્રાનુસાર જ્યારે તેનુ પોતાનુ તો કાઇ અમારી સાથે ન ફાવ્યુ, ત્યારે તેણે ગામની ખડણી ઉઘરાવવા આવતા સુલ્તાનના સુબાને જઇ અમારી વિરૂદ્ધમા ભભેરણી કરી સુબો તુર્તજ મ્હારા પિતાના ગામમા આવી પ્હોચ્યો અમે એમની થાય એટલી પરોણાચાકરી કરી

તે પછી દુશ્મનના ભમાવેલા સુબાએ વાત છેડી,' જમીનદાર મહાશય ! મ્હે એવુ સાભળ્યુ છે, કે હવે તમારા ગામની આવક વધી છે, તો આવતે વર્ષથી તમારે ખડણી પણ દોઢી ભરવી પડશે "

મ્હારા પિતાજીએ આ વાતનો ઇન્કાર કર્યો આ ગરમાગરમ તકરાર ચાલતી હતી, એટલામા મ્હારી ચૌદ વર્ષની રૂપાળી બ્હેન "વીરમતી !" કઇ કામ પ્રસગે ત્યા આવી અમે રજપૂત રહ્યા એટલે ઘુઘટનો રીવાજ તો સ્વાભાવિકજ હોય ! પણ મ્હારી બ્હેનને સુબો આ ઓરડામા હશે ! એની ખબર ન હતી, એટલે એ ખુલ્લે વદને આવી લાગી વિષયી સુબાની નજર તેના ચદ્રવદન ઉપર પડી ગઈ તે ચોકયો

એકાન્તમા તેણે ધીરે રહી મ્હારી કુમારી બ્હેનની માગણી મ્હારા પિતાની પાસે કરી પછી શુ પૂછવુ ? રજપૂત બચ્ચાનુ લોહી એક વિષયાધ મુસલમાનની આવી નીચ માગણી સાભળીને ઉકળ્યા વગર રહે કે ? તેમણે સમશેર મ્યાનમુકત કરી સુબાને દ્વાર બ્હાર જવા ફરમાવ્યુ

આ અપમાનનો જવાબ અમને શું મળશે ? એનું અમને આગળથી ખબરજ હતી આવતી આપત્તીને સહવા અમે કમ્મર કસી તૈયાર થયા હતા એટલામા સુબો સુલ્તાનનો જમીન જપ્ત કરવાનો પરવાનો, અને સિપાઇઓ સાથે આવી પહોચ્યો મ્હારા પિતા તેની સ્હામુ થયા, અને તેમાજ વીરગતિ પામ્યા પિતાજીના આકરા સોગ દે હું મ્હારી માતા તથા યુવાન બ્હેનનુ રક્ષણ કરવા તેમને લઇ ગામ બ્હાર ન્હાઠો પરન્તુ સુબાના માણસો મ્હારી બ્હેનની પૂઠે પડયા. મ્હને ઘાયલ કરી તેઓ મ્હારી બ્હેનને ઉચકી ગયા

જંગલમા એક ઝાડ તળે મ્હે મ્હારી વૃધ માતાને ઇશ્વરને ભરોસે સુવડાવી બ્હેનને બચાવવા હુલથડતો છતા પાછો ગામમા દોડયો ગામના લોકો મ્હારા પિતાની આવી કફોડી સ્થિતિ કરવા માટે સુબા અને તેના માણસોની સ્હામા થયા હતા મત્તાધીશ સુબાએ આખા ગામને આગ લગાડી હતી ચારે બાજુથી બળતા ગામલોકોના ઝુંપડાઓને હુ બળતે જીગરે જોઇ રહ્યો એટલામા મ્હારી નજર સુબા અને તેના માણસો ઉપર પડી તેમના હાથમા મ્હારી બ્હેન હતી સુબો ગામને ઉજ્જડ કરી પાછો ફરી રહ્યો હતો હુ પણ એની પૂઠે પડયો

અધંકાર રાત્રિ પડવાથી સુબાના માણસોએ જંગલમા તંબુ ઠોકયો, અને જ્યારે રાત્રને વખતે સુબાએ મ્હારી બ્હેન ઉપર બળાત્કાર કરવો શરૂ કર્યો, ત્યારેજ ઝનુની એવો હુ ત્યા જઇ ચઢયો સુબાની ગરદન પકડી મ્હે તેને નીચે નાખ્યો તેનુ જ કાતીલ ખંજર તેના પેટમા ખોસી દીધુ પછી હુ ફર્યો પરન્તુ મ્હે શુ દીઠુ ? મ્હારી બ્હેન ત્યા ચત્તીપાટ પડેલી હતી હાય ! હુ અભાગી નખનમર ન્હોતો આવી ચૂક્યો મ્હારી બ્હેનનુ શિયળધન તે નરાધમ સત્તાધીશથી લૂટાઇ ચૂક્યુ હતુ. ભ્રષ્ટ બગીનીને લઇ હુ લાગલોજ ગતોરાત સુલ્તાન સમક્ષ દોડયો.

સુલતાને મ્હે આ ઘોર અત્યાચારની ફરિયાદ કરી એટલામાં ત્યાં સુબાના સિપાઇઓ સુબાની લાશ લઇ આવી લાગ્યા

વિષયાંધ સત્તાધીશ સુલતાનની નજર પણ મ્હારી બ્હેનના સૌન્દર્ય ઉપર ઠરી ગઇ તેણે મ્હને એકાન્તમાં બોલાવ્યો પછી કહ્યું

"ગુલામસિંહ! એકજ શર્તે ત્હને થયેલો તમામ અન્યાય હું પાછો ભરપાઇ કરી દેવા તૈયાર છું અને હવે આ ત્હારી ભ્રષ્ટ થયેલ બ્હેનને તું મ્હારા જનાનામાં મોકલી દે"

આથી વધુ હું ન સાંભળી શક્યો મ્હે તેજ વખતે સુલતાનના કપાળમાં બળપૂર્વક એક મુક્કી ઠોકી દીધી સુલતાનની આજ્ઞાથી મ્હને કેદ કરવામાં આવ્યો

બીજેજ દિવસે મ્હે સાંભળ્યું કે મ્હારી બ્હેને મ્હારા છૂટકારા બદલ સુલતાન સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું છે અરેરે! આ બ્હેન! કે જેને માટે મ્હે આટઆટલું કર્યું? કુળકલંકીની એ બ્હેનનું લોહી પીવા હું અધીરો બન્યો મ્હને શર્ત મુજબ જેલમાંથી છૂટો કરવામાં આવ્યો પણ હું કયાંય ગયો નહી એક વખત એ રજપૂતાણીની કૂખ લજાવનાર પાપીનીને ઠાર કરવી, પછીજ જવું, એવા દૃઢ નિશ્ચયથી મ્હે સુલતાનને મ્હારી બ્હેન સાથે છેલ્લી મુલાકાત કરાવવા વિનવ્યો મ્હારી અરજી સ્વીકારાઇ હું જનાનામાં ગયો ત્યાં મ્હારી બ્હેન સુલતાનની બેગમના ઠાઠમાં બાંદીઓ વચ્ચે મશરૂના ગલીચા ઉપર પડેલી હતી બાંદીઓને વિદાય કરી, તેણે મ્હારી તરફ જોયું મ્હને જોતાજ તે બોલી, "આવ! ભાઇ! બેસ"

પણ મ્હે આ કલંકીની સ્હામું જોયું શુધ્ધાં નહી ઉભા રહેતાજ મ્હેં કહ્યું, "વીરમતિ! પાપીની! તને આ શું સૂઝયું?"

"ભાઈ!" તે બોલી, "તું એમ ધારે છે કે, હું સુલતાનની

બેગમ થઇને રહીશ ? ના ના જેવો તું રજપૂતનો દીકરો છે, તેવી જ હું પણ રજપૂતાણીનું દૂધ ધાવેલી છું ”

“ તો પછી આ બધું શું ? ”

‘ ત્હારી મૂક્તિને માટે પ્રપંચ ”

એટલું કહી તે ઉભી થઇ ગઇ ઝનૂનભેર તેણે પોતાની સાડી માંથી ચળકતી કટારી ખેંચી કાઢી જોતજોતામાં પેટમાં હુલાવી દીધી હું જોતોજ રહ્યો લોહીના ધોધમાં રંગાઇ બ્હેન ત્યાંજ—મ્હારી નજર આગળજ શબ તુલ્ય થઇ પડી

બ્હેનની આ હિંમત જોઇને હું મુગ્ધ થયો છેવટના બે આંસુ પાડી હું સત્વર ત્યાંથી નાઠો

જ્યારે જંગલમાં આવ્યો, ત્યારે ઝાડ નીચે મ્હારી મૃત માતાનું શબ પડેલું હતું હું રડી પડયો દુનિયાથી કંટાળ્યો, અને છેવટ આપઘાતનો નિશ્ચય કરી ડુંગર ઉપર આવ્યો ત્યાં એકાએક એક યોગી પુરૂષે મ્હને અટકાવ્યો

તેણે મ્હારો હાથ જોયો તે બોલ્યા, “ વત્સ ! ત્હારા હાથમાં રાજચિહ્ન છે એટલે તું ભવિષ્યમાં રાજા થશે ત્હારા ભાગ્યમાં હજુ પંદર વરસ પર્યંત જંગલમાં ભટકવાનું છે તે માટે તું આપઘાત કરવો છોડી દઇ બ્હારવટીયું ખેડ ! પણ આટલી શર્તે ! ગરીબોની ગરદન ઉપર છુરી મૂકી પૈસાદાર થનારને ત્હારે લૂટવા ! પણ તેજ ધનથી ગરીબોને પોષવા ! બ્હારવટીઓ બનજે, છતાં પવિત્ર, દયાળુ અને પરોપકારી રહેજે ! દુખીને જોઇ ત્હારો આ વખત હંમેશાં સંભારજે ”

તેમના એ ઉપદેશ અનુસાર હું બ્હારવટીઓ બન્યો તે પછી ચારેક વર્ષે એક ઝુંપડામાં એજ યોગીરાજ મૃત્યુ શય્યા પર પડયા હતા તેમણે મરતા મરતા આ સદ્‌ગુણી કન્યારત્ન સરોજ મ્હારા હાથમાં સોંપ્યું જે વખતે એ આશરે પંદર વર્ષની હશે આ

યક્ષ-ભુવન પણ તેમણેજ બતાવ્યું તે પછી હું સરોજને લઇ અહીં રહ્યો સરયુના જન્મ થયા પછી અગીઆર વરસે ભાનુ ! ત્હને મ્હેં બચાવ્યો " તેર વર્ષની સરયુને છોડી એની માતા પાણીમાં પડેલી, જ્યારે મ્હારી વય પૂરી છત્રીસની હતી

"ત્યારે દેવી યોગીરાજને ક્યાથી મળ્યા ?" ભાનુએ સવાલ કર્યો

"તે એને પોતાનેજ પૂછી જો" ગુલાબસિંહે કહ્યું

"ભાનુ !" સરોજ બોલી એ હું પોતે પણ નથી જાણતી જેમ એ બાબત મ્હેં મ્હારા પિતશ્રીને (યોગીને) કોઇ દિવસ નથી પૂછી, તેમ એમણે પણ મ્હને એ નથી કહી કેવળ હું એટલું જાણું છું, કે યોગીદેવ મ્હારા પાલક પિતા હતા તેમણે મ્હને બે વર્ષની ન્હાની વયમાંથી પાળીને ચૌદ વર્ષની કરી હતી"

"ત્યારે તમારા માબાપ વગેરે કોણ ? એ તમે કશુંજ જાણતા નથી ?"

"ના !"

"કેવું આશ્ચર્ય ?"

પુષ્પઃ—૨૪મું.

"છેવટ અને ઉપસંહાર"

(૧) પુષ્પ -૮ મામા ભામિનીએ મધુરીના કાનમાં કહેલા શબ્દો. "હુંજ તારો ભાઇ મોહન ઉર્ફે ડિટેકટીવ ભાનુ" હતા

(૨) મનુકુમાર તથા ડિટેકટીવ ભાનુ પોતાના ખરા નામઠામમાં પ્રકાશમાં આવ્યા ભાનુમતી મનુકુમારને વરી, રાજપુર સિધાવી. મનુએ રાજપુરની ગાદી બોભાવી

(૩) ભાનુમતી તથા ભાનુચંદ્રના અત્યાગ્રહે પેલા યોગિમહાત્માની ભવિષ્યવાણી સાચી પાડવા બહારવટીઓ ગુલાબસિંહ મણીપુરના મહારાજાના પદે બિરાજ્યો, જ્યારે સરોજ! મણીપુરની મહારાણી બની

(૪) સરોવરની સુન્દરી સરયુ અને ડિટેકટીવ ભાનુપ્રસાદના લગ્ન ધામધુમથી થયા ગુલાબસિંહે કન્યાદાનમા સ્નેહ-સરોવર અને યક્ષ-ભુવન સરયુને આપ્યા સરયુ તથા ભાનુએ ત્યાંજ નિવાસસ્થાન રાખી સ્નેહ-સરોવરની મઝા જીવનભર ચાખી

(૫) રાજ્યગાદી મળતાજ પિતા તથા બ્હેનનુ વેર વાળવા ગુલાબસિંહે વીરપુર ઉપર ચઢાઇ કરી રાજપુરથી પણ મદદ આવી પ્હોચી. સુલતાન મરાયો અને એ ગાદી અંતે ગુલાબસિંહના અત્યાગ્રહે ભાનુએ ભોગવી

વાચક! તુ પણ આ કાલ્પનિક ગુલાબના ફૂલને ત્હારા હૃદય-સરોવરમા રોપાવી, કોઈ સરોવરની સુન્દરી મળે તો તેની પાસે તોડાવી, સ્વપ્નમાજ સુંઘજે! અને હમેશ આ વાર્તા સંભારજે! અસ્તુ.

— સમાપ્ત. —

મુદ્રણાલય—"શ્રી અનાવીલ બન્ધુ પ્રીન્ટીંગ પ્રેસ.
મુદ્રક—ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક
મુદ્રણસ્થાન—ભાજીવાળીપોળ-બરાનપુરી ભાગોળ-સુરત
પ્રકાશક—હરીલાલ જીવણલાલ ઠક્કર
"શ્રી નવજીવન પુસ્તકાલય" ટાવરરોડ શ્રી કૃષ્ણ સીનેમાની બાજુમાં-સુરત

[illegible] લબો.

(સામાજીક નવલકથા)



પરણવું પ્રીત વિણ એથી ! પ્રભુની વાટ છે વ્હાલી,
પરસ્પર પ્રમને ખાતર ! પિવાતી ઝેરની પ્યાલી

ખાતર ઝેરની પ્યાલી વ્હાલી ગણો કે આ
[illegible] આરિમાની આ આનુભની
જેને પને તમે [illegible] વગેરે
શ્રી નવજીવન પુસ્તકાલય

વિનાશ

ક્કર હરીલાલ જીવણલાલ બુકસેલર



નો સર્વ નાશ. પૃ

" માત્ર રૂપીયો દોઢ પોસ્ટેજ